પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર


## ॥ ૨૭ ॥

॥ ॐ अर्हं नमः ॥ नमो वीयरागाय ॥




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

ॐ

ॐ नमः ।

ॐ ह्रीं नमः ।

ॐ ह्रीं श्रीं नमः ।

ॐ ह्रीं श्रीं क्लीं नमः ।

ॐ ह्रीं श्रीं क्लीं ऐं नमः ।

ॐ ह्रीं श्रीं क्लीं ऐं अर्हं नमः ।

ॐ ह्रीं श्रीं क्लीं ऐं अर्हं धरणेन्द्र पद्मावती-

सहिताय श्री संखेश्वर पार्श्वनाथाय नमः ।

ॐ ~~~~~~~~~~ नमः ~~~~~~~~~~ सिद्धं ।

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૨૭ ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

- **HASTAKSHAR NU AKSHAY PATRA**

  Personal Diaries comprising of Divine everyday thoughts,
  musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

- **VOLUME - 27**

  January 2020
  300 Copies / 224 Pages
  For Private Circulation only.

---

- **PUBLISHER**

  © Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
  Mumbai / Rajkot

  team@mindfiesta.com

---

- **SPONSOR**

  Shri C. K. Mehta
  Mumbai

---

- **ENHANCED & DESIGNED BY**

  Bharti Deepak Mehta
  Fiesta Studios
  Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
  bharti@mindfiesta.com
  +91 98252 15500

- **eBOOKS AVAILABLE AT**

  www.bhadrankar.com
  www.navkarday.com
  Amazon Kindle


---

- **SHRI AARADHNA DHAM JAIN TIRTH**


  C/o Shri Sudhirbhai Pandya,
  'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
  Jamkhambhaliya - 361305.
  (Dist: Devbhumi Dwarka)
  +91 2833 - 254156


- **ખાસ વિજ્ઞપ્તિ**

  ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા
  ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ
  પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો
  પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



# આરાધનાનો માર્ગ એટલે ખમવું, દમવું અને શમવું...



ગ્રીષ્મઋતુની સવારે પૂજ્ય પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી મહારાજ પાસે ઉભો હતો અને પૂજ્ય દાદાગુરૂમહારાજની ડાયરીઓની વાત નીકળતાં મેં કહ્યુંઃ ''સાહેબે અનુપ્રેક્ષા ભરપૂર નાની-મોટી ૨૨૪ ડાયરીઓ સાથે હજારો પત્રો લખ્યા, વ્યાખ્યાન-વાચનામાં પ્રસંગાનુસાર પ્રવચનો આપ્યા તથા જિજ્ઞાષુ સાધકોને સાધના અને અધ્યાત્મમાર્ગે પ્રવેશ માટેની જ્ઞાનગોષ્ઠિઓ પણ કલાકો સુધી કરી! કમાલ કમાલ! ત્યારે પૂજ્ય પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી મહારાજ બોલ્યાઃ 'સાહેબજી એક ક્ષણ પણ પ્રમાદ ન'તા કરતા. સદા અપ્રમત હતાં અને એટલે જ સાચા યોગીપુરૂષ હતાં. એક જ જન્મમાં જીવ ધારે તો અમાપ કાર્ય કરી શકે છે, તેનું ઉત્તમ ઉદાહરણ એટલે તેઓશ્રી.'

જેઓને ૧૨૦૦-૧૨૦૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ સહજ ભાવે રોજ કરવાનો હોય અને ધીરે ધીરે નવકાર મહામંત્રનો અજપાજપ તો ચાલુ જ હોય! આવા પૂજ્યશ્રીએ નમસ્કાર મહામંત્રનું ચિંતન-મનન કરતાં જે અનુપ્રેક્ષાત્મક ભાવો પ્રગટ કર્યા, તેમાં અત્યંત મહત્વના ચિંતન ચૈત્ર વદી પાંચમના રોજ દેલવાડા-આબુમાં થયેલ, તે આજે ય ખૂબ પ્રસ્તુત છેઃ 'ખમવું, દમવું અને શમવું - એ ત્રણ ક્રિયાઓ મળીને આરાધનાનો માર્ગ બને છે. ખમવાની ક્રિયા સર્વ જીવો સાથે બગડેલા સંબંધ સુધારે, દમવાની ક્રિયા ઈન્દ્રિય-મન-યોગ-ઉપયોગના ઉન્માર્ગગમનને કાબુમાં લાવે તથા શમવાની ક્રિયાથી વિશ્વના જીવો સાથે અનુકૂળ સંબંધ બાંધવાની પ્રક્રિયા થાય. પહેલી અને છેલ્લી ક્રિયાનું આલંબન સર્વ જીવો છે, વચલી ક્રિયા માટે આલંબન પંચપરમેષ્ઠિ ભગવંતો અથવા સર્વ ગુણીજનો છે અને ઈન્દ્રિય-મન-યોગ-ઉપયોગને તેઓનાં ચિંતન, મનન, સ્મરણ, ધ્યાન, પૂજનાદિ ક્રિયામાં જોડવાથી દમનક્રિયા સિદ્ધ થાય છે.'

'દુષ્કૃતગર્હા એટલે અનાદિ સહજમલની ગર્હા. સુકૃતાનુમોદના એટલે સ્વભિન્ન સર્વના ઉપકારનું કૃતજ્ઞભાવે સ્મરણ. દુષ્કૃતમાત્ર સહજમલના જોરે થાય છે, તેથી તેની સતત નિંદા-ગર્હા રહેવી જોઈએ. સહજમલથી બંધાયેલા પોતાના જીવની અયોગ્યતાનું સ્મરણ ક્ષણવાર પણ ભૂલાવું ન જોઈએ. અયોગ્યતાના સતત સ્મરણથી ભૂલ વખતે અન્ય ઉપર કોપ થવાનું કારણ જ રહેતું નથી. એ રીતે પર વડે થઈ રહેલા સતત ઉપકારના સ્મરણથી કૃતજ્ઞતાભાવ જળવાય, અહંકારમાત્રનું બીજ બળી જાય અને એ જ સાચો નમસ્કાર છે. પોતાની અયોગ્યતાની ગર્હા તથા બીજાના ગુણનું અનુમોદન એ જ નમસ્કારભાવનું બીજ છે.'

આવા અદ્ભૂત ચિંતનોએ તો અનેક સાધકોનાં મનને આજે શુભભાવની ધારામાં સતત વ્હેતાં કરી દીધા છે. ઉત્તમ આરાધકો-સાધકો-પૂજ્યો અત્યારે આ વોલ્યુમોને જ ચિંતન માટેના મુખ્ય ગ્રંથ તરીકે વાંચન કરે છે. થોડા દિવસ પહેલાં મળેલ એક મહાત્માનાં પત્રમાં હૈયાના ઉદ્ગારો હતા કેઃ 'પંન્યાસજી ભગવંતનો આત્મા કેવો તો મહાન હશે કે તેમના હૃદયમાં જીવમાત્રની હિતચિંતાના જ ભાવો વ્યક્ત થાય છે.' પત્રમાં આ વાંચ્યુ ત્યાં જ પૂજ્યશ્રીની ડાયરીમાં વાંચવામાં આવ્યું કેઃ 'જીવના હિતચિંતાની ગૌણતાવાળા જીવનમાં જિનેશ્વર ભગવાન પ્રત્યે પૂજ્યભાવ ટકતો નથી. દેવાધિદેવની તારકતાનો સંબંધ જીવના સંબંધે જ થાય છે.'

આવા ચિંતનોનો અદ્ભૂત ખજાનો પામવા સદ્ભાગી બન્યા છીએ તેમાં સાહેબજીના પરમ ભક્તશ્રાવક **સી.કે.મહેતા**ની પરમ આર્થિક ઉદારતાને મુખ્યત્વે યાદ કરવી પડે અને આવા તત્ત્વચિંતનોને સલૂણા ગ્રંથસ્વરૂપે જે નિયમિતપણે પામી શકીએ છીએ, તેમાં અમારા રાજકોટનાં શ્રાવકરત્ન શશીકાંતભાઈ મહેતાના પુત્રવધુ **ભારતીબેન દિપકભાઈ મહેતા**ની નિશ-દિનની મહેનતને પણ કેમ વિસરાય?

આ ચિંતનરત્નોને આચરણમાં અવધારીને આપણે સૌ પરમ પૂજ્ય સાહેબજીનાં ઋણમાંથી અંશતઃ વિમુક્ત બની શકીએ, એવા હૃદયોદ્ગાર સહ પ્રાર્થના!

જાન્યુઆરી, ૨૦૨૦

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.









શુદ્ધ સ્ફટિકરૂપાયૈ સૂક્ષ્મરૂપે નમો નમઃ ।
શબ્દબ્રહ્મિ ચતુર્હસ્તે સર્વ સિદ્ધ્યૈ નમો નમઃ ॥

૨૦ એપ્રિલ, ચૈત્ર વદ - ૫, રવિવાર

મુંડસ્થલ મંડન મહાવીર પરમાત્માના સાંનિધ્યમાં
દેવ - ગુરુ - ધર્મની મહાકૃપાએ ઉત્કૃષ્ટ
'ૐ અર્હં નમઃ' મંત્ર વડે
સમ્યગ્દર્શનની શુદ્ધિ થઈ છે.
જીવનપર્યંતની મારી સાધના પછી
'મારા માટે'નો અર્થ
હું 'જીવમાત્રને માટે' સમજ્યો છું.
વળી
જે ફક્ત પોતાના જ જીવનના રક્ષણ માટે
ચિન્તા કરતો રહેશે એ જીવનને ખોઈ બેસશે, કિન્તુ
જે પોતાના જીવનને ઈશ્વર ખાતર ન્યોછાવર કરશે,
તેનું રક્ષણ સ્વાભાવિક રીતે આપોઆપ થતું રહેશે.
વળી પ્રભુએ કહેલું છે કે : 'તમે ચિંતામણિ છો, કેમકે
જેનું, જે સદ્વસ્તુનું તમે તમારા મનમાં ચિન્તન કરશો,
તેને તમારા આત્મામાં પ્રગટાવવાનું
પૂર્ણ સામર્થ્ય તમારામાં જ છે.
તમારા સામર્થ્યની આડે આવનાર
તમારા વિના અન્ય કોઈ જ નથી, તેની ખાત્રી રાખો.'

## પ્રથમ આત્મદર્શન - આત્મઅનુભવ

આત્માને સમ્યક્ પ્રકારે અને તે જે રીતે છે તે રીતે,
તેના મૂળ સ્વરૂપે ઓળખવો તથા જોવો તે સમ્યગ્દર્શન.
આત્મઅનુભવ અને સમ્યગ્દર્શન એક જ છે.
શુદ્ધ આત્માની પ્રતીતિ પણ તેને જ કહેવાય.
જે સમયે આત્માને સમ્યક્ પ્રકારે જોયો,
તે જ સમયે શ્રદ્ધા સમ્યક્ બની.
અનુભવમાં વિકલ્પ ન રહે.
જ્યાં સુધી આત્માને પ્રત્યક્ષ અનુભવ્યો ન્હોતો,
ત્યાં સુધી શ્રદ્ધા શંકાવાળી હતી.
જ્યારે આત્માને પ્રત્યક્ષ અનુભવ્યો,
પછી જે શ્રદ્ધા થઈ તે નિશ્ચય બની.
અનુભવથી જુદું તથા શ્રદ્ધા જુદી થાય એવું ન બને.
જે સમયે સમ્યગ્દર્શન થયું, આત્માની શુદ્ધ પ્રતીતિ થઈ,
તે સમયે જ્ઞાન જે મિથ્યાત્વવાળું હતું,
તે પલટાઈને સમ્યક્ બન્યું.
આમ સમ્યગ્દર્શન - સમ્યગ્જ્ઞાન બંને સાથે જ થયું.
જો કે વ્યવહારનો સિદ્ધાંત એ છે કે:
પ્રથમ દર્શન અને પછી જ્ઞાન.

## સમ્યગ્દર્શન

સમ્યક્ત્વ અનેક મતે છે, એક મતે નહિ,
માટે મતાગ્રહવાળા મિથ્યાત્વમાં જાય છે.
સમ્યગ્ દ્રષ્ટિને દુઃખ હોય પણ દુર્ધ્યાન ન હોય.
વળી તેઓને સુખ હોય પણ તેનું અભિમાન ન હોય,
સમ્યગ્ દ્રષ્ટિને આત્માના સુખ આગળ
પૌદ્ગલિક સુખની તુચ્છતાનું પણ સતત ભાન હોય.
ઘોર પાપી અને મહાન યોગી - અહ
બંનેનો આત્મા સ્વરૂપે તો સમાન જ છે.
આત્માનુભવમાં વેદન છે પણ વિચાર નહિ.
આત્મજ્ઞાની નિર્જરા કરે - આત્મલક્ષી પુણ્યબંધ પણ કરે.
સમ્યગ્ દર્શન - જ્ઞાન - ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ ।
સમ્યગ્જ્ઞાન થયા પછી આત્માનો
મોક્ષ તરફનો પુરુષાર્થ તે સમ્યક્ ચારિત્ર છે.
તે ત્રણે એકત્ર થવાથી મોક્ષ થાય.

### વ્યવહાર સમ્યગ્દર્શન

દેવ - ગુરુ અને શાસ્ત્ર પ્રત્યે રાગમિશ્રિત ભાવવાળી
(વ્યવહાર સમ્યગ્દર્શનની) સાચી શ્રદ્ધા, તે ઉત્કૃષ્ટ
શુભભાવ. મિથ્યાત્વ અવસ્થામાં પણ આવો ઉત્કૃષ્ટ

શુભભાવ હોઈ શકે અને તેના ભાવે નવગ્રૈવેયકપર્યંત જઈ શકે, પરંતુ નિશ્ચયથી શુદ્ધાત્મામાં - નિર્વિકલ્પ સ્વાનુભૂતિમાં ડૂબકી મારીને સાચો નિર્ણય કરેલો ન હોય અને તે 'શુભભાવથી જ ધર્મ પ્રાપ્ત થઈ જાય છે' એવા સૂક્ષ્મ પણ મિથ્યા માન્યતા મનમાં રહે, તો તે જ મિથ્યાત્વના ઘરની હોવાથી મોક્ષમાં પ્રતિબંધક બને છે.

દેવ - ગુરૂ અને શાસ્ત્ર એ
આત્મનિશ્ચય કરવામાં ઉપકારક સાધનો હોવાથી
તેના પ્રત્યેનો રાગ શુભ ગણાય છે,

પરંતુ તે રાગને જ ધર્મની પૂર્ણાહૂતિ માની લઈને આત્મતત્ત્વને અનુભવવાનો પ્રયાસ કરવામાં ન આવે તો તેટલે ઉંચે આવીને પણ નીચે જ પડવાનું થાય છે. આત્મસ્વભાવની લીનતા જેમ જેમ વધતી જાય છે, તેમ તેમ પરલક્ષ ઘટતું જાય છે અને જીવ શુભમાંથી શુદ્ધ તરફ પ્રયાણ કરતો થઈ જાય છે. એ પ્રયાણ જ તેને મોક્ષરૂપ શુદ્ધાત્માની પ્રાપ્તિનું પરમ કારણ બને છે.

## નિશ્ચય સમ્યગ્દર્શન

દેવ, ગુરૂ અને શાસ્ત્ર ઉપરની શ્રદ્ધા તે વ્યવહાર સમ્યગ્દર્શન છે. આ શ્રદ્ધા રાગયુક્ત અને સ્થિર હોય

છતાં તે પરદ્રવ્યમાં છે. સ્વદ્રવ્યની ઓળખાણ કરવા માટે તે સહાયક છે. જેના આધારે સ્વદ્રવ્યની ઓળખાણ અને અનુભૂતિ થાય છે, તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. પારકાનું સુખ કોઈ આપશે સુખ અનુભવાશે તે અને જાતે જે સુખ અનુભવાશે, તે બે વચ્ચે જે અંતર છે, તે અંતર વ્યવહાર અને નિશ્ચય સમ્યગ્દર્શન વચ્ચે રહેલું છે.

એક સુખના સમુદ્રની આસપાસ ભમે છે,
બીજો સુખસમુદ્રમાં ડૂબકી મારે છે.

નિશ્ચય સમ્યગ્દર્શન = જેવી શ્રદ્ધા તેવી અનુભૂતિ = એક - અખંડ અભેદ આત્માનો એક સમયે અનુભવ.

તેને નિર્વિકલ્પ અનુભૂતિ પણ કહી શકાય.

એ આત્મગુણ છે. ગુણ ગુણીથી જુદો ન હોય.

વ્યવહાર સમ્યગ્દર્શન શુભ આત્મપરિણામરૂપ છે.

તેને તત્ત્વરૂચિ, પ્રશસ્તરાગાદિ શબ્દોથી ય સંબોધી શકાય.

અવિરતિ અને પ્રમાદદોષ છે, ત્યાં સુધી
નિશ્ચય સમ્યગ્દર્શનની અનુભૂતિ આવે અને જાય,
પછીના ગુણસ્થાને તે સ્થિર થાય છે.

વ્યવહાર સમ્યગ્દર્શન = શ્રદ્ધા, જોવું, આત્મજાગૃતિ થવી.

નિશ્ચય સમ્યગ્દર્શન = સમ્યક્ જોવું, સમ્યગ્ભાન થવું, સમ્યગ્જાગૃતિ થવી વગેરે.

દેવ-ગુરુ અને શાસ્ત્રની અચળ શ્રદ્ધા જેને હોય,
તેને નિશ્ચય સમ્યગ્દર્શન હોય નહિ
તેમની શ્રદ્ધા રાગ સહિત અને અવિચળ છે, તો પણ
તે પરદ્રવ્યમાં છે. સ્વદ્રવ્ય હજુ તેણે અનુભવ્યું નથી.
પરદ્રવ્યમાં શ્રદ્ધા તે રાગયુક્ત છે.
અચળ શ્રદ્ધા પણ રાગમિશ્રિત
અને પરદ્રવ્યમાં હોવાથી તે વ્યવહાર સમકીત છે.
તેથી સુખના સમુદ્રની આસપાસ ભમે છે પણ
હજુ તેણે સુખસમુદ્રમાં ડુબકી મારી નથી.
કાંઠા પરના સુખને સમુદ્રનું સુખ માની લેવું તે અજ્ઞાન છે.
જ્યારે સમુદ્રમાં ડુબકી મારી તેના સુખનો અનુભવ કરશે,
ત્યારે કાંઠાનો મોહ આપમેળે છૂટી જશે.
પછી જે શ્રદ્ધા અનુભવાતી હશે તે
નિશ્ચયશ્રદ્ધા, નિર્વિકલ્પ, શંકારહિત શુદ્ધ શ્રદ્ધા કહેવાશે.
પારકાનું સુખ જોઈને જે સુખ થાય તે અને જાતે જે
સુખ આત્મશુદ્ધિ દ્વારા અનુભવે, તે સુખ એક નથી.
ધમ્મં નિરીહેણ કુવેઇ મોખત્થં ।
આત્મશુદ્ધિ એ સંયમજીવનનો પ્રાણ છે.
પરચર્ચા - પરનિંદા સમાન બીજું કોઈ ભયંકર પાપ નથી.

શ્રી સિદ્ધચક્ર મહાપૂજનાવસરે
જે અનુપ્રેક્ષાનો આંતરઉદ્ભવ થયો છે તે:

'નમો' એ આત્મદ્રવ્ય છે. એના આલંબને જ્ઞાનાદિ ગુણો ગુણત્વને પામી શકે છે. 'નમો' રહિત ગુણો ગુણાભાસ છે. અનંતગુણોનો આધાર એવું 'નમો' એ આત્મદ્રવ્ય છે. એના આરાધકો ભિન્ન-ભિન્ન પ્રકારના અનુષ્ઠાનો દ્વારા નમસ્કારભાવની સાધના કરી જ્ઞાનાદિ ગુણોને પ્રગટાવી શકે છે. તે અનુષ્ઠાનોની વિવિધ પ્રક્રિયાઓ એ સઘળા 'નમો'રૂપી આત્મદ્રવ્યના પર્યાયો છે. સર્વ આત્માઓ સ્વરૂપે નમસ્કારરૂપ છે, પરરૂપે અહંકારને વશવર્તી છે. નિગોદાદિનો આત્મા સત્તાગત નમસ્કારરૂપ છતાં આવૃત્ત છે. મુક્તાત્માઓનો નમસ્કાર સ્વરૂપ આત્મા પ્રગટ છે.

'નમસ્કાર એ ચૌદ પૂર્વોનો ઉદ્ધાર અને
જિનશાસનનો સાર' - એ રીતે ઘટી જાય છે.

'નવકાર ૧૪ પૂર્વનો સાર છે' એનો અર્થ છે કે:

પ્રભુમાં મનને જોડવું એ જ સર્વશાસ્ત્રોના અધ્યયનનું ફળ છે. જેવું જાણવાનું જેમ આત્મા માટે છે, તેમ જેવું શાસ્ત્રાધ્યયન પરમાત્માને જાણવા માટે છે. પરમાત્માને જાણવાનું જ નહીં પણ જાણીને આદર કરવાનું સાધન પણ શ્રી નવકાર છે.

(૧) આત્મદ્રવ્ય અરૂપી છે માટે નમસ્કારભાવ અરૂપી છે.
(૨) આત્મગુણ અરૂપી છે માટે પણ તે નમસ્કાર અરૂપી છે.
(૩) આત્મપર્યાય રૂપ નમસ્કાર રૂપારૂપી છે, એટલે કે નમસ્કારભાવ પ્રગટાવનાર અનુષ્ઠાનો ક્રિયાની અપેક્ષાએ રૂપી અને ભાવની અપેક્ષાએ અરૂપી છે.

## સંપ્રજ્ઞાત - અસંપ્રજ્ઞાત

સંપ્રજ્ઞાતયોગ અસંપ્રજ્ઞાતનું કારણ છે.

સંપ્રજ્ઞાત વિતર્કાદિ ૪ પ્રકારનો છે.

એ ચારે પ્રકારોમાં સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ તત્ત્વોનું ચિન્તન છે. પહેલાં પ્રકારમાં સ્થૂલભૂતો, બીજામાં તન્માત્રા, ત્રીજામાં ઇંદ્રિયાદિ સ્કંધો અને ચોથામાં અસ્મિતાનું એકાગ્ર ચિન્તન છે. સંપ્રજ્ઞાતને જ 'સમાપત્તિ' કહે છે. સમાપત્તિનો અર્થ 'બાહ્યવૃત્તિ આદિ સાથે જ સમાયોગ નહિ પણ સાંયોગિક ભૂતાદિ તત્ત્વો સાથે એકાત્મતા-એકાગ્રચિંતન દ્વારા એકતાનો અનુભવ' એવો છે. ચિત્તની સ્થિરતા સંપ્રજ્ઞાતયોગમાં કારણરૂપ છે, પણ પોતે સંપ્રજ્ઞાતરૂપ નથી. સંપ્રજ્ઞાત સમાપત્તિરૂપ છે તથા સમાપત્તિ એકાત્મતારૂપ છે. સ્થિરચિત્ત જ એકાગ્ર થાય.

## ચિત્તની સ્થિરતા - સ્થિતિનાં ૯ આલંબનો

(૧) પ્રણિધાનનું ચિન્તન (૨) એક તત્ત્વનો અભ્યાસ
(૩) મૈત્ર્યાદિ ભાવનાઓ (૪) પ્રચ્છર્દન વિધારણા
(૫) વિષયવતી પ્રવૃત્તિ (૬) જ્યોતિષ્મતી પ્રવૃત્તિ
(૭) વીતરાગ ચિત્તવિષય ચિત્ત
(૮) સ્વપ્ન - નિદ્રાજ્ઞાનનું આલંબન અથવા
(૯) યથાભિમત ધ્યાન.

ચિત્તની સ્થિરતા વિના સંપ્રજ્ઞાત યોગ ન જ સંભવે અર્થાત્ અરૂપી તત્ત્વચિન્તન વડે એકતા ન જ સંભવે. નવકારનું સ્મરણ એ ચિત્તની સ્થિરતાનો ઉપાય છે. સ્થિરતા પ્રાપ્ત થયા પછી જ આગમોક્ત કોઈપણ પદાર્થનું અરૂપી ચિન્તન અને એકતા કરી શકે. તેથી નમસ્કાર પંચમંગળના સ્મરણપૂર્વક જ સ્વાધ્યાય - ધ્યાન વિહિત થયેલું છે. નવકારનું ધ્યાન સ્થિતિપદ - ચિત્તસ્થિરતા માટે થાય છે અને સ્થિર ચિત્તે થયેલો સ્વાધ્યાય જ સમાપત્તિનું અર્થાત્ અરૂપી તત્ત્વચિન્તન વડે એકાત્મ-ભાવનું કારણ બની શકે છે. સ્થિતિપદના પ્રત્યેક ઉપાય આદિ મૈત્ર્યાદિ ચારે ભાવનાઓ નિતાન્ત આવશ્યક છે. પરમેષ્ઠિપંચક ધ્યાનરૂપ જિનોક્ત તત્ત્વનું અરૂપી ચિન્તન અસંપ્રજ્ઞાત યોગનો હેતુ બને છે.

15 April, રોહિડા, આબુ રોડ, રાજસ્થાન

## ધ્યાનની પ્રક્રિયા

જ્ઞાન વસ્તુતંત્ર છે, જ્યારે ધ્યાન પુરુષતંત્ર છે, જે પુરુષના જ્ઞાન, વિશ્વાસ, ઈચ્છા, પ્રયત્ન તથા વિધિવિધાનને અનુસરે છે. જ્યાં આતુરેચ્છા, શ્રદ્ધા તથા એકાગ્રતા હોય, ત્યાં ભાવના પ્રગટે તથા જ્યાં ખરી ભાવના હોય, ત્યાં ધ્યાન, એકાત્મતા અને સમાધિ પ્રગટે છે.

શરીરની અક્રિય અવસ્થા કાયોત્સર્ગથી સધાય છે. મનની નિઃસંકલ્પ અવસ્થા ધ્યાનથી સધાય છે. ઈચ્છા ગ્રહમુક્તિની રાખો તો આશા કર્મથી મુક્તિની બંધાશે. ગ્રહમાંથી મુક્ત થવાની એકમાત્ર ઈચ્છા જ સમર્થ છે અષ્ટકર્મનિર્મુક્ત મોક્ષસુખની આશા આપવાને.

શબ્દબ્રહ્મ એ ચંદ્રના પ્રકાશતુલ્ય છે, જ્યારે પરબ્રહ્મ એ સૂર્યના પ્રકાશ સમોવડ છે.

० यत्कृतेऽष्टापदभ्रान्तिः केवलश्रीः प्रियाऽपि सा ।
गुरुभक्त्या कृता दूरे येन तं स्तौमि गौतमम् ॥१॥
शमेनकलितं रूपं, क्षान्त्या शूरत्वमाश्रितं ।
कृतसात्येन नाथत्वं, ज्ञानं गंभीरतागिरा ॥२॥
- श्री श्रेयांस चरित्रम् (ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

## દુષ્કૃતગર્હા - સુકૃતાનુમોદના - શરણાગમન

(१) अप्रतिहतेयं कर्मानुबन्धापनयने ।

દુષ્કૃતની ગર્હા કરવાથી દુષ્કૃતનો અનુબંધ પડતો નથી તથા ફરીવાર દુષ્કૃત કરવાની વૃત્તિ થતી નથી.

(२) महदेतत्कुशलाशय - निबंधनं ।

સુકૃતનું અનુમોદન કરવાથી સુકૃત કરવાનો અનુબંધ પડે છે, પુનઃ પુનઃ સુકૃત કરવાનો અભિલાષા જાગે છે.

(3) महानयं प्रत्यपाय - परिरक्षणोपायः ।

શરણાગમનની ક્રિયાથી પ્રત્યપાયોથી રક્ષણ થાય છે. તેથી વિઘ્નોની સામે રક્ષણ કરવાનો તે મહાન ઉપાય છે.

'શરણાગમન'નો અર્થ છે: સર્વ ભાવે અને સર્વ સમર્પણથી થતી મન - વચન - કાયાની ક્રિયા.

દુષ્કૃતને દુષ્કૃત માનવાથી દુષ્કૃતનું બળ ઘટે છે.

સુકૃતને સુકૃત માનવાથી સુકૃતનું બળ વધે છે.

'દુઃખ એ દુઃખ નથી, પણ ઉન્નતિની નિસરણી ઉપર ચઢવાનું પગથિયું છે.' આ વિચારથી દુઃખ એ દુઃખ રહેતું નથી પણ આગળ વધીને ઊંચે જવાનું સાધન બને છે.

વિચારને વશમાં રાખવા = જેનો વિચાર કરવાની ઇચ્છા આપણને હોય, તેનો જ વિચાર કરવાનું સામર્થ્ય હોવું.

બહુ ધન દીધું એ સુખનું કારણ નહિ, કિન્તુ
ઇચ્છાથી ઓછા દીધા એ સુખનું કારણ છે.
કૃતિ પ્રમાણે ફળ પ્રાપ્ત થાય છે.

મનુષ્ય જેવું વર્તન કરે, તેવું જ જગત તેની સાથે વર્તે છે.
સામે થનાર મનુષ્યના હુમલાની સામે ટક્કર ઝીલવાને માટે
પ્રત્યેક વ્યક્તિ પર્વત જેવા કઠિન - અડગ બની જાય
અને પ્રેમની નદીના પ્રવાહ આગળ કઠણમાં કઠણ પર્વત
પણ ઓગળી જાય તથા રેતીરૂપ થઈને વહી જાય છે.

દુષ્કૃતગર્હા = ક્ષમાશીલતા, સુકૃતાનુમોદન = કૃતજ્ઞતા,
ચતુઃશરણગમન = નિર્ભયતા.

દુષ્કૃતની ગર્હા મોટા પણ દુષ્કૃતને અલ્પફળવાળું અને
સુકૃતની અનુમોદના નાના પણ સુકૃતને
મહાફળવાળું બનાવી દેવાનું સામર્થ્ય ધરાવે છે.
પાપ કે પુણ્ય બંનેની ગર્હા અને અનુમોદના દ્વારા પાપ
કે પુણ્યના ફળ ઉપર બહુ ભારે અસર નીપજાવે છે.
દુષ્કૃતની ગર્હાને બદલે અનુમોદના અને
સુકૃતની અનુમોદનાને બદલે ગર્હા અનુક્રમે
પાપને ગાઢ અનુબંધવાળું અને
પુણ્યને નિરનુબંધ બનાવનારું થાય છે.

# તાત્ત્વિક પ્રતિષ્ઠા તત્ત્વ

આત્મામાં જે પરમાત્મતત્ત્વ રહેલું છે,
એના શાસ્ત્રાનુસારે સ્થાપનને 'તાત્ત્વિક પ્રતિષ્ઠા' કહે છે.
વચનાનુસારે ઔપચારિક પ્રતિષ્ઠા આમ કરાય છે કે:
'બિંબમાં પરમાત્મા છે.'

સોઽહં = તાત્ત્વિક પ્રતિષ્ઠાનો આકાર છે.
સોઽયં = ઔપચારિક પ્રતિષ્ઠાનો આકાર છે.

'પૂજ્યનો આત્મા ગુણાતીત છે' અથવા
'પૂજ્યનો આત્મા પરમાત્મસ્વરૂપ છે'
તેવું દર્શન કરાવીને પરમાત્માનું બિંબ ઉપકાર કરે છે.

સ્વસ્વરૂપનું સ્મરણ કરાવનાર નામસ્મરણ છે.
સ્વસ્વરૂપનું દર્શન કરાવનાર પ્રભુનું બિંબ છે.

0 સારા વિચારો આપે તેનું નામ 'બાપ'.
સારા આચારો શીખવે તેનું નામ 'મા'.

0 જેમ પ્રાપ્તિ કરતાં પ્રયત્નનો આનંદ વધુ છે, તેમ
મુક્તિથી ભક્તિ અધિક આનંદજનક છે.

0 जत्थ साहम्मिया बहवे सीलवंता बहुस्सुया ।
चारित्तायारसंपन्ना आइएणं तं वियाणाहि ॥१॥

-आध्यात्मिक शिक्षादेतन (परिशिष्ट-२)

## આયંબિલ સાથે શ્રી નવપદનું આરાધન

શ્રી વર્ધમાન તપ આયંબિલની આરાધના દૂર કર્મો તથા દુષ્ટ સંસ્કારોનું દમન કરે છે. શ્રીચંદ કેવલી, મહાસતી સુંદરી, આર્યા મહાસેન કૃષ્ણા આદિનાં દૃષ્ટાંત સુપ્રસિદ્ધ છે. આયંબિલ તપ સાથે શ્રી નવપદનું આરાધન મનની નિર્મળતા અને આત્માની ઉજ્જ્વળતાનું અમોઘ સાધન છે. વિશ્વમાં સર્વોત્તમ તીર્થંકર અરિહંતાદિ નવપદોનું ધ્યાન, તપ, વંદન, પૂજનાદિ ધર્મ સર્વ વિઘ્નોનો નાશ કરે છે, તેમ તે સર્વ સિદ્ધિદાયક તથા મહામંગલકારક છે. તેની સામુદાયિક ઉજવણી ઉત્કૃષ્ટ કોટિનું પુણ્ય કર્મ ઉપાર્જન કરાવે છે.

## ભક્તિ અને નિષ્ઠા

માહાત્મ્ય જ્ઞાનપૂર્વક સર્વથી અધિક સ્નેહ તે 'ભક્તિ' છે.
'અરિહંત' શબ્દ અરિહંતોના ૪ અતિશયોને સૂચવે છે,
પરમાત્માના માહાત્મ્યનું જ્ઞાન કરાવે છે.
'નમો' પદ અનુરાગ - સર્વથી અધિક સ્નેહનું વાચક છે.
વારંવાર 'નમો' પદનું ઉચ્ચારણ એ
સૌ સાધકોમાં સર્વાધિક સ્નેહને પ્રકટાવી આપે છે.
પુનઃ પુનઃ 'નમો' પદનું સ્મરણ - પ્રયોગ સ્નેહભક્તિ ન હોય તો જન્માવે છે, હોય તો સર્વોત્કૃષ્ટ બનાવે છે.

નવકાર મહામંત્રમાં સર્વોત્કૃષ્ટ ભક્તિ પ્રગટાવવા માટેની શ્રેષ્ઠ સામગ્રી ભરેલી છે, તેનું મુખ્ય કારણ માહાત્મ્ય જ્ઞાનપૂર્વક પુન: પુન: 'નમો' શબ્દનો પ્રયોગ છે. ભક્તિ = સાધ્યની નિષ્ઠા. નિષ્ઠા = સાધના તરફની ભક્તિ.

o પ્રેમ અમૃત છે. સત્ય વિના પ્રેમ ઉપવાસી છે.

પ્રકાશ વિના પ્રેમ કારાગારમાં છે.

અમૃત વિના પ્રેમ આશ્રયરહિત છે.

યેનાહં નામૃતા સ્યામ્ કિમહં તેન કુર્યામ્ | ઋષિ: મૈત્રેયી કહે છે કે: જેનાથી હું અમૃત સ્વરૂપ ન પામું, તેનાથી મારે શું કામ? આવિરાવીર્મ એધિ, યત્તે દક્ષિણં મુખમ્, તેન માં પાહિ નિત્યમ્ | ઋષિ: જે પ્રભુ તારું દક્ષિણ મુખ હોય, તેનાથી અમારું હંમેશા રક્ષણ કરો.

o

Ahinsa does not mean only negative of violence, but total absence of greed, passion & untruth. This calls for a great discipline in self-sacrifice & that doesn't come without awakening that sense of universal love, which makes one work to protect and not to destroy all that excists.

# મનોનાશ

વિષયાકારે મનને ન પરિણમાવવું,
તે મનને શૂન્ય કર્યું કહેવાય.

જેનું મન રાગ-દ્વેષના કલ્લોલો વિનાનું શાંત થાય છે, તે જ આત્મતત્ત્વ જોઈ શકે છે. વિકલ્પ વિનાનું મન તે 'તત્ત્વ' છે અને વિકલ્પવાળું મન તે 'ભ્રાંતિ' છે. વાદળો વિખરાતાં જેમ સૂર્ય પ્રગટ થાય, તેમ વિષયાદિ વિમુખ થયેલાં શાંત મનમાં તેજસ્વી આત્મા પ્રગટ થાય છે. શુભાશુભ મન-વચન-કાયાની ક્રિયાઓ સ્પન્દનરૂપ અને સંકલ્પ-વિકલ્પરૂપ હોવાથી આત્માની આડે શુભાશુભ વાદળો ઊભાં કરે છે. તે જ કારણથી યોગી નિર્વિકલ્પ ધ્યાનમાં પ્રવેશ કરી આત્માના સત્સ્વરૂપને પામે છે. આ નિર્વિકલ્પ સ્થિતિમાં આત્મા અવિનાશી - અનુપમ આનંદથી ભરપૂર થઈ રહે છે. આવો શુદ્ધ સ્વભાવ તે જ ચેતના છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર પણ તે જ છે. જેનું મન આત્મઉપયોગમાં લય પામી જાય છે,

તેના શુભાશુભ કર્મ ગળી જાય છે

અને ચિદાનંદ સ્વરૂપ પરમાત્મા પ્રગટ થાય છે.

મનનો નાશ કરનાર પણ પરમાત્માનું જ ધ્યાન છે.

# કર્મનો નિયમ

કર્મનો એક અર્થ કરાય તે કર્મ એટલે કાર્ય.
કાર્યમાત્રને કારણ હોવું જોઈએ.
દરેક કાર્ય ભૂતકાળમાં થયેલા કારણનું કાર્ય છે અને તે
જ કાર્ય ભવિષ્યમાં થવાના કાર્યનું પાછું કારણ થાય છે.
આ રીતે દરેક કર્મ એક રીતે કાર્ય છે
અને બીજી રીતે કારણ પણ છે.
એટલે કાર્યમાત્રને કાર્ય-કારણ સંબંધ છે.
વિશ્વમાં સર્વત્ર આ કાર્ય-કારણનો નિયમ પ્રવર્તી રહ્યો છે,
તેમાં અકસ્માત જેવું કાંઈ સંભવતું નથી.
ક્રિયાઓનું પરિણામ શું આવશે તે જાણતો જીવ પોતાની
મરજી હોય ત્યારે ક્રિયા કરવાને સ્વતંત્ર છે.
જ્ઞાન એક પ્રકારની સત્તા છે. જ્ઞાનવાન વ્યક્તિ કાર્ય-
કારણના નિયમોને જાણી લઈ તે વડે પોતાને ઇષ્ટ હોય
તેની સિદ્ધિ કરી શકે છે. આ જ્ઞાન ન હોય ત્યારે કર્મો
જીવોને વશ રાખે છે, એ જ્ઞાન થયા પછી જીવ કર્મને
વશ રાખે છે. તેથી જ્ઞાન એક પ્રકારે શક્તિ પણ છે.
મનની નિર્વિકલ્પ દશામાંથી પણ
આત્માની અનંત શક્તિઓ પ્રગટ થાય છે.
આત્મહિતને આચરતો તથા અનુમોદતો જીવ સુગતિ પામે.

## પ્રકૃતિ સાથે સંલગ્ન તત્ત્વોની સરખામણી

(૧) સૂર્ય = કૈવલ્યાદિ ભગવાનાત્મા (૨) મેઘ = પરમર્ષિ પંચક
(૩) સાગર = કર્મજન્ય જલરાશિ - તદ્ગત દુઃખ અને દોષ
(૪) જલૌઘ = સ્વયંભૂરમણ સમુદ્ર (૫) ભાજન = ચારિત્રધર્મ
(૬) ભૂમિ = ભવ્યાત્માઓ (૭) ઘાસ = સુર તથા નરસુખ
(૮) ધાન્ય = મોક્ષનું સુખ (૯) વૃષ્ટિ = આગમ શ્રુત ધર્મ
(૧૦) ભોક્તા = કૃતાત્માઓ.

## સમતાભાવનું ભાજન

નગ્નતા - શૂન્યતા - પૂર્ણતા - એકતા : સર્વ સમાવિષ્ટ છે.
પરરૂપેણ શૂન્યતા, સ્વરૂપેણ પૂર્ણતા, સામાન્ય રૂપેણ એકતા,
ઉભય રૂપેણ અનિર્વાચ્યતા યુગપત્.

સમતા સામાયિક વડે એક બાજુ રાગ-દ્વેષાદિ અને સ્પર્શ- શીતાદિ દ્વન્દ્વોનું નિરસન થાય છે - બીજી બાજુ સ્વપર ભેદબુદ્ધિ અને હું-તું નો ભેદભાવ ચાલ્યો જાય છે. ભેદમાં અભેદ ભાવનાર તિર્યક્ સામાન્યનો વિચાર છે અને સ્પર્શ- શીતાદિ દ્વન્દ્વોમાં સમત્વને ટકાવનાર ઊર્ધ્વતા સામાન્યનું ભાન છે. દ્રવ્ય રૂપેણ આત્મા ધ્રુવ, ગુણ રૂપેણ આત્મા એક તથા પર્યાય રૂપેણ આત્મા ઉત્પન્ન છે. એ રીતે ધ્રુવતા, એકતા, ઉત્પન્નતાનો બોધ સમતાભાવનું ભાજન છે.

## ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન

ભક્તિમાં વૈરાગ્ય અને જ્ઞાન - બંને છુપાયેલાં છે, કારણ કે જેમની ભક્તિ કરવાની છે, તેઓએ સંસારને નિઃસાર માન્યો છે અને મોક્ષને જ એક સારભૂત માન્યો છે. તે મોક્ષનો લાભ અને સંસારનો અંત આત્મજ્ઞાનથી જ કર્યો છે, તેથી મોક્ષે ગયેલાં અને મોક્ષમાર્ગમાં રહેલાં એવા ઈશ્વરની ભક્તિ એ વૈરાગ્યની જ ભક્તિ છે અને આત્મજ્ઞાનની જ ઉપાસના છે. ભક્તિશૂન્ય આત્માઓનો વૈરાગ્ય એ દુઃખ કે મોહગર્ભિત છે, જ્યારે ભક્તિમાનોનો વૈરાગ્ય જ્ઞાનગર્ભિત હોય છે. જ્ઞાનગર્ભિત આત્માઓ ભક્તિરહિત ન હોય તથા ભક્તિશૂન્ય આત્મજ્ઞાનીઓ પણ સાચાં આત્મજ્ઞાનને પામેલાં નથી. આત્મજ્ઞાન અને તેનું અર્થીપણું અંશે પણ જેઓમાં હોય છે, તેઓ આત્મજ્ઞાન વડે સાચા ભવવૈરાગ્ય - મોક્ષરાગ યુક્ત હોય છે તથા તેઓની મનોવૃત્તિ મુક્ત આત્માઓ પ્રત્યે ભક્તિભાવથી ભરપૂર હોય છે. દૃશ્ય વસ્તુઓમાં વૈરાગ્ય રહેલો નથી પણ વસ્તુના વિચારમાં રહેલો છે. વિચારથી દોષદર્શન અને દોષદર્શનથી વૈરાગ્ય થાય છે.

વિચારહીનનો વૈરાગ્ય ક્ષણિક છે, જ્યારે
વિચારવાનનો વૈરાગ્ય સ્થિર છે.

વૈરાગ્ય વિવેકજન્ય અને વિવેક બોધસ્વરૂપ છે.
બોધને અને વૈરાગ્યને કાર્ય - કારણભાવનો સંબંધ છે.

સંસારમાં બનતાં બનાવો ક્ષણે ક્ષણે
બોધ આપનારાં અને વૈરાગ્યભાવને વિકસાવનારાં છે.

o ન તદ્ ભાસયતે સૂર્યો, ન શશાંકો ન પાવકઃ ।
સૂર્ય, ચંદ્ર કે અગ્નિથી પણ નહિ પ્રકાશ પરમાત્મા આપે છે.
પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ વડે જે પ્રગટ થતો નથી,
તે અનુભવ વડે પ્રગટ થાય છે.

o ઇંદ્રિયોને વિષયોથી ખેંચી લેવી તે પ્રત્યાહાર.
ઇંદ્રિયોને ભક્તિ અર્થે ખુલ્લી કરવી તે પ્રત્યાહાર.

o ગુરુ એ ભવરૂપી ગૃહમાં પ્રવેશ કરવાનું દ્વાર છે.
દોષ એ ભવરૂપી ગૃહમાં પ્રવેશ ન કરવાની દિવાલ છે.
દેહ એ તમસ્, ઇંદ્રિયો એ રજસ્,
બુદ્ધિ એ સત્ત્વગુણ તથા આત્મા એ ગુણાતીત છે.

o શરણ્ય એ ભજનનિષ્ઠ છે.
ભજન એ ચિત્તશુદ્ધિનિષ્ઠ છે.
ચિત્તશુદ્ધિ એ નિરંતરતાનિષ્ઠ છે.
નિરંતરતા એ વિચારનિષ્ઠ છે.
વિચાર એ નીતિનિષ્ઠ છે.

શ્રી આધારગઢ, અ. સુદ-૨

ભવસમુદ્રમાં ડૂબતા જીવોને બે આધાર:
(૧) ગુરુ આજ્ઞા (૨) સ્વનિરીક્ષણ.

'સંસાર' એટલે મન કહે તે પ્રમાણે ચાલવું, જ્યારે 'મોક્ષ' એટલે નમસ્કાર અથવા વિનયપૂર્વક નક્કી ગુરુની આજ્ઞા પ્રમાણે જીવનમાં ચાલવા પ્રયત્ન કરવો. પરમેષ્ઠિઓના સ્મરણ સમ મહત્ત્વનું અન્ય કાર્ય નથી.

પ્રભુ અને ગુરુની આજ્ઞાનું પાલન એજ ભાવ આત્માની મોક્ષ અને બાહ્ય ભાવ જગતનું હિત આપે છે.

માર્ગદેશક પ્રભુ વડે ભેદ રત્નત્રયી અને માર્ગરૂપ પ્રભુ વડે અભેદ રત્નત્રયી મળે છે.

'સંસાર નિઃસાર છે' તેનો અર્થ છે કે

સંસારમાં વિષય-કષાયની પરિણતિ નિઃસાર છે. ભવમુક્ત જીવનું બહુમાન એ ભવ પ્રત્યે અબહુમાન છે. ભવ પ્રત્યે અબહુમાન એ મુક્ત જીવો પ્રત્યે બહુમાન છે. અપૂર્ણતાની દૃષ્ટિ નમ્રતા - પૂર્ણતાની દૃષ્ટિ નિર્ભયતા લાવે. બંને મળીને મોક્ષમાર્ગ બને. ધર્મનું મૂળ મૈત્ર્યાદિભાવના છે. તેનું મૂળ અરિહંત પરમાત્માનું વિશિષ્ટ આત્મદ્રવ્ય છે. પ્રભુ સૌને નામાદિ વડે આલંબન, ઉપદેશાદિ વડે માર્ગ, સાધનાદિ વડે આદર્શ અને સિદ્ધિ વડે સદ્ગતિ આપે છે.

o અહંકાર એ નાશનું નગારું છે, જ્યારે
નમસ્કાર એ અહંકારના નાશની દુંદુભિ છે.

o ૪ શરણથી ૪ કષાય નાશ અને ૪ ગુણ પ્રગટે છે.

o મૌન તિતિક્ષારૂપ છે.

તિતિક્ષા સમ્યગ્જ્ઞાન અને યથાર્થ વિવેક માંગે છે.
યથાર્થ વિવેક જો પ્રકારે છે:
જીવ પ્રત્યેની સમાનતા - પુદ્ગલ પ્રત્યેની ભિન્નતા.
તિતિક્ષા એ શુભ સાત્ત્વિક દશાનો પ્રારંભ છે.
એનો પ્રકર્ષ અપરાધીનું પણ શુભ ચિન્તવવું તે છે.
એનું બીજું નામ વાસીચંદન તુલ્ય અવસ્થા છે.
સ્નેહભાવ એકબાજુ સ્વસુખ વિષયક રાગભાવને તથા
બીજીબાજુ સ્વદુઃખ વિષયક દ્વેષભાવને શમાવે છે.
'સર્વ જીવો સામાયિકરૂપ અને સિદ્ધસ્વરૂપ છે' એમ
બોલનાર પોતે સામાયિકરૂપ અને સિદ્ધસ્વરૂપ બને છે.
પ્રત્યેક ઈંધણમાં જેમ અગ્નિ એક જ છે,
તેમ પ્રત્યેક દેહમાં આત્મતત્ત્વ એકસરખું જ છે.

*Truth is that which lies in a dimension*
*beyond the reach of thoughts.*
*Truth is relative to our standpoints.*

## અહિંસા, સંયમ અને તપ

અહિંસા વડે દેહશુદ્ધિ - કોમળતા - મૈત્રી પ્રાપ્ત થાય.
સંયમ વડે ઇંદ્રિયોની શુદ્ધિ - દાન્તતા - વૈરાગ્ય પ્રાપ્ત થાય.
તપ વડે મનની શુદ્ધિ - શાન્તતા તથા જ્ઞાન પ્રાપ્ત થાય.
કોમળતા એટલે વચન વડે દુઃખને ખમવું તે.
દાન્તતા એટલે કાયા વડે સુખને દમવું તે.
શાંતતા એટલે મન વડે સુખ-દુઃખની ઇચ્છાને રોકવી તે.
એ ત્રણ ગુણવાળો ધર્મનો આરાધક થાય છે.
અહિંસાની સિદ્ધિ કાયાનો નિગ્રહ માંગે છે,
સંયમની સિદ્ધિ ઇંદ્રિયોનો કાબુ માંગે છે અને
તપની સિદ્ધિ મનોનિગ્રહ માંગે છે.
જ્ઞાનાદિ માટે સાધુસેવા, વૈરાગ્યાદિ માટે આત્મનિગ્રહત્યાગ
અને મૈત્ર્યાદિ માટે આત્મૌપમ્યભાવ સાધન છે.
આત્મૌપમ્યભાવનું મૂળ જ પરસ્પરોપગ્રહનો નિયમ છે.
મૈત્રી, ક્ષાન્તિ, અહિંસા, વૈરાગ્ય, દમ, સંયમ, જ્ઞાન, શાંતિ
અને તપ એ એકાર્થક જેવા શબ્દો છે.
સમસ્ત સત્ત્વવિષયક સ્નેહપરિણામરૂપી મૈત્રી અહિંસામાં
પરિણામ પામી, આત્મતત્ત્વમાં એકાગ્રતા લાવી ધર્મ-શુક્લ
રૂપી શુભધ્યાનમાં રૂઢ બને છે, તેથી અહિંસા, સંયમ અને

તપરૂપી ધર્મનું મૂળ સમસ્ત સત્ત્વવિષયક સ્નેહપરિણામ છે. આપણે જગતને જે આપીએ છીએ, તે જ વ્યાજ સાથે પાછું મળે છે. તમે જગતને શું આપશો? પ્રેમ, સત્કાર, સુખ, શાંતિ કે ધૃણા, તિરસ્કાર, ટીકા અને ક્રૂરતા? ધન, દોલત, બુદ્ધિ કે સત્તા બધાને સરખાં કદી મળતા નથી, જ્યારે વિશાળ દિલ અને સર્જન કરવાની શક્તિ તો સર્વ માનવને જન્મજાત મળેલી હોય છે. જેટલા પ્રમાણમાં તેને વાપરવા હોય, તેટલા પ્રમાણમાં વાપરવાની છૂટ છે.

માનવ પોતાનું જે મૂલ્ય આંકે છે,
તેથી વિશેષ મૂલ્યનો અધિકારી તે થઈ શકતો નથી.

## દાન - શીલ - તપ - ભાવરૂપ ધર્મ

(૧) દાનથી પર પદાર્થનો ત્યાગ થાય છે. (૨) શીલથી મન તથા પાંચ ઇંદ્રિયોને સ્વમાં લીન થવાનો પ્રયોગ થાય છે. (૩) ૧૨ પ્રકારે તપથી પર પદાર્થની ઇચ્છાનો ત્યાગ થાય છે. (૪) ભાવથી સ્વની સાથે મળી જવાનો પ્રયોગ થાય છે.

ઇચ્છા મુખ્ય બે પ્રકારે: સુખલાભની અને દુઃખનાશની. એ બેમાં લગભગ બધી ઇચ્છાઓ સમાઈ જાય છે. મોક્ષની ઇચ્છા નહીં પણ મોક્ષની આશા એ મોટી વસ્તુ છે.

પુરુષતત્ત્વની શ્રદ્ધાથી એ આશા પ્રગટે છે.

મોહની ઇચ્છા પશુ-પંખી અને વિકલેન્દ્રિય પર્યન્ત
સર્વ જીવોમાં રહેલી સ્પષ્ટ દેખાય છે, જ્યારે
મોહની આશા તો માત્ર સાચા સાધકોમાં જ દેખાય છે.
મનુષ્ય જ એકમાત્ર પ્રાણી છે કે જે હસી શકે છે,
કારણકે એ એક એવું પ્રાણી છે કે જે જાણે છે કે
પ્રસ્તુત દુનિયા આજે કેવી છે અને કેવી હોવી જોઇએ.

V.V. Imp.

## મનનો ઉધમાત

મન સ્વભાવથી વાનરની જેમ ચપળ છે.
તેને રાગવાસનારૂપી મદિરા,
દ્વેષવાસનારૂપી વીંછી અને
મોહવાસનારૂપી ભૂત વળગેલ છે,
તેથી ઉધમાત કરે છે.
મનને ઉધમાત કરતો બચાવવા સૌ પ્રથમ તો
મોહવાસનારૂપી ભૂતને સાધુની સેવા વડે,
પછી દ્વેષવાસનારૂપી વીંછીને જયણા વડે અને અંતે
રાગવાસનારૂપી મદિરાના કેફને આત્મજાગ્રત બોધ વડે દૂર
કરવા જોઇએ. તે ત્રણે દૂર થાય પછી ધ્યાનરસાયણ વડે
તેની ચંચળતારૂપી દુર્બળતાને દૂર કરી શકાય છે.
સ્થિર થયેલ તે મન અનંત સુખનું ભાજન બને છે.

The sight of the tirthankaras is
a sufficient answer
to the question where is happiness?
man is a conqueror,
a master of his destiny.
To refrain from killing and injuring
is the only true religion.
The foes to be conquered are
the four passions of ક્રોધ-માન-માયા-લોભ
or anger, pride, deceit and greed.
The greatest gift that man can make
to his fellowmen and the lower
creatures is the gift of protection and
safety that they shall come and go
without harm or interference.
To cease causing injury or death to
living creatures is the highest religion.
અહિંસા પરમો ધર્મ:।
It is a way to liberation.

No duty is greater than your duty to find and know God because no duties can be performed without using His gifts to you of various powers.

The greatest of all sins is to forget God, your own eternal being. To forget Him is to punish yourself with the supreme sin of ignorance, the cause of all physical, mental and spiritual miseries.

To dwell in Cosmic consciousness is to embrace the knowledge of everything contained in the united Kingdom of God, on the pages of heaven and earth, in nature and in human life.

One can expand his mental capacity as to receive that knowledge within a single lifetime through the faithful practice of ক্রিয়াযোগ।

## આપણા કેટલા વર્ષ શેમાં...?

આપણું સરેરાશ જીવન જો ૬૦ વર્ષ ગણીએ તો એમાં
અડધા = ૩૦ વર્ષ નિદ્રા તથા આહારમાં વ્યતીત થાય છે.
અડધા = ૨૫ વર્ષ આજીવિકાર્થે કાર્ય કરવામાં વ્યતીત થાય.
ત્રીજા ભાગના = ૨૦ વર્ષ દેશકથા - રાજકથા કરવામાં તથા
ત્રીજા ભાગના = ૫ વર્ષ અન્ય વિકથામાં વ્યતીત થાય છે.

## અનુક્રમ શરતો

નિર્વિકલ્પ થવાની પ્રથમ શરત નિર્વિકાર થવું તે છે.
નિર્વિકાર થવાની પ્રથમ શરત નિર્વાસન થવું તે છે.
નિર્વાસન થવાની પ્રથમ શરત નિરહંકાર - અનાસક્ત થવું તે છે.
અનાસક્ત થવાની પ્રથમ શરત વિશ્વાત્મભાવ છે અને
વિશ્વાત્મભાવ કેળવવા માટે પ્રથમ શરત પરમાત્મભાવ છે.

પરમાત્મભાવની પ્રેરણાનું ચિહ્ન ચિત્તની શાંતિ છે.
વાસના ચિત્તને અશાંત કરે છે, ચિત્ત પર બોજો લાવે છે.
ભાવના ચિત્તને શાંત કરીને બધા ભારથી મુક્ત કરે છે.
ચિત્ત ઉપર ભાર છે, ત્યાં સુધી નહીં વાસનાની સ્થિતિ છે.
જ્યારે એ ભાર રહેતો નથી, ત્યારે નિર્વાસન થવાય છે.

o

The two physical eyes reveal matter.
The third eye reveals God or Spirit.

## અહિંસાની પૂજા કઈ?

વિચાર વ્યક્તિગત છે જ્યારે સદ્વિચાર એ સામાજિક છે.
અરસપરસ બધાં વચ્ચે મતભેદ તો હંમેશાં રહેવાના જ,
પણ તેમાંથી મતૈક્ય તારવવું એ અહિંસાની પૂજા છે.
Agree with thy adversary quickly.

## ૪ પ્રકારના સાધક

ભગવાનના નામ - ગુણ તો મધ તથા અમૃતથી ય મીઠાં છે,
અધમ તે છે કે જે કેવળ દોષને જ ગ્રહણ કરે છે.
મધ્યમ સાધક તે છે કે જે ગુણ-દોષ ઉભયને ગ્રહે છે.
ઉત્તમ સાધક તે છે કે જે કેવળ ગુણને ગ્રહે છે અને
નાના ગુણને ય મોટરૂ કરીને જુએ, તે ઉત્તમોત્તમ સાધક છે.
ઉત્તમોત્તમ સાધકોને જે દુઃખ દેહભાવે વિપત્તિરૂપ છે,
તે જ દુઃખને તેઓ આત્મભાવે આશીર્વાદરૂપ માને છે.

o

God sent souls to earth to behave
like immortals - calm, desireless & happy
to be in the world and
not of the world & to enjoy the world
with the pure joy of God,
which brings lasting happiness.

## ઉત્તમ સાધકો માટે દુઃખ એટલે આશીર્વાદ

જો સુખ મેં સુમરન કરે, તો દુઃખ કહાં સે હોય? - કબીર

કુંતી કહે છે: વિપદઃ સન્તુ નઃ શશ્વત્ । અર્થાત્: આપણને વિપત્તિઓ સદાકાળ રહો (જેથી પ્રભુ! તમને યાદ કરીએ).

## દુઃખનું મૂળ શેમાં?

દુઃખનું મૂળ આપણા અજ્ઞાનમાં, આપણી ભૂલોમાં, અનીતિમય જીવન તથા સ્વાર્થપરાયણ આચરણમાં છે.

એ દુઃખને દૂર કરવા કવિ કહે છે કે:

ઉત્તમા સહજાવસ્થા ।

સહજભાવે, આત્મભાવે અને સાક્ષીભાવે જીવો.

સંકલ્પ-વિકલ્પ જ દુઃખ છે.

એ ન હોય તો દુઃખનું અસ્તિત્વ જ ન હોય.

સુખ અને દુઃખ એ આવેશ છે, ભ્રમણા છે, વૃત્તિ છે.

આગમાપાયિનોऽનિત્યાઃ ।

અર્થાત્: એ આવે છે અને જાય છે.

એની દરકાર જ ન કરવી અને એમાં સમાન રહીને આત્માનંદ કેળવવો એટલે જ સમત્વં યોગ ઉચ્યતે ।

આંતરજાગૃતિથી એ પરિવર્તન આવે છે.

દુઃખને સમજતાં, આગવી દૃષ્ટિથી એને પ્રસાદરૂપે જોતાં,

દુઃખ પાછળનાં રહસ્ય જાણતાં, દુઃખમાંથી આર્તતત્ત્વ દૂર કરતાં,
દુઃખ પોતે જ સુખમય થઈ જાય છે.
આ પરિવર્તન આણે છે આંતરજાગૃતિ, તેથી જ આપણે
દેહભાવે નહિ પણ આત્મભાવે રહેતાં શીખવું જોઈએ.

## 3 પ્રકારનો અભ્યાસ

પૂ. હરિભદ્રસૂરિજી મહારાજે જીવનમાં
ત્રણ પ્રકારનો અભ્યાસ કેળવવા માટે ભલામણ કરી છે:
સતતાભ્યાસ, વિષયાભ્યાસ અને ભાવાભ્યાસ.

### સતતાભ્યાસમાં...

અનેક પ્રકારના સદાચારોનો સમાવેશ થાય છે.
તેનો સતત અભ્યાસ કરવાથી પશુતા મટીને માનવતા વિકસે છે
અને પરમપદ પામવા માટેની યોગ્યતા આવે છે.

### વિષયાભ્યાસમાં...

સમ્યગ્દર્શન આદિના વિષયભૂત પ્રભુનાં
નામ અને રૂપ ઉપર અનુરાગ કેળવવાનો હેતુ છે. તેના
પ્રભાવે દોષો બળી જઈ પ્રભુ સાથે એકતા પ્રાપ્ત થાય છે.

### ભાવાભ્યાસમાં...

સંસારના વિષમસ્વરૂપને સમજી તેના બળે સંસારની આસક્તિ
અને તજ્જન્ય અનેક દોષો દૂર થાય છે.

# સાચો પ્રેમ અને સાચું સુખ

પ્રેમનું લક્ષણ આત્મરૂપ દ્રષ્ટિ છે.
તે દર્શનમોહનીયકર્મના ક્ષયક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે.
સિદ્ધ ભગવંતોમાં ચારિત્રમોહનીયકર્મના ક્ષયથી
જેમ અનંત સ્થિરતા હોય છે,
તેમ દર્શનમોહના ક્ષયથી અનંત સમતા-પ્રેમ પણ હોય છે.
સિદ્ધભગવંતો જગતના જીવોને આત્મરૂપ દ્રષ્ટિથી જુએ છે,
તેમ આત્મપૂર્ણ દ્રષ્ટિથી પણ જુએ છે.

બાળકને માતા પૂર્ણતા અને માતાને બાળક પૂર્ણતાની નજરે જોતાં હોય છે, તેથી પરસ્પર અખંડ પ્રીતિ ટકી રહે છે. ઉચ્ચતાની દ્રષ્ટિથી સર્વ સિદ્ધભગવંતોને જગતના જીવો ઉપર જેમ પૂર્ણ પ્રેમ હોય છે, તેમ પૂર્ણતાની દ્રષ્ટિથી તે પ્રેમ અનંત પણ હોય છે. સિદ્ધ ભગવંતોને તે સ્વરૂપે હૃદયમાં ધારણ કરવા તે પૂર્ણ શક્તિને પ્રગટાવનાર છે અને તેમની પૂર્ણતાની દ્રષ્ટિ જ આપણામાં પૂર્ણતાને પ્રગટાવનારી છે, એમ જોવું તે અનંત શક્તિને પ્રગટાવે છે.

સાધકની દ્રષ્ટિમાં આત્મરૂપ દર્શન છે.
સિદ્ધની દ્રષ્ટિમાં તે ઉપરાંત આત્મપૂર્ણ દ્રષ્ટિ પણ છે.
આત્મરૂપ દ્રષ્ટિમાં પૂર્ણ પ્રેમ છે.

આત્મપૂર્ણ દૃષ્ટિમાં અનંત - અવ્યાબાધ પ્રેમ છે.
પ્રેમમાં આપવાનું હોય, જ્યારે રાગમાં માગવાનું હોય છે.
આત્મતુલ્ય દર્શનવાળો પોતાના આત્મા જેટલા જ ઉદારતા
બાજાના આત્મા ઉપર પણ રાખી શકે છે.
તે દૃષ્ટિથી આત્મા ખાતર જેટલું કરી શકાય છે,
તેટલું જ સર્વ માટે કરી છૂટવાનું બળ પ્રાપ્ત થાય છે.
આત્મા માટે જે કાંઈ થાય, તેનો બદલો જેમ આપવાનો
હોતો નથી, તેમ સર્વ માટે જે કાંઈ થાય તેનો બદલો પ
ચાહવાનો નથી. રાગમાં સ્વાર્થ - પ્રેમમાં નિઃસ્વાર્થતા છે.
સર્વ જીવોને આત્મતુલ્ય જોવામાં નિઃસ્વાર્થવૃત્તિ આવે છે,
તેથી જ તેને 'પ્રેમ' શબ્દથી સંબોધી શકાય.
સિદ્ધ ભગવંતો સર્વ જીવોને પૂર્ણ દૃષ્ટિથી સાક્ષાત જુએ છે.
કોઈપણ જીવને પરિપૂર્ણ જોવો
તે તેના ઉપરના અનંત પ્રેમને સૂચવે છે.
સિદ્ધ ભગવંતોનો સકળ જીવો ઉપર અનંત પ્રેમ
સ્વયંભૂરમણ સાગરની જેમ નિરંતર રહેવાના સ્વભાવવાળો છે.
સંસારી જીવો સંસાર અવસ્થામાં ગમે તેટલા દોષોથી ભરેલા
હોય તો પણ તેમનું શુદ્ધ સ્વરૂપ સિદ્ધ ભગવાન પ્રતિપળ
સાક્ષાત જોઈ જાણી રહ્યા છે, તેથી તેમનો પ્રેમ પૂર્ણ જ રહે છે.

માતાનો પ્રેમ પણ બાળકને બાલ્યકાળમાં પૂરો પરખાતો નથી.
તે માટે યૌવનકાળની વિવેકવાળી અવસ્થાની જરૂર પડે છે.
એ જ રીતે શિષ્ટ ભગવંતોનો આવો પુષ્કળ પ્રેમ પણ
ભવનો બાલ્યકાળ પૂરો થયા પછી જ પરખાય છે.
ચરમાવર્તકાળમાં જ્યારે વિવેકચક્ષુ ખુલે,
ત્યારે ભગવાન પ્રેમથી ભરેલા છે એમ સમજાય છે અને
ભગવંતનો એ મહિમા સમજવાની સાથે જ
ભગવંત ઉપર અનંત પ્રેમ ઉભરાય છે.
'જગતમાં પ્રેમ નામ ધરાવતા માતા-પિતાદિ જેટલાં તત્ત્વો છે,
તે સર્વમાં ભગવાનનું સ્થાન ઊંચું છે.
ભગવાનના પ્રેમ જેવો પ્રેમ ધરાવવાની શક્તિ
ભગવાન સિવાય બીજા કોઈમાં પણ આવે નહિ.'
એવી સમજણ આવતાંની સાથે જ
ભગવાન ઉપર અવિહડ પ્રીતિ-ભક્તિ જાગે છે.
એ પ્રીતિ-ભક્તિને આદિ છે પણ અંત નથી.
એવી આદિ-અનંત સ્થિતિવાળી પ્રીતિ
પ્રભુ સાથે જ થઈ શકે, બીજા સાથે નહિ જ,
એવો જે નિયમ શાસ્ત્રોએ બાંધ્યો છે, તે યથાર્થ જ છે,
પ્રભુ પ્રત્યેનો પ્રેમ તે જ સાચો અને સ્થાયી પ્રેમ છે.

સુખના બે પ્રકાર છે: સાતિશય અને નિરતિશય.

જ્યાં ન્યૂનાધિકતાવાળું સુખ છે, ત્યાં દુઃખ પણ હોય જ છે,
કારણ કે અધિક સુખવાળા જીવોને જોઈ
ઓછા સુખવાળા સર્વ જીવોના મનમાં દુઃખ થાય જ છે.
મુક્તિમાં બધા જ આત્માને એકસમાન સુખ છે, તેથી
ત્યાં દુઃખનું કોઈ પ્રયોજન જ રહેતું નથી.

નિરતિશય સુખનાં સાધનો જ્ઞાન-દર્શન-ચારિત્રાદિમાં પણ
સ્વદોષિતાનો અભાવ હોય છે.

સાતિશય સુખનાં સાધનો સદોષ હોય છે.
તે હિંસાદિ પાપોવાળા હોવાથી સુખ પછી દુઃખ આવે જ.
શાસ્ત્રો કહ્યું છે કે: દુઃખં પાપાત્ ।

સાતિશય દુઃખની ઇચ્છા પણ પાપના ઉદયથી થાય છે,
પ્રાપ્તિ પણ પાપથી અને તેના મમતામાં પણ પાપ છે,
તેથી એ બંધાયેલા પાપનું પરિણામ પણ દુઃખમાં જ આવે છે.

સુખ-દુઃખ ભોગવનારા જીવોની ચતુર્ભંગી

(૧) સુખી અને સદ્ગુણી - ધન્ના, શાલિભદ્ર
(૨) દુઃખી અને સદ્ગુણી - પુણિયો શ્રાવક
(૩) સુખી અને દુર્ગુણી - સુભૂમ, બ્રહ્મદત્ત
(૪) દુઃખી અને દુર્ગુણી - ભીલ, કોળી આદિ અનાર્યો.

## યોગી - વિરક્તી - પ્રેમી

મૃત્યુનો અનુભવ કર્યા વિના યોગી, વિરક્તી કે પ્રેમી બની શકાતું નથી. આ અપેક્ષાએ યોગીની સિદ્ધિ માટે જીવનમાં મૃત્યુનો અનુભવ કરવો જોઈએ.

યોગી બનવા તથા ભોગ અને વાસનાઓનો અંત કરવા માટે પોતાને ત્રણે શરીરોથી અલગ અનુભવવો જોઈએ.

વિરક્તી બનવા માટે સાધકે સમસ્ત ઇચ્છાથી પોતાને વિમુખ કરવો જોઈએ. દૃષ્ટિને ઇચ્છાથી વિમુખ કરી દ્રષ્ટાની સન્મુખ કરવી જોઈએ. એ માટે જ જીવનમાં જ મૃત્યુને સ્વીકારવું અનિવાર્ય છે.

પ્રેમી થવા માટે પણ જીવતાજીવત મરવું પડશે, કારણ કે પ્રેમી તે થઈ શકશે કે જે સર્વ પ્રકારની ઇચ્છાથી રહિત થશે અને પોતાનું સર્વસ્વ પ્રેમાસ્પદની સેવામાં વિના શરતે સમર્પિત કરી દેવું પડશે. એ પ્રેમી, વિવેકી કે યોગી ત્રણે માટે જીવતાં જ મૃત્યુનો અભ્યાસ કરવો પડશે.

'વિશ્વમાં પ્રભુનું શાસન ચાલી રહ્યું છે' એટલે પાપની શિક્ષા અને પુણ્યનું ફળ અહીં પ્રત્યક્ષ મળે છે. યદ્યપિ એ શાસન પ્રત્યક્ષ દેખાતું નથી, પરંતુ અલક્ષિતરૂપથી પ્રભુનું શાસન ચાલ્યા કરે છે.

પુણ્ય સદા સુમધુર ફળ આપે અને
પાપીનો પાપ દ્વારા નાશ થાય, એ નિશ્ચિત છે.

કોઈ પર્વતની ટોચ ઉપર જઈને પાપ કરે કે
ગુપ્તપણે દાન કે પુણ્ય કરે, બન્નેને તેનું ફળ મળે છે.
સદાચારીઓના પુણ્યકાર્યથી જ આ પૃથ્વી ટકી રહી છે.
'જ્યાં પણ બે વ્યક્તિ ગુપ્તપણે ગોષ્ઠિ કરે છે, ત્યાં પ્રભુ
ત્રીજા બનીને સાથે જ રહે છે!' - અથર્વવેદ, ૪/૧૬/૨
ગુપ્તરૂપથી પ્રભુશાસન પણ અવિચ્છિન્નપણે ચાલી રહ્યું છે.

પ્રભુના શાસનમાં સર્વત્ર ન્યાય છે.

અંતમાં સદાચારનું, ભલમનસાઈનું, ઈમાનદારીનું, ન્યાય
અને નિષ્પક્ષપાતનું, કર્તવ્યપાલનનું શ્રેષ્ઠ ફળ મળે જ છે.

એથી વિરુદ્ધ પાપનું કોઈપણ કાર્ય હોય,
પછી તે ગુપ્તમાં ગુપ્ત રીતે કર્યું હોય, તેને ય ઈશ્વર
દેખે છે અને વહેલી કે મોડી સજા અવશ્ય કરે છે.

કોઈપણ દુષ્કર્મ સજા વિનાનું હોતું નથી.

'પુણ્યથી નિશ્ચિત સુખ-પાપથી નિશ્ચિત દુઃખ' એ વિશ્વનો
અટલ નિયમ છે કેમકે તે પ્રભુનું શાસન, કથન, વચન,
ઉપદેશ છે. જ્યાં બે વ્યક્તિ બેસીને વાત કરે છે અને
સમજે છે કે અહીં કોઈ સાંભળી રહ્યું નથી, ત્યાં પણ
પ્રભુ ત્રીજા તરીકે સામેલ રહેતાં જ હોય છે.

એ રીતે પુણ્ય-પાપ કદી છુપાં રહી શકતા નથી.
કોઈ આદમી પાપ, ચોરી, હિંસા, પક્ષપાત, વ્યભિચાર,
મદ્યપાન, જૂઠ કે કપટ કરી, તેને છુપાવવા માટે આકાશની
ય પેલે પાર જવા પ્રયત્ન કરે તો પણ ઈશ્વરીય શાસનની
બહાર જવું તેને માટે અશક્ય છે. પ્રભુ સર્વજ્ઞ-સર્વદર્શી
તો છે જ, ઉપરાંત સમદર્શી પણ છે. દયા-ન્યાય એ બે
વડે વિશ્વ ઉપર શાસન ચલાવવાનું સામર્થ્ય ધરાવે છે.

## કાવ્ય અને શાપ

'કાવ્ય' એટલે ઉત્કટ ભાવનાનો આવિષ્કાર.
'શાપ' એટલે ઉત્કૃષ્ટ ગુસ્સાની લાગણીનો આવિષ્કાર.
શાપ એ એક પ્રકારની ગાળ છે.
વાણીને શબ્દોથી નહિ પણ એની પાછળના હેતુથી માપવી.
વાણી સ્વાર્થ માટે નહિ, સંસ્કૃતિ પ્રસારાર્થે વાપરવી જોઈએ.
ખાંડ કરતાં વધારે ગળ્યું શું? પ્રેમનાં વખાણ.
ન્યાયનું પહેલું લક્ષણ છે સર્વનું કલ્યાણ, ક્ષમા એનો પાયો છે.
માતા એટલે પ્રેમાળતા,
પિતા એટલે મક્કમતા અને ગુરૂ એટલે પવિત્રતા.
આ શરીરમાં જીવાત્મા અને પરમાત્મા બન્ને વસે છે.
ભગવાન આકાશમાં નહિ પણ દિલમાં વસે છે.

ભાન એટલે સમજણ. તેનું પરિણામ નિરપેક્ષતા છે.
ભક્તિથી અંતઃકરણમાં ભાવ વધે - આત્મીયતા આવે છે.

'મારું જે કાંઈ છે, તે કોઈને માટે છે'

આ ભાવ આવશે તો જ ભક્તિ આવશે, આત્મીયતા વધશે.

મનની પવિત્રતા અને શાંતિનો આધાર
બહારની વસ્તુઓની અનાસક્તિની માત્રા ઉપર રહે છે.
જડ વસ્તુઓનું આકર્ષણ કે આસક્તિ જેમ વધુ,
તેમ મન વધુ મલિન અને અશાંત.

આસક્તિ ઓછી ન થાય, ત્યાં સુધી મન ચંચળ જ રહેવાનું.
જડ પ્રત્યેની આસક્તિ નભે છે હૃદયની સંકુચિતતા ઉપર.
બીજા જીવો પ્રત્યે હૃદય વિશાળ - સહાનુભૂતિવાળું બને,
દયા, પ્રેમ, વાત્સલ્ય, કરુણા, ઔદાર્ય, દાક્ષિણ્ય અને ક્ષમા
વગેરે પવિત્ર લાગણીઓ જો ત્યાં આવીને વસે, તો એ
સંકુચિતતા ટળે, પછી બહારથી ઇંદ્રિયજન્યસુખ મેળવવાની
વૃત્તિઓનાં મોજાં મનમહાસાગરમાંથી ઓસરવા માંડે તથા
જાતની સુખ-સગવડનો વિચાર મોળો પડી જાય છે.

છ જીવનિકાયની રક્ષાની પરિણતિ
આત્મામાં જ્યારે સ્થિર થાય છે,
ત્યારે આત્માની ચિત્તવૃત્તિ બાહ્યવિષયોથી વિરામ પામે.

પ્રમત્ત તરીકે છઠ્ઠા ગુણસ્થાનકની સ્પર્શના થતાંવેંત જ
૧૧ બંધ હેતુઓ જાય છે.
જીવમાત્ર પ્રત્યે પ્રેમ-સહાનુભૂતિભર્યો વ્યવહાર કરવાથી
મનમાં સહજ નિર્ભયતા અનુભવાય છે.
ભયથી ચિત્તવૃત્તિ ચંચળ રહેતી હોય છે, કિન્તુ
નિર્ભયતા પ્રગટવાથી ચંચળતા ચાલી જાય છે તથા
શાંતિ, સ્વસ્થતા અને પ્રસન્નતા વ્યાપી જાય છે.
ચિત્તવૃત્તિઓને નિયંત્રિત કરવા માટે
ભાવનાઓનો અભ્યાસ કરવાની શાસ્ત્રકારો ભલામણ કરે છે.
જડના આકર્ષણને ઘટાડવા માટે
મુખ્યતઃ અનિત્યત્વાદિ ૧૨ ભાવનાઓ છે.
પોતા સિવાયના જગત પ્રત્યેની ઉદાસીનતા તથા
તેને પરિણામે જન્મતા અને ભળતા ચિત્તના દોષોને ટાળવા
માટે મૈત્ર્યાદિ ૪ ભાવનાઓ છે.
અનિત્યત્વાદિની અનુપ્રેક્ષાઓ પણ વિશુદ્ધ તો જ બને
કે જો તે મૈત્ર્યાદિ ભાવનાઓથી ઉપબૃંહિત હોય.
'શાસ્ત્રવાર્તા સમુચ્ચય'ની ટીકામાં કહ્યું છે કે:
વિશુદ્ધભાવનાભ્યાસાત્ ।
વિશુદ્ધાનાં મૈત્ર્યાદિભિરુપબૃંહિતાનાં ।

સદુક્તિ: મૈત્ર્યાદિથી પુષ્ટ બનેલી અનિત્યત્વાદિ ભાવનાઓ વિશુદ્ધ બને. તેવી વિશુદ્ધ બનેલી ભાવનાઓના અભ્યાસથી જીવ - અંતઃકરણની શુદ્ધિ થાય છે, સમસ્ત જીવરાશિ પ્રત્યે સ્નેહપરિણામ સ્થિર થાય છે, તેથી સાધકના ચિત્તના મળો અને તેમાં ઉઠતાં વૃત્તિઓના કલ્લોલો શાંત થાય છે.

મૈત્ર્યાદિ ૪ ભાવનાઓને અનુભવી પુરુષોએ
ધર્મ-ધ્યાનના રસાયણભૂત કહી છે.

અભવ્ય આત્મા દશમા પૂર્વને ન પામે.
એવો શાસ્ત્રોલ્લેખ મળે છે કે આ સિદ્ધચક્રાદિ
મંત્ર, તંત્ર, વિદ્યા વગેરે 'વિદ્યાપ્રવાદ' નામના દશમા પૂર્વમાં છે.
એનું તાત્પર્ય એ કે અભવ્ય જીવ મંત્રાદિને ન પામી શકે.
એ વસ્તુ એમ જણાવે છે કે મંત્રાદિની પ્રાપ્તિ સુલભ નથી.
તે ભવ્યત્વ પરિપાકની અપેક્ષા રાખે છે.

જેમ સમ્યક્ ચારિત્રવાળો મહાત્મા
દરેક જીવના જીવનને સન્માને છે,
તેમ સમ્યક્ વિચારનારો મહાત્મા પણ
બધાં નિરૂપણોમાં રહેલ તથ્યોનો સ્વીકાર કરે છે.

Peace is the healing and elevating influence of this world. - W. Wilson

## પંચપરમેષ્ઠિ શું હરે? શું આપે?

અરિહંત - દુઃખ અને શોક હરે - ઉત્સાહ આપે.
સિદ્ધ - પાપ અને ક્રોધ હરે - આનંદ આપે.
આચાર્ય - અજ્ઞાન અને ભય હરે - જ્ઞાન આપે.
ઉપાધ્યાય - સ્વાર્થ અને જુગુપ્સા હરે - દયા આપે.
સાધુ - મોહ અને રતિ હરે - સ્નેહ આપે.

o

To love the atman in ourselves is
to love it everywhere.
And to love atman everywhere is
to go beyond manifestation of
nature to the reality within nature.
God immanent 'आत्मा'
God transcendent 'ब्रह्म'
Atman and parabrahman are one.
No effort, however small, is wasted &
the harder we try, the sooner we shall
succeed in self development.
Faith is a seed, need be nothing more
than a feeling of interest in the

possibilities of spiritual life.
Faith increases through personal experience
and energy grows through practice,
the mind acquires a direction.
Then comes recollection of the atman.
We begin to collect our thoughts and
direct them towards a single good,
the knowledge of the atman.
As we do this, we find ourselves
becoming increasingly absorbed
in the thought of what we are seeking.
And so, at length, absorption merges into
illumination & the knowledge is ours.
First attention, then interest,
then desire, then will, then imagination,
then visualisation, then absorption and
ultimately identification
happens in our innerself.

## Great Epic અથવા મહાકાવ્યરૂપ છે

### સંસારમાં રહેલા ૯ રસ

(૧) શોક નહીં, દુઃખ માટે છે કરૂણરસ (૨) ક્રોધ નહીં, પાપ માટે રૌદ્રરસ (૩) ભય નહીં, અજ્ઞાન માટે છે ભયાનકરસ (૪) જુગુપ્સા નહીં, સ્વાર્થ માટે બીભત્સરસ (૫) હાસ્ય નહીં, મોહ માટે હાસ્યરસ (૬) રતિ નહીં, સ્નેહ માટે છે વાત્સલ્યરસ (૭) વિસ્મય નહીં, કર્મ માટે છે અદ્ભુતરસ

(૮) વીર નહીં, ધર્મ માટે છે ઉલ્લાસરસ.

(૯) વૈરાગ્ય નહીં, મુક્તિ માટે છે શાંતરસ.

(૧૦) મૈત્રી નહીં, સામ્ય-સમતા માટે છે ઉત્સાહરસ.

### કયો રસ પંચપરમેષ્ઠિઓનો?

(૧) અરિહંતોનો છે ઉત્સાહરસ (૨) સિદ્ધોનો છે આનંદરસ (૩) આચાર્યોનો છે ન્યાયરસ (૪) ઉપાધ્યાયોનો છે દયારસ (૫) ૧૪ રાજલોકમાં રહેલા સર્વ સાધુઓનો છે સ્નેહરસ.

### ધર્મ-અધર્મ થકી મળતા ફળના કયા રસ?

ધર્મફળના રસ - ઉત્સાહ, આનંદ, ન્યાય, દયા, સ્નેહ.

અધર્મફળના રસ - દુઃખ, પાપ, અજ્ઞાન, સ્વાર્થ નહીં મોહ અથવા શોક, ક્રોધ, ભય, જુગુપ્સા અને રતિ-અરતિ.

*It is as easy to be great as to be small.*

# સંસારનું સ્વરૂપ

સંસાર દુઃખ - પાપ - અજ્ઞાન - સ્વાર્થ - મોહ ભરેલો છે.
તે શોક - ક્રોધ - ભય - જુગુપ્સા - રતિ - અરતિ ભરપુર છે.
ધર્મ પામે એ જ સંસાર ઉત્સાહ, આનંદ, ન્યાય, દયા અને
સ્નેહથી પરિપૂર્ણ ભાસે છે, કેમકે સંસારમાં જ અરિહંત,
સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંતો વિચરે છે.
તેઓ પરમાર્થ માટે ઉત્સાહથી ભરેલા છે.
તેઓ આત્માનંદથી પૂર્ણ છે.
કર્મના ન્યાયે પાપીની દયા અને જીવોના સ્નેહથી ભરેલા છે.
સ્નેહ જેમનો સ્વભાવ છે, દયા જેમનો ધર્મ છે અને
ન્યાય તેમની નિષ્ઠા છે.
પંચપરમેષ્ઠિઓ ન્યાયથી વર્તે છે, દયા - સ્નેહસહિત છે,
તેઓ વિશ્વમાં આનંદ અને ઉત્સાહમય રીતે રહેલા છે,
પછી ભય શાનો? શોક શાનો?
જુગુપ્સા, ક્રોધ કે રતિ - અરતિ પણ શાના?
ક્રોધાદિ સર્વ દોષોના નિવારણ માટેની જડીબુટ્ટી
અરિહંતાદિ પંચપરમેષ્ઠિના સર્વના સ્નેહાદિમાં છે.
જગતમાં જેમ ક્રોધ છે - તેમ સ્નેહ પણ છે,
જેમ ભય છે - તેમ ન્યાય પણ છે.

જગતમાં જેમ સ્વાર્થ છે, તેમ દયા પણ છે.
જેમ આરતિ છે, તેમ તેનું નિવારણ કરનાર ઉત્સાહ પણ છે.
જગતમાં જેમ શોક છે, તેમ આનંદ પણ છે.
જેમ દુઃખ અને પાપ છે, તેમ આનંદ-ઉત્સાહ પણ છે.
જેમ અભાવ-સ્વાર્થ છે, તેમ ન્યાય અને દયા પણ છે.
જેમ મોહ અને વિક્ષેપ છે, તેમ સ્નેહ-સદ્ભાવ પણ છે.

## અરિહંતાદિ પંચપરમેષ્ઠિ કેવા છે?

અરિહંતાદિ મંગળમય તથા ઉત્તમ છે, કેમકે તેઓ ઉત્સાહ, આનંદ, ન્યાય, દયા, સ્નેહાદિ ભરેલા ઔષધિ શરણ્ય છે, પૂજ્ય છે, આરાધ્ય છે, ધ્યેય છે, જ્ઞેય છે, ઉપાદેય છે, મંગલકરણીય છે, સદા સ્મરણીય છે, શરણીય છે અને તેઓ પાસે આનંદ ભાવે આદરણીય પણ છે.

## પંચપરમેષ્ઠિને કરાતા નમસ્કારમાં શું છે?

નમસ્કારમાં ન્યાયને નમસ્કાર છે, દયા અને સ્નેહને નમસ્કાર છે, આનંદ અને ઉત્સાહને નમસ્કાર છે.
સ્નેહાદિ ન જોતાં વૈરાદિ જોવાં એ નિષેધાત્મક વલણ છે.
તે પોષણ નહિ પણ શોષણ કરે છે.

o

Positive thinking એ પોષક વિચારધારા છે.
Negative thinking એ શોષક વિચારધારા છે.

## નમસ્કારભાવ શું છે?

દુઃખ, શોક, ભય, ક્રોધ અને સ્વાર્થાદિ મલિન વૃત્તિઓને નિરખવાના બદલે આનંદ, ઉત્સાહ, ન્યાય, દયા અને ઉત્સાહાદિ શુભ વૃત્તિઓને જોવા, જાણવા તથા તેની પુષ્ટિ કરવા અને તેમાં જ રસ લેવો એ નમસ્કારભાવ છે.

સ્નેહાદિ ભાવાણુઓને જોઈને રાજી થવાથી,
તેની કદર અને તેનો આદર કરવાથી
આત્મા કૃતાર્થ થાય છે, કૃતકૃત્ય બને છે.
અરિહંતાદિને નમસ્કાર તે કુશળહો વિહિત થાય છે.
ક્રોધાદિ ભાવાણુઓનો વિચાર કરવાથી

નમસ્કારભાવ વધતો નથી, કિન્તુ તિરસ્કારભાવ પ્રગટે છે. તિરસ્કારભાવ એ વિષ અને નમસ્કારભાવ એ અમૃત છે. વિષપાન મૃત્યુજનક છે, અમૃતપાન અજરામર બનાવે છે. સ્નેહ, દયા, ન્યાય, આનંદ અને ઉત્સાહને પ્રગટાવનાર ભાવ તે નમસ્કારભાવ છે. દુઃખ, શોક, જુગુપ્સા અને ભય આદિ ભાવોને પ્રકટાવનાર તિરસ્કારભાવ છે. તિરસ્કાર ભાવરૂપી વિષને છોડી નમસ્કારભાવ અમૃતનું પાન કરવા માટે જિનશાસનરૂપી નંદનવનમાં શ્રી નવકાર મહામંત્ર છે.

અરિહંતાદિના સ્નેહથી આપણું અસ્તિત્વ છે.

અરિહંતોમાં સ્નેહ, દયા, ન્યાય, આનંદ અને પરમાર્થ કરવાનો ઉત્સાહ છે. તેઓની સાથે સતત સંબંધ ટકાવી રાખવા માટે તેઓને નમસ્કાર છે. સંસારમાં શોક, દુઃખ, ભય, પાપ, સ્વાર્થ અને મોહ છે. સંસાર પ્રત્યે આદર એ સ્વાર્થાદિ પ્રત્યે આદર છે. તેનું પરિણામ સંક્લેશમાં, કષાય અને કર્મની વૃદ્ધિમાં આવે છે. સંસારમાં વસીને સંસાર પ્રત્યે આદર ધરાવવાને બદલે ધર્મ પ્રત્યે આદર ધરાવવો એ જ સંક્લેશ, ક્લેશ અને કષાયથી મુક્ત થવાનો માર્ગ છે.

## કેવો છે આ સંસાર ?

સંસાર ભયાનક છે. કેમ? કેમકે તે અજ્ઞાનથી ભરેલો છે. સંસાર મનોહર છે, કેમકે તે ન્યાયથી સુવ્યવસ્થિત ચાલે છે. તે ક્લેશ ભરપુર છે, કેમકે તે સ્વાર્થના પાયા પર ખડો છે.

સંસાર સ્નેહથી પણ ભરેલો છે, કેમકે તે
સંતપુરુષોની દયા અને સહાનુભૂતિથી ભરચક છે.

સંસાર દુઃખની ખાણ છે, કેમકે
તે ઇષ્ટ વિયોગ તથા અનિષ્ટ સંયોગથી ય ખદબદે છે.

સંસાર આનંદનું ઘર છે, કેમકે જ્ઞાની પુરુષોને પ્રત્યક્ષ જગ ચિદાનંદ ભરપુર દેખાય છે. સંસાર મત્સ્યગલાગલ ન્યાયથી ભરેલો છે, કેમકે ત્યાં સબળ નિર્બળને કચડે છે.

સંસાર વાસ્તવિક ભરપુર છે, કેમકે ત્યાં
સજાતીયતા અને આત્મીયતાનો પરસ્પર સંબંધ હોવાથી
તે ધર્મવાસ્તા, દાનવાસ્તા અને કુટુંબવાસ્તાથી યુક્ત છે.

સંસારમાં જેમ અશુભ તત્ત્વો રહેલાં છે,
તેમ શુભ તત્ત્વો પણ રહેલાં છે.

આનંદ, ઉત્સાહ, ન્યાય, દયા અને સ્નેહ જેવા શુભ તત્ત્વો
સાથે સંબંધમાં રહેવા પરમેષ્ઠિ નમસ્કાર પ્રબળ સાધન છે.
તે અશુભ તત્ત્વોની સાથેનો માનસ સંબંધ તોડી આપે છે
અને શુભ તત્ત્વોની સાથે માનસ સંબંધ જોડી આપે છે.
શુભ તત્ત્વોનું અસ્તિત્વ સદા મન સન્મુખ રહેવાથી નિરાશાના
સ્થાને આશા, ભયના સ્થાને અભય, શોકના સ્થાને આનંદ,
સ્વાર્થના સ્થાને પરમસ્નેહ, મોહના સ્થાને વિવેક અને
અનિશ્ચિતતાના સ્થાને પરમ નિર્ભયતા અનુભવાય છે.
ક્રોધનું સ્થાન પ્રેમ અને ઉદ્વેગનું સ્થાન નિશ્ચલતા લે છે.
અશુભમાં વસવા છતાં શુભની અસરો અનુભવાય છે.

અરિહંતાદિને નમસ્કાર એટલે શું ?

તેમના સ્નેહ, દયા, ન્યાય, આનંદ તથા પરાર્થ પ્રત્યેના
ઉત્સાહને નમસ્કાર. તે તેઓમાં રહેલ સ્નેહ, ઉત્સાહાદિ
અને ન્યાયાદિ ગુણો આપણામાં પ્રગટાવવા માટે છે.

'વંદે તદ્ગુણલબ્ધયે ।'

આ વંદન ઈત્યાદિ ગુણોના સાચા અધિકારી બનવા માટે છે.
ક્ષણવાર પણ નમસ્કાર વિસરવા જેવો નથી. ગુણતત્ત્વોના
અસ્તિત્વ પ્રત્યે આસ્તિકતા સદાકાળ ટકી રહે તે માટે છે.
આસ્તિક્યના આધારે જ અનુકંપાદિ ગુણો જન્મે છે.
કર્મનો નિયમ, ધર્મની હિતકારકતા, પરસ્પરની સહકારિતા,
આત્માની પરસ્પરોપગ્રાહકતા અને દ્રવ્યાર્થનયથી વિશ્વની
પ્રકૃતિ ત્રિકાળાબાધિત નિત્ય, અવિચ્છિન્ન સંબંધયુક્ત છે.

એવું જ્ઞાન અને એવી નિશ્ચલ શ્રદ્ધા
એક જાતનો વિશ્વાસ પેદા કરે છે,
જેના આધારે જ આત્મા અવિચલ સુખનો અનુભવ કરે છે.
'વિશ્વની પાછળ અંધાધૂંધી નથી પણ અવિચલ નિયમ છે,
જીવોની પાછળ નિરાધારતા નથી પણ યોગક્ષેમકર તત્ત્વો છે.
પરસ્પર વિદ્વેષની પાછળ અરાજકતા નથી, કિન્તુ
ધર્મનું મહાસામ્રાજ્ય ઉત્તમ જીવોનું સદા રક્ષક છે!'
આ જાતની શ્રદ્ધા એ જીવનનો પ્રાણ છે;
vitamin છે, tonic છે.
સંસારમાં જેમ કર્મકૃત વૈષમ્ય છે,
તેમ ધર્મકૃત સામ્ય પણ છે.
વૈષમ્ય અસ્થાયી છે, સામ્ય સ્થાયી અને અવિનશ્વર છે.

પદાર્થની સાથે દૃષ્ટિ સ્થાપવાથી
આપણી અંદર ક્લેશ અને કષાયની ઉત્પત્તિ થાય છે.
આત્મા પ્રતિ દૃષ્ટિ સ્થિર કરવાથી
આપણી અંદર સમતા અને શાંતિ અનુભવાય છે.
જેનાથી સુખ, શાંતિ અને સમતાની અનુભૂતિ થાય,
તે વસ્તુ સર્વશ્રેષ્ઠ ગણાવી જોઈએ,
કેમકે સૌ કોઈ સુખ, શાંતિ અને સમાધાનના અર્થી છે.
દુઃખ, અશાંતિ અને અસમાધિ કોઈને પણ ઇષ્ટ નથી,
તેથી પદાર્થને ક્ષણસ્થાયી ગણીને
સદા સ્થિર અને સ્થાયી આત્મા પ્રતિ નજર રાખવાનો જ
સુંદર અભ્યાસ કેળવવો જોઈએ.
તે અભ્યાસ નમસ્કારમંત્રના સતત સ્મરણ-રટણથી સધાય.
સર્વ પુરુષોએ તે અભ્યાસનું અવલંબન લઈને જ
પોતાના આત્મકાર્યની સિદ્ધિ કરી છે અને
બાળજીવોને પણ તે માર્ગે ચાલવા માટે ઉપદેશ્યું છે.
ધર્મનો પાયો અનુભૂતિ છે, કિન્તુ
સર્વ પ્રમાણોમાં અનુભવપ્રમાણ જ શ્રેષ્ઠ છે.
દ્રવ્ય-ગુણ-પર્યાયથી અરિહંતોને જાણવાનું જે કહ્યું છે,
તે કેવળ શ્રુતથી જ નહિ પણ અનુભૂતિથી સમજવાનું છે.

जो जाणइ अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं ।
सो जाणइ अप्पाणं मोहो खलु जाइ तस्स लयं ॥
सव्वे वि अरहंता तेण विधाणेण खविदकम्मंसा ।
किच्चा तधोवदेसं निव्वाणा ते नमो तेसिं ॥ (परिशिष्ट-३)

## અહિંસા અને મૈત્રી

અહિંસા મૈત્રીનો અને અનેકાંત સમન્વયનો પર્યાય છે.
હિંસા એ વૈર અને ભયને વધારે છે, જ્યારે
અહિંસા એ બંનેને શમાવે છે.

જે રીતે મૈત્રીની સાધનાનું સર્વોત્તમ સાધન અહિંસા છે, તેમ અનેકાંત વિના પણ મૈત્રીમાં પૂર્ણતા આવતી નથી. બીજાના જીવનને આદર આપ્યા વિના અહિંસાની ભાવના ફળતી નથી, તેમ બીજાના વિચારોમાંના સત્ય પ્રત્યે ઉદારતા બતાવ્યા વિના મૈત્રીભાવનાનો પૂર્ણ વિકાસ અસંભવિત છે.

અહિંસા અને અનેકાંતની જોડીથી જ
મૈત્રી સાચી રીતે સંભવિત છે.

આચારમાં અહિંસા અને વિચારમાં અનેકાંત ધારણ કરવાથી
બધી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકે છે.

'આપણું કોઈ નથી' એવી ફરિયાદ કરવા પહેલાં
'આપણે કેટલાનાં છીએ' એ પ્રશ્ન વિચારવો જોઈએ.

આપણે બધાંનાં બન્યા વિના બધાં આપણાં બને,
એવી ઇચ્છા વળી કેવી રીતે પાર પડે?
'સમત્વયોગ' એનું નામ છે કે જ્યાં
બધાંઓ વચ્ચે રહેલ વિષમતાનો સમત્વ વડે છેદ થાય.
સમત્વની ભાવના વડે વિષમતાને ગૌણ બનાવી
એકત્વનો યોગ થાય, એનું જ બીજું નામ સમત્વયોગ છે.
જીવનમાંથી તમને ચાહતો વર્ગ કાઢી નાંખો પછી રહેશે શું?
વિચારી જુઓ. જે બચશે તે એક અંધકારમય પડછાયો.
તમે તે ઇચ્છો છો? નહિ.
તો બધાંઓ પણ તે ઇચ્છતા નથી.
જો વિશ્વને સુંદર બનાવવું હશે,
તો બધાંનાં સુખ-દુઃખને સમજવાં પડશે
અને પ્રેમનું વીણામાધુર્ય પ્રગટાવવું પડશે.
જેમ સંસારમાં દુઃખ, પાપ, અભાવ, મોહ અને સ્વાર્થ છે,
તેમ આનંદ, ઉત્સાહ, ન્યાય, દયા અને સ્નેહ પણ
ભરેલા છે; તેના તરફ નજર કરી, તમારી દૃષ્ટિને વાળો.
અરિહંતોનો ઉત્સાહ, સિદ્ધોનો આનંદ, આચાર્યોનો ન્યાય,
ઉપાધ્યાયોની દયા અને સાધુઓનો સ્નેહ
સર્વને સદાકાળ મદદ કરી જ રહ્યા હોય છે.

## સિદ્ધ દંડિકા

ભરતજીના પુત્ર આદિત્યયશા આદિ ચૌદ લાખ રાજાઓ
આંતરું પડ્યા વિના મોક્ષમાં ગયા.
આઠ પાટ સુધી તો આરીસાભુવનમાં કેવળજ્ઞાન ઉપજ્યું.
ત્યાર પછી એક સર્વાર્થસિદ્ધમાં અને ચૌદ લાખ મોક્ષે
- એમ અસંખ્ય પાટ સુધી ચાલ્યું.
પછી ચૌદ લાખ અને બે - એમ અસંખ્યાતી વાર.
પછી ૩,૪,૫,૬,૭,૮ યાવત્ ૫૦ સુધી અસંખ્યાત મોક્ષે ગયા.
એમ અનુલોમની જેમ પ્રતિલોમમાં ૧૪ લાખ સર્વાર્થસિદ્ધ
અને એકથી ૫૦ સુધી મોક્ષે ગયા.
પછી બે લાખથી માંડી સરખી સંખ્યામાં ૩, ૪, ૫,
એમ અસંખ્યાત વર્ષ સુધી વધારતા
સરખી સંખ્યામાં સર્વાર્થસિદ્ધ અને મોક્ષે ગયા.
પછી એકોત્તર મોક્ષે અને સર્વાર્થસિદ્ધે, પછી દ્વિકોત્તર,
પછી ત્રિકોત્તર, પછી વિષમોત્તરા પહેલા, વિષમોત્તરા બીજા,
એમ પચાસ લાખ ક્રોડ સાગરોપમ સુધી જાણવું.
સર્વાર્થસિદ્ધથી પાંચે અનુત્તર લેવા.
મૂળ મધ્ય વિમાન ૧ લાખ યોજનનું છે.
બાકી વિમાનો અસંખ્ય ક્રોડ લાખ યોજનનાં છે.

શ્રી નવપદજીનાં ૯ વ્યાખ્યાનો આજથી શરૂ થયા.

<u>પ્રથમ વ્યાખ્યાન - અધિકારિતા</u>

(a) ખંતો દંતો સંતો (b) કાયાને વશ કરીને રાખજો.

(c) સમિતિ પ્રવૃત્ત: સમ્યક્ ।

<u>કઈ ભાવનાથી શું વધે?</u>

ઉત્કૃષ્ટતાની ભાવનાથી મૈત્રી, પૂજ્યતાની ભાવનાથી વૈરાગ્ય, કર્મની ભાવનાથી નમ્રતા તથા ધર્મભાવનાથી નિર્ભયતા વધે છે.

શરીરના રક્ષણ માટે સંયમ, મનના રક્ષણ માટે તપ અને આત્માના રક્ષણ માટે અહિંસા છે.

ત્રણ કરણથી મન અને ત્રણ યોગથી હૃદય કેળવાય છે.

<u>બીજું વ્યાખ્યાન - ૯ રસમય સંસાર</u>

<u>રસમય વિશ્વ</u>

<u>સંસાર</u>માં દુઃખ છે માટે કરુણતા છે,
<u>અજ્ઞાન</u> છે માટે ભયાનકતા, <u>મોહ</u> છે માટે હાસ્યાસ્પદતા,
<u>વેદ</u> છે માટે શૃંગારમયતા, <u>સ્વાર્થ</u> છે માટે બિભત્સતા,
<u>ધર્મ</u> છે માટે <u>વાત્સલ્યમયતા</u>,
<u>કર્મનો</u> નિયમ છે તે માટે અદ્ભુતતા,
<u>પાપ</u> છે માટે રૌદ્રતા, <u>સત્ય</u> છે માટે <u>ઉત્સાહમયતા</u> તથા
<u>પ્રભુતા</u> છે, માટે સંસારમાં શમરસતા અથવા શાંતિ છે.

## ત્રીજું વ્યાખ્યાન - નવકાર અને નવપદનો સંબંધ

મંત્રથી પોતાના દિલનું મનન અને નિઃસંકોચથી સ્વીકારવા
લાયકનું રક્ષણ થાય છે. મંત્ર સંકલ્પ-વિકલ્પોને શમાવે છે.
મન પતંગ છે, જાપ દોરી છે અને મંત્ર એ ચરખી છે.
ભક્તિ એ ક્રિયા કે કર્મ નથી પણ જીવનની એક દૃષ્ટિ છે.
'જગત મારાથી નહિ પણ પ્રભુથી ચાલે છે.'
આ દૃષ્ટિકોણનું નામ જ 'ભક્તિ' છે.
દેવ એ કંચનના સ્થાને છે, ગુરુ એ કામિનીના સ્થાને છે.
કંચન ઉપર જેને ભારોભાર પ્રેમ છે, તે કામિની છે.
દેવ ઉપર પરિપૂર્ણ ભક્તિ ધારણ કરનાર ગુરુતત્ત્વ છે,
તેથી ગુરુની આજ્ઞા દેવની ભક્તિને ઉત્તેજે છે.
યોગક્ષેમકારક દેવતત્ત્વ કંચનના સ્થાને છે અને તેના ઉપર
પરિપૂર્ણ વિશ્વાસ ધરાવનાર કામિનીના સ્થાને ગુરુતત્ત્વ છે.

## ચોથું વ્યાખ્યાન - નવકાર અને સામાયિક

નવકાર વડે પૂર્ણતાની દૃષ્ટિ કેળવાય છે,
સામાયિક વડે શુદ્ધતાની દૃષ્ટિ સ્થિર થાય છે.
પૂર્ણતાની દૃષ્ટિ પૂર્ણ અને શુદ્ધતાની દૃષ્ટિ શુદ્ધ બનાવે છે.
પૂર્ણતાને પમાડનાર તરફ પૂર્ણભાવ જાગે છે.
શુદ્ધતાને ભાવનાર પ્રત્યે શુદ્ધતાનો ભાવ જાગે છે.

માતા બાળકને પુષ્ટિતાની દૃષ્ટિએ જુએ છે,
તેથી બાળકને પુષ્ટ ભક્તિ જાગે છે.
પિતા રક્ષકતાની દૃષ્ટિએ જુએ છે, તેથી રક્ષક ભક્તિ જાગે છે.
બંધુ, મિત્ર, સ્નેહી, સ્વજન, ઉપકારક અને આશ્રયદાતા
અંશે અંશે પણ રક્ષકતાનો ભાવ ધરાવે છે, તેથી તેમના
પર પ્રીતિ, સ્નેહ, સદ્ભાવ આદિ ભાવ અવશ્ય જાગે છે.
દેવ અને ગુરુ પુષ્ટ ભાવે જુએ છે,
તેથી તેમના પ્રત્યે વિવેકીને પૂર્ણ ભક્તિ જાગે છે.
ન જાગે તે તેટલા અંશમાં પણ જે અવિવેકી છે.

<u>પાંચમું વ્યાખ્યાન - સ્નેહપરિણામ</u>

નમસ્કાર એ ચમત્કાર છે, કેમકે તે સ્નેહનો પરિણામ છે.
સ્નેહપરિણામ એક તરફ ભક્તિ અને
બીજી તરફ અનુકંપામાં પરિણમે છે.
અનુકંપા અને ભક્તિ પુણ્યાનુબંધી પુણ્યના બીજ બનીને
અદ્ભુત બનાવોને સર્જે છે, તેનું જ નામ ચમત્કાર છે.
નમસ્કારથી જ શત્રુ એ મિત્ર બને, વિષ અમૃત બને,
અરણ્ય એ વાસગૃહ બને,
સિંહ શિયાળ અને વાઘ બકરાડું બને, વિપત્તિ સંપત્તિનો,
રોગ એ ભોગનો અને મરણ એ સદ્ગતિનો બીજ બને.

જ્ઞાન પણ મનથી કલ્પી શકાય નહિ, ચિત્તથી ચિંતવી શકાય નહિ, બુદ્ધિથી વિચારી શકાય નહિ એવા જ્ઞાની જેને છે, તે અભ્યંતર નમસ્કાર ભાવનો છે.

નમસ્કારભાવ, સ્નેહભાવ અને મૃદુભાવ
એ ત્રણે એકાર્થક શબ્દો છે.

જીવરાશિ પ્રત્યે સ્નેહનો પરિણામ જ નમસ્કારભાવનો તાત્પર્યાર્થ છે. એ સ્નેહભાવની સહાયથી જ સર્વ તીર્થંકરો, ગણધરો અને સઘળાં મહામુનિઓ પરમપદને પામે છે.

## છઠ્ઠું વ્યાખ્યાન - સ્નેહભાવ

સમસ્ત જીવરાશિ ઉપર સ્નેહનો પરિણામ
એ નાના મનુષ્યનો પણ મોટો વિચાર છે.
નાનો મનુષ્ય પણ આ વિચારથી મોટો બની શકે છે.

પરમેષ્ઠિનમસ્કારઃ સારઃ સદ્ધર્મકર્મસુ ।
નવનીતં યથા દધિ કાવ્યે ચ યથા ધ્વનિઃ ॥ સદુક્તિઃ

સદ્ધર્મ-કર્મનો ધ્વનિ કે કર્મનું નવનીત કોઈ હોય તો તે નમસ્કારભાવ, કૃતજ્ઞતા અને સ્નેહનો પરિણામ છે.

કૃતજ્ઞતાને જીવતી રાખો, પરોપકારને મોખરે રાખો.

સંબંધોના જગતમાં પરોપકાર = જીવો સાથે આત્મીયતા.
સ્વરૂપજગતમાં કૃતજ્ઞતા = જિનેશ્વર સાથે આત્મસાક્ષાત્કાર.

આ જગતમાં લાંબુ આયુષ્ય બે જ જણ ભોગવી શકે છે:
one clergyman and
the other high court judge.
અર્થાત્ એક ધર્મગુરુ અથવા પાદરી અને
બીજા ઉચ્ચ અદાલતના ન્યાયાધીશ.
એકમાં સ્નેહપરિણામ છે અને બીજામાં ન્યાયબુદ્ધિ છે.
સ્નેહપરિણામ એ સર્વ જીવો પ્રત્યેની વફાદારી છે તથા
ન્યાયનિષ્ઠા એ પરમાત્મતત્ત્વ પ્રત્યેની પરમ ભક્તિ છે.
સ્નેહમાં સાક્ષાત્ પ્રેમ અને દયા છે.
ન્યાયનિષ્ઠામાં ભક્તિ અને વફાદારી છે તથા
પરંપરાએ દયાતત્ત્વનું બહુમાન છે, સ્નેહભાવનું સર્જન છે.

## સાતમું વ્યાખ્યાન - ગુણાનુરક્તિનો ઉપાય

જીવરાશિ ઉપર સ્નેહનો પરિણામ એ નમસ્કારભાવ છે.
એ ભાવ મૈત્રી-મુદિતાદિ ભાવો વડે અભિવ્યક્ત થાય છે.
અરિહંતાદિ પ્રત્યે નમસ્કારભાવ એટલે
મૈત્રી-મુદિતાદિ ગુણો ઉપરનું બહુમાન.
નમસ્કારભાવ એ ગુણાનુરક્તિનો ઉપાય છે; તે
અહંકારનો નાશ કરવા સર્વોત્કૃષ્ટ પવિત્રતમ ધર્મક્રિયા છે;
નમસ્કારભાવ એ સકલ ધર્મક્રિયાનો ધ્વનિ છે.

સર્વ ધર્માનુષ્ઠાનો કર્મક્ષયના હેતુ સાથે થાય તો જ સદ્રૂપ છે,
તેમાં જ શ્રી જિનાજ્ઞાની આરાધના છે.

કર્મ અને ક્ષુધા - એ બન્ને પર્યાયવાચી શબ્દો છે, તેમ
કર્મમુક્તિ અને ક્ષુધામુક્તિ પણ એકાર્થક શબ્દો છે.

## આઠમું વ્યાખ્યાન - મમત્વ અને સમત્વ

સ્વની પ્રધાનતામાં નિમગ્ન ચેતનાને બહાર કાઢનાર પરની પ્રધાનતાનો વિચાર છે અને પરની પ્રધાનતામાંથી મુક્તિ અપાવનાર સ્વપર એકત્વની - સમત્વની અનુભૂતિ છે. વ્યવહારનયના વિચારમાંથી સર્વત્ર આભાર માનવાની વૃત્તિ પ્રગટે છે. સર્વત્ર પરનો ઉપકાર જોવાની વૃત્તિ વ્યવહારનયની પરિકર્મણામાંથી જાગે છે. એથી મિથ્યા અહંભાવ જાય પછી મમત્વને ટાળી સમત્વ પ્રગટ કરવાનું સામર્થ્ય નિશ્ચયનયની એકત્વ ભાવનામાં છે.

એકત્વના વિચારથી સંપૂર્ણ સમત્વ પ્રગટે છે.
વ્યવહારનયની ભાવનાને સુદૃઢ બનાવવા માટે
પરનાં સુખ-દુઃખ, પુણ્ય-પાપનો વિચાર છે.

તે વિચાર આત્મામાં મૈત્રી, કરુણા, મુદિતા, માધ્યસ્થ્યાદિ શુભ ભાવો પ્રગટાવે છે. તેને અંતરાત્મામાં સદા જાગ્રત રાખવાની સામગ્રી પરનાં સુખ-દુઃખ આદિ પૂરી પાડે છે.

## નવમું વ્યાખ્યાન - જગતનું ચૈતન્ય

વિષયાસક્તિનો વિરોધાભાસ ચૈતન્યની ભક્તિ છે.
વિષયાસક્તિથી કર્મના સંબંધમાં આવવાની અને
ચૈતન્યભક્તિથી મુક્તિના સંબંધમાં આવવાની
જગની સહજ પ્રક્રિયા વિકસે છે.

મૈત્રી આદિ શુભભાવોને જગાડનાર જીવોનું જગત છે,
ગુણાધિકત્વ, દુઃખીત્વ અને પાપપરાયણત્વ પણ છે, તેથી
વ્યવહારનયથી મૈત્ર્યાદિભાવોનું સ્વામિત્વ તે તે જીવોનું છે.
નિશ્ચયનયનું સાધન વ્યવહારનયનું આરાધન છે.
વ્યવહારનયના વિષયભૂત
સર્વના ચૈતન્યતત્ત્વનો ઉપકાર માનવારૂપ
સાધનના અવલંબનથી
નિશ્ચયનયના વિષયભૂત સાધ્યની સિદ્ધિ કરી શકાય છે.
જેમ સ્નેહરૂપી દીપકને જલાવવા માટે
સ્વાર્થરૂપી તેલની જરૂર પડે છે, તેમ
૧૪ રાજલોકની સમસ્ત જીવરાશિ ઉપર
આપણા આત્મસ્નેહનો પરિણામ જલતો રાખવા માટે
જીવો વડે થતી સ્વાર્થની સિદ્ધિના વિચારને
આપણે જીવનમાં સૌથી મુખ્ય બનાવવો જ જોઈએ.

દરેક દ્રવ્ય ક્રિયાઓમાં ઉત્તમ ભાવનાઓ રહેલી છે.
સામાયિક ક્રિયાનો સમાવેશ ચારિત્રમાં થાય છે અને
ચારિત્ર તે રત્નત્રયારૂપ ગુણમાંનો એક મુખ્ય ગુણ છે.
દ્રવ્યથી ચારિત્ર વ્રત નિયમરૂપ છે તથા
ભાવથી તે આત્મસ્વરૂપમાં નિરંતર રમવાની ક્રિયારૂપ છે.
'ભાવસામાયિક'નો અર્થ છે કે: ચિદાનંદમય આત્મસ્વરૂપમાં
નિર્વિકલ્પરૂપણે તથા ઉદાસીન ભાવે આપણે લીન થવું.
આવું સામાયિક સકલ કર્મનો ક્ષય કરવાવાળું છે.
ભાવ સામાયિક એવા પ્રકારનું છે કે તે
દરેક પ્રવૃત્તિ-નિવૃત્તિમાં આપોઆપ થયા કરે,
માત્ર આત્માની દિશાનું વલણ તે તરફ થવું જોઈએ.
મન-વચન-કાયાની દરેક પ્રવૃત્તિ જ એવા પ્રકારની થઈ
જવા જોઈએ કે જેથી ક્રમે ક્રમે આત્મિક ગુણોનો વિકાસ
થતો રહે. ભાવ સામાયિકની પ્રાપ્તિનું આ જ રહસ્ય છે.
સમ = સમતા - સમભાવ, આય = લાભ.
સામાયિક = જે ક્રિયાથી સમભાવની પ્રાપ્તિ થાય તે ક્રિયા.
કહ્યું છે કે: સમતા ગંગા મગનતા, ઉદાસીનતા જાત.
અર્થાત્ સમતારૂપી ગંગામાં મગ્નતા થવાથી
જે ઉદાસીન ભાવ પ્રાપ્ત થાય, તે જ ખરું સામાયિક છે.

'સામાયિક' એટલે સર્વ પ્રાણીઓને વિષે સમતા,
ઇંદ્રિયોના પાંચે વિષયો પ્રત્યે સમતા,
સર્વ પદાર્થો પ્રત્યે અને સર્વ ચિત્તવૃત્તિઓ પ્રત્યે સમતા.

## નવકારનું સ્વરૂપ

આ સંસારમાં એવી એક પણ બાબત નથી કે જેનો સમાવેશ નવકાર મંત્રમાં ન થતો હોય. પંચ પરમેષ્ઠિનું યથાર્થ સ્વરૂપ જેણે જાણ્યું, તેને જગતમાં બીજી કોઈપણ બાબત જાણવાની રહી જતી નથી. બધાં તત્ત્વો, દ્રવ્યો અને સિદ્ધાંતો પંચ પરમેષ્ઠિના મૂળ સ્વરૂપમાં સમાઈ જાય છે. સિદ્ધનું સ્વરૂપ સમજાય તો કર્મનું સ્વરૂપ સમજાઈ જાય. કર્મસ્વરૂપને સમજવાની સાથે પુદ્ગલ પરમાણુનું સ્વરૂપ સમજાય, કર્મને બાંધનાર જીવનું સ્વરૂપ સમજાય, સાથે ધર્મ-અધર્મ-કાળ અને આકાશ દ્રવ્યો પણ સમજાય. ષડ્દ્રવ્યનું સ્વરૂપ સમજાય એટલે અરિહંત અને સિદ્ધનું સ્વરૂપ સમજાય અને એ જો સમજાય એટલે ષડ્દ્રવ્યની સાથે સમસ્ત લોકાલોકનું સ્વરૂપ પણ સમજાઈ જાય. ટૂંકમાં નવકાર મહામંત્રનું યથાર્થ જ્ઞાન થાય તો એવો એકેયપણ પદાર્થ નથી કે જેનું જ્ઞાન નવકાર મંત્રની બહાર રહી જાય.

આ પ્રમાણે વસ્તુસ્થિતિ જે હકીકત હોવાથી આ
મહામંત્રની સ્તુતિ મહાન આચાર્યો પણ કરતાં આવ્યા છે.
સકલ શાસ્ત્રનું રહસ્ય કહો કે ચૌદ પૂર્વનો સાર કહો...
તો પણ આ નવકાર મહામંત્ર જ છે.

## અરિહંતનું સ્વરૂપ

રાગાદિદોષાન્ कर्मशत्रून् वा जयतीति हन्ति स अरिहंतः।

અર્થાત:

જે રાગ-દ્વેષાદિ ૧૮ દૂષણો કે કર્મરૂપી શત્રુનો નાશ કરી
વિજય મેળવે અને સૌ કર્મથી મુક્ત થાય, તે અરિહંત.
ઘાતી કર્મોના ક્ષય વિના કેવળજ્ઞાન ઉત્પન્ન થતું નથી,
તેથી સૌ પહેલાં ઘાતીકર્મરૂપી શત્રુનો નાશ
કર્યો પછી
તીર્થંકર નામકર્મનો ઉદય, એ જો જેને હોય તે અરિહંત.
કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી અરિહંતો જગતના જીવોને
ધર્મનો ઉપદેશ આપી કર્મથી મુક્ત થવાનો માર્ગ બતાવી
તીર્થની સ્થાપના કરે છે. એ રીતે સમવસરણમાં ઉપદેશ
વડે ભવ્ય જીવોને ઉપકારી અરિહંત જ હોવાથી તથા
સિદ્ધનું સ્વરૂપ સમજાવનાર પણ અરિહંત હોવાથી
ઉપકારકપણાં વડે અરિહંતનું ગ્રહણ પ્રથમ પદે થાય છે.

## વિનયનું ફળ

વિણયાહિયા વિજ્જા દિંતિ ફલં ઇહ-પરલોઅમ્મિ ।
ન ફલંતિ વિણયહીણા સસ્સાણિવ તોયહીણાણિ ॥

ગાથાર્થ: વિનયથી પ્રાપ્ત થયેલી વિદ્યા
આ લોક તથા પરલોકને વિષે ફળદાયી થાય,
વિનયરહિત વિદ્યા જળહીન ધાન્યની જેમ ફળદાયી ન થાય.

આયરિયનમુક્કારા વિજ્જામંતાય સિજ્જંતિ ।

ગાથાર્થ: જિનભક્તિથી જેમ પૂર્વના સંચિત કર્મો નાશ પામે છે, તેમ આચાર્યોના નમસ્કાર વડે વિદ્યા અને મંત્રો સિદ્ધ થાય છે. તેથી ગુરુઓને સૌ પ્રથમ વંદન, વિનય, વૈયાવચ્ચ અને નમસ્કાર કરવા જરૂરી છે. એ કારણે દરેક ક્રિયા ગુરુવંદનપૂર્વક અને ગુરુઆજ્ઞાએ કરવી જોઈએ.

ક્રિયાસંપન્ન, ક્રિયાપ્રધાન દશવિધ યતિધર્મને પાળનાર
તપોનિરત સાધુ ભગવંત હોય છે.

વસ્ત્રને રંગ ચઢાવવો હોય તો પ્રથમ તેને ધોઈને સ્વચ્છ કરવું જોઈએ, પછી શુદ્ધ થયેલા વસ્ત્ર ઉપર સુંદર રંગ ચઢી શકે છે, તેમ દરેક ક્રિયાની આદિમાં પાપથી અને દોષથી મુક્ત થવા માટે ઇરિયાવહી પડિક્કમવા જોઈએ, એવો શિષ્ટ સંપ્રદાયનો આચાર છે.

ઇરિયાવહિયાએ અપડિક્કંતા ન કિંચિ કપ્પઇ
ચેઇઅવંદણસજ્ઝાયાવસ્સયાદિકાઉં ॥

સ્ફુરતિ: ચૈત્યવંદન, સ્વાધ્યાય, ધ્યાન, આવશ્યક આદિ
કાંઈપણ ઇરિયાવહી પડિક્કમ્યા વિના કલ્પે નહિ.

ઇરિયાપથ = સાધુ-શ્રાવકનો ચાલવાનો માર્ગ.
ઇરિયાવહી = તેમાં પ્રવર્તતા થયેલા દોષથી મુક્ત થવાની ક્રિયા.
'મિચ્છામિ દુક્કડં' શબ્દ આંતરિક પશ્ચાત્તાપસૂચક છે.
અશાતાએ પરિવારને લઈને જીવમાત્ર જીવને
ત્રાસ ઉપજાવ્યો હોય તે સર્વે દુષ્કૃત મિથ્યા થાઓ.
'એ દોષથી હું મુક્ત થાઉં' એવી તેમાં ભાવના છે.
આ શબ્દથી કર્મબંધનનું દ્વાર બંધ થઈ જાય છે.
ઉપયોગપૂર્વક આપેલા મિચ્છામિ દુક્કડંથી
આત્મા શુદ્ધ થાય એમાં આશ્ચર્ય નથી.

દરેક જીવ ઉપર મૈત્રીભાવ કેળવવાને તે ઉત્તમ પ્રકારનું શિક્ષણ આપે છે. જો તે સમજીને કરાય તો તે આંતરિક પરિણામની શુદ્ધિ કરાવી શુક્લ ધ્યાન વડે ઘોર પાપનો પણ એક ક્ષણવારમાં વિનાશ કરી આપે. ઇરિયાવહીથી ખૂબ સ્વચ્છ થયા પછી વસ્ત્રાલંકારની જરૂરતે તસ્સ ઉત્તરી અને કાયોત્સર્ગ સૂત્રનો પાઠ છે. અન્ય જીવો પ્રત્યે થતાં

પાપનો પ્રતિબંધ થયા પછી આત્મા અંતરથી પણ વિશુદ્ધ થઈને પાપ કર્મથી રહિત થાય એ હેતુથી કાયાનો દરેક જાતનો વ્યાપાર અટકાવીને કાયોત્સર્ગ કરવાનો છે.

ઈર્યાપથિકી સૂત્ર પરદયાને સૂચવે છે, જ્યારે
તસ્સઉત્તરી સ્વદયાનું ભાન કરાવે છે.

કાયોત્સર્ગની ક્રિયા યોગમાર્ગની પ્રધાનતા સૂચવે છે.
બાવાઓ જે યોગમાર્ગને પ્રાપ્ત કરવા
અહર્નિશ પ્રયત્ન કરે છે, તે યોગમાર્ગની
ઉત્તમ પ્રકારની ક્રિયા જૈનોને તો વારસામાં મળેલી છે.
કાયોત્સર્ગ એ ધ્યાનની ક્રિયા છે.

બંને સૂત્ર વડે આત્માની શુદ્ધિ કર્યા પછી
ધર્મપ્રવર્તક પરોપકારી તીર્થંકર ભગવંતોને
નમન કરવારૂપી સ્તુતિનું કાર્ય કરવું જોઈએ.

સ્તવન સ્તુતિ વડે જીવ જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ બોધિલાભને મેળવે છે. આલંબન ઉપર જીવની પરિણતિનો આધાર છે. તીર્થંકરોનું આલંબન એ સર્વશ્રેષ્ઠ હોવાથી લોગસ્સને વારંવાર સ્થાન આપ્યું છે. તીર્થંકરોએ કેવી રીતે પોતાના કર્મો દૂર કર્યાં, તેની વિચારણા કરતાં આત્માને કર્મથી મુક્ત થવાનો માર્ગ મળી આવે છે.

## સામાયિકની પ્રતિજ્ઞા

સામાયિક એ ૪૮ મિનિટ અથવા માત્ર
બે ઘડી સમભાવમાં રહેવાની પ્રતિજ્ઞા છે.

સમભાવ એટલે...

નહીં રાગ તથા નહીં દ્વેષ વડે
સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરવો તે.

પૂર્વે સેવેલાં કર્મની નિંદા, વર્તમાન કર્મનો ત્યાગ અને ફરી ભવિષ્યમાં કર્મ નહિ કરવાની ભાવના અહીં દર્શાવાય છે.
નિંદા એ સારવારમાં કુપથ્ય ત્યાગ સમ લાભદાયક છે.
ગર્હા એ સારવારમાં પથ્ય સેવન સમ શક્તિદાયક છે.
વ્યુત્સર્ગ એ રસાયણ સેવનની જેમ આરોગ્યદાયક છે.
પડિક્કમામિ એ સારવારમાં વિરેચન સમ વૈરાગ્યદાયક છે.
અહીં તપ એ સર્વ રસાયણોમાં શ્રેષ્ઠ ઔષધ મકરધ્વજ છે.

પ્રશ્ન. સામાયિકમાં ૩ નવકાર કેમ ?

૩ નવકારમાં પ્રથમ મંગળ પ્રારંભ રૂપે, બીજો નવકાર સ્વાધ્યાયરૂપ અને ત્રીજો મંગળ સમાપ્તિરૂપે ગણાય છે.
પ્રથમ વડે વિઘ્નનાશ, મધ્ય વડે સ્થિરીકરણ અને અંત્ય નવકાર વડે શિષ્ય-પ્રશિષ્યાદિમાં પ્રવૃત્તિ થાય છે.
બધી ક્રિયાઓ ગુરુસાક્ષીએ કરવાથી ફળીભૂત થાય છે.

## ૧૮૨૪૧૨૦ - આ આંક શું છે?

નિશ્ચયથી જીવનો એક જ ભેદ છે. વ્યવહારથી ૨ થી ૧૪ સુધી તથા ૫૬૩ ભેદ શાસ્ત્રોમાં બતાવ્યા છે. જીવનો ૧ ભેદ = ઉપયોગ લક્ષણ, જીવના ૨ ભેદ = ત્રસ - સ્થાવર,

જીવના ૩ ભેદ = સ્ત્રી - પુરુષ - નપુંસકવેદ,

જીવના ૪ ભેદ = નારકી, તીર્યંચ, મનુષ્ય, દેવતા.

જીવના ૫૬૩ ભેદમાં: ૧૪ નારકી, ૪૮ તીર્યંચ,

૩૦૩ મનુષ્ય તથા ૧૯૮ ભેદ દેવતાના છે.

૫૬૩ x ૧૦ = ૫૬૩૦ x ૨ = ૧૧૨૬૦

૧૧૨૬૦ x ૩ = ૩૩૭૮૦ x ૩ = ૧૦૧૩૪૦

૧૦૧૩૪૦ x ૩ = ૩૦૪૦૨૦ x ૬ = ૧૮૨૪૧૨૦ પ્રકારે હિંસા.

૫૬૩ x ૧૦ : અહીં ૧૦ = અભિહયાદિ ૧૦ પદ.

૫૬૩૦ x ૨ : અહીં ૨ = રાગ તથા દ્વેષ.

૧૧૨૬૦ x ૩ : અહીં ૩ = મન - વચન - કાયા.

૩૩૭૮૦ x ૩ : અહીં ૩ = કરવું - કરાવવું - અનુમોદવું.

૧૦૧૩૪૦ x ૩ : અહીં ૩ = ભૂત, ભવિષ્ય, વર્તમાનકાળ.

૩૦૪૦૨૦ x ૬ = અરિહંત, સિદ્ધ, સાધુ, દેવ, ગુરુ, આત્મા.

અલ્પદોષથી પણ આત્માને મુક્ત કરવા
કેટલો ઉપયોગ રાખવાની જરૂર છે, તે આ ભેદો સૂચવે છે.

## ધર્મકથનની વિધિ

(૧) શ્રોતાનું શાસ્ત્રજ્ઞાન-દેવભક્તિ-ક્રિયાદિ પ્રવૃત્તિ જાણવા.
(૨) અતિવિસ્તાર-દાનાદિ સાધારણ ગુણની પ્રશંસા કરવા.
(૩) વિશિષ્ટ ગુણ અહિંસા - બ્રહ્મચર્યાદિનું આખ્યાન કરવું.
(૪) અબોધે પણ અનિંદા વિષયક વારંવાર ઉપદેશ કરવો.
(૫) બોધે પ્રત્યેકવર્ણન કરવું. (૬) શુશ્રૂષા ભાવરક્ષણ કરવું.
(૭) શ્રોતામાં શાસ્ત્ર વિષયક બહુમાનને ઉત્પન્ન કરવું.
(૮) આક્ષેપણી કથા કહેવા. (૯) આચાર-લોચાદિ, વ્યવહાર-પ્રાયશ્ચિતાદિ, પ્રજ્ઞપ્તિ-દ્રવ્યાદિ, દૃષ્ટિવાદ-સૂક્ષ્મ ભાવાદિ ભાવો વિષયક કહેવું. (૧૦) જ્ઞાનાચાર આદિનું કથન કરવું.
(૧૧) શક્ત્યનુસાર પાલનોપદેશ કરવો. (૧૨) અશક્ત્યે ભાવ પ્રતિપત્તિ કરાવવા. (૧૩) પાલનના ઉપાયનો ઉપદેશ કરવો.
(૧૪) ફલપ્રરૂપણા કરવા. (૧૫) દેવર્દ્ધિ આદિનું વર્ણન કરવું.
(૧૬) અસદાચાર ગર્હા (૧૭) સ્વરૂપ કથન (૧૮) સ્વયં પરિહાર
(૧૯) ઋજુભાવસેવન (૨૦) અપાયરૂપતા (૨૧) નારક દુઃખો-પવર્ણન (૨૨) દુઃખપરંપરા (૨૩) મોહકર્મ નિંદા (૨૪) જ્ઞાનની પ્રશંસા (૨૫) પુરુષાર્થ-વીર્યાદિનું વર્ણન (૨૬) પરિણતે ગંભીર દેશનાયોગ (૨૭) શ્રુતધર્મ કથન (૨૮) પરીક્ષાવતાર (૨૯) કષાદિ પ્રરૂપણા (૩૦) નિત્યાનિત્ય, ભિન્નાભિન્ન (૩૧) બોધિલાભ પ્રરૂપણા (૩૨) ચારિત્ર ભાવના - રાગાદિસ્વરૂપનું વર્ણન કરવું.

## બાલ - મધ્યમ - બુધ જીવો પાસે દેશનાવિધિ

(१) બાલની આગળ બાહ્યઆચરણપ્રધાન દેશના કરવી અને પોતે પણ તે આચાર તેમની આગળ નિયમા પાળવા. સમ્યગ્ લોચ કરવો, ઉઘાડા પગે ચાલવું, ભૂમિશયન કરવું, રાત્રિના બે પ્રહર જ શયન કરવું, ટાઢ-તડકો સહન કરવો, છઠ્ઠ - અઠ્ઠમાદિ ઉગ્રકારી તપ કરવો, શુદ્ધ અને અલ્પ ઉપકરણો રાખવા, પિંડવિશુદ્ધિ પાળવી, વિચિત્ર અભિગ્રહો ધારણ કરવા, વિગઈઓનો ત્યાગ કરવો, એક સિક્થાદિનું (ઉકાળેલા ચોખાનું) પારણું કરવું, અનિયત વિહાર કરવો તથા બાલ જીવોની આગળ નિરંતર કાયોત્સર્ગાદિ કરવા.

(२) મધ્યમ બુદ્ધિ જીવોની આગળ સાધુનું સદ્વર્તન કહેવું. ત્રિકોટિ પરિશુદ્ધ ઈર્યાસમિત્યાદિનું પાલન કરવું. વિધિપૂર્વક આગમ ગ્રહણ કરવું. ગુરુ પરતંત્ર રહેવું. શુભાશયથી ગુરુબહુમાન એ પરમગુરુની પ્રાપ્તિનું બીજ છે.

(3) બુદ્ધિમાન જીવોની આગળ આગમતત્ત્વ પ્રકાશવું. વચનની આરાધનાથી ધર્મ, વચનની બાધાથી અધર્મ છે. આ જ એક ધર્મ ગુહ્ય અને પરમ રહસ્ય છે. સન્માર્ગમાં પ્રવર્તક અને ઉન્માર્ગથી નિવર્તક પરમગુરુનું વચન છે. ધર્મ વચનથી જ બંધાયેલો છે, વચન હૃદયમાં રહે છે.

મુનીન્દ્રના હૃદયમાં તત્ત્વથી ધર્મ રહે છે.
હૃદયમાં મુનીન્દ્ર રહેવાથી નિયમા સર્વાર્થની સિદ્ધિ થાય છે.
વચનોપયોગપૂર્વકનો ધર્મ એ જ શ્રેષ્ઠ ચિન્તામણિ છે.
તેવા ધર્મથી શમરસની પ્રાપ્તિ થાય છે, જે
યોગી પુરુષોની માતા છે અને
શીઘ્ર નિર્વાણફળને આપનારી છે.
નિર્મળ મતિવાળો જે રીતે ઔચિત્ય મુજબ ધર્મને કરે છે,
ત્યારે શ્રોતાઓને વિષે નિર્વાણફળને આપનાર
અતુલ ધર્મને પેદા કરે છે.
જીવો 3 પ્રકારના છે: બાલબુદ્ધિ, મધ્યમ તથા બુધબુદ્ધિ.
બાલબુદ્ધિ અસદારંભી છે, તે લિંગને શ્રેષ્ઠ માને છે.
મધ્યમબુદ્ધિ મધ્યમાધ્યવસાયવાન છે, તે આચારને વિચારે છે.
બુધબુદ્ધિ કે વિશિષ્ટ બુદ્ધિવંત જીવો માર્ગાનુસારી છે,
તેથી સર્વ પ્રયત્ન વડે તેઓ આગમતત્ત્વને જુએ છે.
(૧) બાહ્યલિંગ અસાર છે. કાર્યવશાત્ વિડંબક પણ તેને
ધારણ કરે છે. કાચલીમાત્રનો ત્યાગ કરવાથી સર્પ નિર્વિષ
બનતો નથી. બાહ્ય દર્શનકારીઓ પણ અશુભભાવવાળાના
બાહ્યાચાર - બાહ્ય આડંબરને મિથ્યાચાર જ માનેલ છે.
આગમમાં તેને અપથ્યના ઉકરડા સમાન કહેલ છે.

(૨) અસદારંભ નિવૃત્તિવાળું સદનુષ્ઠાન એ ચારિત્ર છે.
સુપરિશુદ્ધ આંતર પરિણામથી તે પરિશુદ્ધ બને છે.
લઘુદોષને નહિ કરવા અને ગુરુદોષને આચરવા તથા
સત્પુરુષોને નિંદવા, એ અશુદ્ધ અંતઃકરણનાં ચિહ્નો છે.
(3) આગમતત્ત્વ દૃષ્ટેષ્ટાવિરુદ્ધ વાક્યરૂપ છે.
ઉત્સર્ગાદિ સમન્વિત અને ઐદંપર્ય પરિશુદ્ધ હોવું જોઈએ.
આત્મા પરિણામી છે, તે વિચિત્ર સત્કર્મથી બદ્ધ છે,
કર્મવિયોગથી મુક્ત થાય છે, અહિંસાદિ તેનો હેતુ છે.
પરલોક વિધિમાં પ્રમાણ અતીન્દ્રિય જ્ઞાનીઓનું વચન છે,
તે અનાદિ છે અને તે જ ઐદંપર્યની શુદ્ધિ છે.
એ રીતે બાલાદિ ભાવને સારી રીતે જાણીને
ગુરુએ ધર્મદેશના કરવી જોઈએ.
પરસ્થાને દેશના એ પાપ છે, ઉન્માર્ગની પોષક છે તથા
ભવવનમાં દારુણ વિપાકને આપનારી છે.
જેમ વાયુના રોગોમાં જે ઔષધ હિતકર છે, તે શ્લેષ્મના
રોગોમાં અહિતકર છે, તેમ સદ્ધર્મનું દેશનારૂપી ઔષધ
પણ બાલાદિની અપેક્ષાએ હિતકર સમજવું.
એ વસ્તુ જાણીને શુદ્ધભાવસંપન્ન યથોચિત વિધિપૂર્વક
જે દેશના આપે છે, તે નિયમા બોધિને કરનારો થાય છે.

० ધર્મ એ ચિત્તસ્વરૂપ છે, ધર્મ એ ચિત્તરૂપ છે.
ચિત્તસ્વરૂપ એટલે ભાવધર્મ.
ચિત્તરૂપ એટલે દ્રવ્યધર્મ.
ધર્મની ઉત્પત્તિ ચિત્તથી થાય છે.
ક્રિયાનો આધાર ચિત્ત છે,
ચિત્તની ક્રિયાનો આશ્રય શરીર છે.
ધર્મ એ ચિત્તસ્વરૂપ કે ચિત્તરૂપ છે, કારણકે
વિધિ પ્રતિષેધરૂપ ક્રિયા ચિત્તથી જ પ્રવર્તે છે.
આ ક્રિયા એ કાર્ય છે, કેમકે
તે ચિત્તથી ઉત્પન્ન થયેલ છે.
ચિત્તથી પ્રવર્તતું આ ક્રિયાલક્ષણ કાર્ય કેવા પ્રકારનું છે?
તે કાર્ય શરીરને આશ્રયીને પ્રવર્તતું છે.
શરીરાશ્રયી ક્રિયા લક્ષણ કાર્ય, જે ચિત્તથી પ્રવર્તે છે,
તે ચિત્ત એ ધર્મ છે.
'ચિત્તથી ઉત્પન્ન થાય તે ધર્મ' એ અર્થ કહ્યું હોત તો
ચિત્તનું ગ્રહણ ન થાત પણ ધર્મનો જ વિશેષ પદ બનત.
વળી તેથી ચિત્તને વિશેષણ પદની સાથે સંબંધ ન થાત.
આથી અર્થ જાણવું કે: રાગાદિ મલ દૂર થવાથી
પુષ્ટિ અને શુદ્ધિ લક્ષણવાળું જે ચિત્ત છે, એ ધર્મ છે.

ધર્મનો અર્થ પંથ નહિ,
પણ સુખનું અસાધારણ કારણ જે હોય અને
સર્વ મનુષ્યોનો જે દુઃખથી ઉદ્ધાર કરે,
તેનું જ નામ ખરો 'ધર્મ' છે.

## નામ V/S નમસ્કાર

નામ એ પારસમણિ સમાન છે,
તે મન રૂપી લોખંડને સુવર્ણ બનાવે છે, જ્યારે
નમસ્કાર તો અચિન્ત્ય ચિન્તામણિ છે,
તે આત્મારૂપી સુવર્ણને પારસ બનાવે છે.
નામ પરિચય કરાવે, જ્યારે નમસ્કાર સમર્પણ કરાવે.
નામ એ શબ્દ છે, નમસ્કાર એ ક્રિયા છે.
નામરૂપી વિજ્ઞાન વડે નમસ્કારરૂપી પરિણતિ ઘડાય છે.
નામ એ વસ્તુતંત્ર છે, જ્યારે નમસ્કાર એ પુરુષતંત્ર છે.
નામથી વસ્તુનો બોધ થાય છે, જ્યારે
નમસ્કારથી આત્માની પરિણતિ પલટાય છે.
જેનામાં સંપૂર્ણપણે નમ્રતાનું ભાન જાગ્યું નથી,
તેનામાં કદી સત્યની શોધ થઈ શકતી નથી.
સત્યના સમુદ્રની સપાટી ઉપર સરળપણે તરવું હોય, તો
તમારે શૂન્ય - પરિપૂર્ણ - નમ્ર બની જવું આવશ્યક છે.

(૬) સુન્દરેતર કાર્યોમાં સુસ્થિત મહારાજા પરમ કારણ છે.

तदाज्ञालंघनात् दुःखम् तदाज्ञाकरणात् सुखम् ।
अतः संपद्यते सर्वं सर्वेषामपि देहिनाम् ॥१॥
अणुमात्रमपि तन्नास्ति भुवनेऽत्र शुभाशुभम् ।
तदाज्ञानिरपेक्षं हि यज्जायेत कदाचन ॥२॥
तेनेच्छारागविद्वेषरहितोऽपि स भूपतिः ।
निर्वृतिस्थोऽपि कार्याणां सोऽयं परमकारणम् ॥३॥

(પરિશિષ્ટ-૪)

તે ઉપરાંત આજ્ઞા દ્વાર બને છે. દ્વાર વડે દ્વારીની અન્યથા સિદ્ધિ કેવી રીતે કરી શકાય? ગુરુની આજ્ઞાથી શિષ્યનું હિત થાય છે, તેથી ગુરુની અન્યથા સિદ્ધિ થતી નથી, કિન્તુ આજ્ઞા દ્વારા હિત કરનાર પણ 'ગુરુ' જ ગણાય છે.

(૨) ભાવનિક્ષેપે સયોગી કેવલી અવસ્થામાં રહેલા અને દ્રવ્યનિક્ષેપે સિદ્ધ અવસ્થામાં રહેલા જિનેશ્વરોની આજ્ઞા ઘટી શકે, તો ત્યાં એ પ્રશ્ન ઉભો થાય છે કે તીર્થંકરત્વ પામ્યા સિવાય જે જે સિદ્ધ થયેલા હોય, તેને સુસ્થિત મહારાજામાં ગણવા કે કેમ? 'ઉપમિતિ'માં એ રીતે ભેદ પાડેલો નથી.

(૩) અનાદિસિદ્ધ આજ્ઞાને તીર્થંકરદેવો પ્રકાશિત કરે છે.

સિદ્ધપદ બીજું ફળ છે, તેથી અનાદિસિદ્ધ એવા આત્માની
શુદ્ધ પ્રકાશક તરીકે તીર્થંકર દેવોની અભિન્નતા છે,
તેમ ફળ તરીકે સિદ્ધપરમાત્માની ય આત્માથી અભિન્નતા
હોવાથી એ અપેક્ષાએ આત્માનું સ્વામિત્વ બંનેમાં ભાસે છે,

તેથી સુસ્થિત મહારાજ તરીકે

તીર્થંકરસિદ્ધ તથા અતીર્થંકરસિદ્ધ - બધાનો સંગ્રહ કરીને

એકવચન આપેલું ગણવામાં બાધ ગણાય?

(૪) 'ઉપમિતિ'માં વળી બીજે સ્થળે નીચેનો શ્લોક છે, તે

આ વિષયમાં વિચારણીય છે, ત્યાં કહ્યું છે કે:

સ દેવઃ પરમાત્માખ્યઃ શુદ્ધબોધપ્રભાવકઃ ।
અશરીરોઽપ્યનન્તેન વીર્યેણ ભવભેદકઃ ॥૧॥

અહીં અશરીરી એવા સિદ્ધ ભગવંતને ભવભેદક કહ્યાં છે.

(૫) 'ઉપમિતિ'ના આ વિમલકૃત સ્તુતિના અંતમાં કહ્યું છે કે:

ત્વદાયત્તો ભવો ધીર ! ભવોત્તારોઽપિ તે વશઃ ।
એવં વ્યવસ્થિતે કિં વા સ્થીયતે પરમેશ્વર ! ॥૧॥

આ શ્લોકમાં પ્રભુની સ્તુતિ કરતાં કહ્યું છે કે:

હે ધીર! મારો સંસાર તારે આધીન છે અને
સંસારનો નિસ્તાર પણ તારે આધીન છે.

જો આમ છે, તો હે પરમેશ્વર! શા માટે વિલંબ કરો છો?

અહીં ભવભ્રમણ અને ભવનિસ્તાર - એમ
બંને પ્રભુને જ આધીન કહેલ છે, તો
નિસ્તાર પ્રભુભક્તિને આધીન હોવા છતાં
અને એ ભક્તિ ભક્તના હૃદયમાં હોવા છતાં
'પ્રભુ નિસ્તારક છે' એમ કહ્યું છે,
તે ન્યાયથી ઉપલક્ષણ વડે તથા
પ્રભુની આજ્ઞાની વિરાધના વડે ભવભ્રમણ થાય છે,
કારણ કે તે વિરાધના પ્રભુવિષયક હોવાથી
અનંત ભવભ્રમણનું કારણ બને છે.
આમ આરાધના તથા વિરાધના - એમ
બંનેમાં પ્રબળ નિમિત્ત પ્રભુનું હોવાના કારણે
'આરાધના તથા વિરાધના - બંને પ્રભુને આધીન છે'
એમ કહ્યું છે કે બીજો કોઈ આશય રહેલો છે?
ભક્તિમાં પ્રભુની સત્કારિતા છે એટલે નિમિત્ત ગણાય
પણ વિરાધનામાં પ્રભુની સત્કારિતા નથી
એટલે નિમિત્ત ન ગણાય, તો
આ અને આવા પ્રકારની બીજી સ્તુતિઓની પાછળ
વિરાધનામાં પ્રભુને કારણ માનવામાં અન્ય કઈ અપેક્ષા
રહેલી હશે, તે વિચારણીય બાબત ગણી શકાય તેમ છે.

(૬) જેમ પ્રભુની આજ્ઞાના આરાધકોને અનુગ્રહકારક
થવાની શક્તિ પ્રભુમાં રહેલી છે,
તેમ પ્રભુની આજ્ઞાના વિરાધકને
નિગ્રહકારક થવાની શક્તિ પણ પ્રભુમાં રહેલી છે,
એમ ઉપરના શ્લોકોથી સાબીત થાય છે કે કેમ?
આ બાબત પણ વિચારણીય છે.

આ ઉપરાંત અગ્નિ જેમ વિધિપૂર્વક સેવન કરનારની શીત હરે છે, તેમ અવિધિપૂર્વક સેવન કરનારનો નાશ પણ અગ્નિ જ કરે છે. આ દૃષ્ટાંતથી પ્રભુનું સામર્થ્ય બતાવી શકાય કે કેમ? આ બાબત પણ અત્યંત વિચારણીય છે.

o

*In the spiritual life, every person is
his or her own discovery and
you need not grieve if your discoveries
are not belived in by others.
It is not your business to argue or
prove them to others.
It is your business to push on;
find more and increase your own
individual happiness.*

'ઉપકાર' એવં 'ઉપગ્રહ' શબ્દો અંગે વિચારણા

'સિદ્ધ ભગવાનનો આપણા ઉપર ઉપકાર વર્તમાન કાળે
જ પણ એમના ઉપર ભવીનો ઉપકાર ભૂતપૂર્વ નયે!
આ અભિપ્રાય ઉપર 'ઉપગ્રહ' શબ્દનો અર્થ 'નિમિત્ત'
લઈને કેવી રીતે ઘટાવી શકાય,
તે શાસ્ત્રોમાં અદ્ભુત ભાવાર્થ દર્શાવ્યું છે.
હવે સૂત્રનિર્દિષ્ટ 'ઉપગ્રહ' શબ્દ ન લેતાં
સીધો સિદ્ધ ભગવંતનો 'ઉપકાર' શબ્દ લઈએ, તો...
'ષટ્જીવનિકાયહિત - પરમાત્મ તત્ત્વં ધ્યેયં ।'
એમ શ્રી વીતરાગ સ્તોત્ર પ્ર. ૧૪ શ્લોક ૮ની
ટીકામાં કરેલો અર્થ લાગુ થાય છે.
'વીતરાગ સ્તોત્ર' પ્ર. ૧૪નો શ્લોક નીચે મુજબ છે:
ધ્યાતા ધ્યેયં તથા ધ્યાનં ત્રયમેકાત્મતાંગતં ।
ઇતિ તે યોગમાહાત્મ્યં કથં શ્રદ્ધીયતાં પરૈઃ ॥
એટલે વર્તમાન કાળે ભવ્યાત્મ ઉપર પરમાત્માનો ઉપકાર
થઈ રહ્યો છે અને ભવીનો ઉપકાર સિદ્ધ ભગવંતો
ઉપર ભૂતપૂર્વ નયે થયો છે, કેમકે ભવ્યાત્મ ઉપરની
કરુણાના અધ્યવસાયથી જ મુક્તિ મળી છે,
અન્યથા મુક્તિ અસંભવિત છે.

વીતરાગ સ્તોત્ર શ્લોક ૧૫માં એ વાત કરી જ છે

મૈત્રી પવિત્ર-પાત્રાય, મુદિતા મોદશાલિને ।
કૃપોપેક્ષા-પ્રતીક્ષાય, તુભ્યં યોગાત્મને નમઃ ॥

મુક્તિ સાધક ધર્મના લક્ષણમાં 'મૈત્ર્યાદિ ભાવ સંયુક્તં તદ્ધર્મ ઇતિ કીર્ત્યતે ।' ધર્મબિન્દુથી એટલે જીવમાત્રની હિતચિંતા અને કરુણાના અધ્યવસાયપૂર્વકના અનુષ્ઠાનને જ ધર્મસંજ્ઞા પ્રાપ્ત થાય છે. તે પરમ ધર્મને સાધીને જ સિદ્ધ પરમાત્માઓ સિદ્ધિ સ્થાને બિરાજમાન છે, તેથી ભૂતપૂર્વ નયથી મૈત્રી-કરુણાદિના વિષયભૂત જીવોને અમો ઉપકારક બન્યા છે, એમ કહેવામાં હરકત જણાતી નથી. આમ ઉપગ્રહ-ઉપકાર શબ્દોને જુદા પાડી વિચારી શકાય.

## શ્રુતજ્ઞાનનો મહિમા

નમસ્કાર મંત્ર એ શ્રુતજ્ઞાન છે, ચૌદ પૂર્વનો સાર છે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ - એ પાંચ જ્ઞાનમાં ૪ જ્ઞાન મૂંગા છે. શ્રુતજ્ઞાન સ્વપર પ્રકાશક છે. તે પોતાનું અને બીજાનું સ્વરૂપ જણાવે છે. બીજા ૪ જ્ઞાનનું સ્વરૂપ જાણવું હોય તો પણ શ્રુતજ્ઞાનથી જ જાણી શકાય છે. ષડ્દ્રવ્યનું, નવતત્ત્વનું, જડ-ચેતનનું કે સમગ્ર લોકાલોકનું જ્ઞાન શ્રુતજ્ઞાનથી થઈ શકે છે.

તેથી જૈનશાસનમાં શ્રુતજ્ઞાનને પરમ ઉપકારક માન્યું છે.
તેને ભણવું - ભણાવવું - લખવું - લખાવવું - સંગ્રહ કરવું -
રક્ષણ કરવું જોઇએ અને તેના ભક્તિમાં સર્વ પ્રકારે
શ્રુતજ્ઞાન તથા શ્રુતજ્ઞાનીની આરાધના કરવી જોઇએ.
આ આરાધનાથી જ્ઞાનાવરણાદિ કર્મ નાશ પામે છે અને
પરિણામે આપણો જીવ કેવળજ્ઞાનનો અધિકારી બને છે.

આજે ૧૪ પૂર્વ અને ૧૨ અંગનો વિચ્છેદ છે.

૧૧ અંગ પણ જે ઘણુ વિશાળ પ્રમાણમાં હતા,

તે હવે ઘણુ ટૂંકા પ્રમાણમાં રહ્યા છે.

જો કે આપણા માટે તો તે પણ વિશાળ ગણાય.

૧૧ અંગ - ૧૨ ઉપાંગ - ૬ છેદ - ૪ મૂળ - ૧૦ પયન્ના અને
૨ ચૂલિકા સૂત્ર - એમ કુલ ૪૫ આગમ આજે વિદ્યમાન છે.
તેના ઉપર ટીકા, ભાષ્ય, ચૂર્ણિ, નિર્યુક્તિ આદિનો સરવાળો
કરીએ તો આજે પણ સંસ્કૃત - પ્રાકૃત - હિન્દી - ગુજરાતી
વગેરે ભાષામાં લાખો શ્લોક પ્રમાણ શાસ્ત્ર વિદ્યમાન છે.
તે બધું પણ ન ભણી શકે તો પોતાની શક્તિ પ્રમાણે
રોજ ૫ - ૧૦ ગાથા જેટલું કે છેવટે ઓછી શક્તિવાળાએ
એક ગાથા કે અડધી ગાથા પણ નવી ભણવી જોઇએ.
તે પણ ન ભણી શકે તેણે રોજ ઓછામાં ઓછા

૧૦૮ નવકાર ગણવાને પણ શાસ્ત્રસ્વાધ્યાય કરવો જોઇએ. આ નવકાર મહામંત્ર એ શ્રુતજ્ઞાનનો સાર છે, તેને ગણવાથી કે તેનો સતત સ્વાધ્યાય કરવાથી શ્રુતજ્ઞાનની મહાઆરાધના થાય છે, જ્ઞાનાવરણીય કર્મ ખપે છે અને

આત્માના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન થાય છે.

આમ થવાથી મોહનીય કર્મનો ક્ષય થાય છે.

તેમ થવાથી અંતરાયકર્મ આદિ કર્મો પણ નાશ પામે છે. જીવ ઘાતીકર્મ ખપાવીને કેવળજ્ઞાન પામવાનો અધિકારી થઇને પ્રાંતે અઘાતીકર્મ ખપાવીને સિદ્ધપદને પામે છે. શ્રુતજ્ઞાનની આરાધના માટે બીજું કાંઇ ન બની શકે, તો રોજ ઓછામાં ઓછા ૧૦૮ નવકાર એકાગ્ર ચિત્તે બહુમાનપૂર્વક - પવિત્રભાવથી ગણવાનો અભ્યાસ પાડવો. તેનું ફળ મોટું છે પરંપરાએ કેવળજ્ઞાન અને મુક્તિ છે.

તે ન મળે ત્યાં સુધી ઉત્તરોત્તર

દેવ-મનુષ્યનાં ચઢીયાતાં સુખનો અનુભવ કરી અંતે દેવ-ગુરૂ - શાસન - સંઘ - સાધર્મિકાદિની ભક્તિ કરી, દીન-દુઃખી જીવોનો ઉદ્ધાર કરી, પરિણામે પુન્યાનુબંધી પુન્યના પ્રભાવે મુક્તિના અવ્યાબાધ સુખનો સ્વામી બને છે. આત્માના અનંત ગુણોમાં મુખ્ય શ્રુતજ્ઞાન જ છે.

તેની આરાધના કરવાનું સૌથી સુલભ સાધન નવકાર છે.
નવકાર મહામંત્રની વિધિપૂર્વક અને અર્થભાવનાસહિત
આરાધના કરવાથી અંતરાયાદિ દુષ્ટ કર્મોનો ક્ષય થાય છે,
ધર્મમંગલ તથા દાન-દયાદિના પરિણામની વૃદ્ધિ થાય છે.

વળી તેનાથી બુદ્ધિ નિર્મળ થાય છે તથા જીવ
સમાધિ મરણ અને બોધિલાભનો અધિકારી થાય છે.

જન્મની સાથે મરણ જોડાયેલું છે.

નવકારમંત્રની આરાધના મરણને સુધારે છે તથા
મરણ પછી નવા જન્મે પણ જિનધર્મની પ્રાપ્તિ થાય છે.
આવાં અનેક અને અચિન્ત્ય લાભોનું કારણ હોવાથી
નવકારના જાપ ઉપર સૌએ આદરવાળા બનવું જોઈએ.

## સત્ય બુદ્ધિવાળો નમ્ર આત્મા

કર્મ-તેના વિપાક તથા હેતુ, કર્મક્ષયથી મળતા મોક્ષ, કર્મના
બંધથી મળતા નરક-નિગોદ, જ્ઞાનીઓના વચનો અને
દેવ-ગુરુ-ધર્મને સ્વીકારે છે.

તે સર્વ નયો, નિક્ષેપ, પ્રમાણને યથાસ્થાને માન્ય રાખે છે.

## સત્ય વર્તનવાળો શુદ્ધ આત્મા

સહિષ્ણુ, સદાચારી, ઉદાર અને ત્યાગી હોય છે.

આપણી બુદ્ધિને સુધારવાનું રસાયણ નવકાર છે.

નમસ્કારની પાછળ બુદ્ધિને નિર્મળ કરવાનો સંકલ્પ છે. સામાયિકની પાછળ વર્તનને શુદ્ધ કરવાનું બળ છે. બુદ્ધિને શુદ્ધ કરવા માટે સત્ય બુદ્ધિ, સ્થિર બુદ્ધિ, યથાર્થ બુદ્ધિ, ઉચ્ચ બુદ્ધિ, શુદ્ધ બુદ્ધિ આદિ નમસ્કારમંત્ર આપે છે. સૌના વર્તનને શુદ્ધ કરવા માટે સત્ય વર્તન, સ્થિર વર્તન, શુદ્ધ વર્તન, યથાર્થ વર્તન, ઉચ્ચ વર્તન સામાયિક આપે છે.

આપણા વર્તનને સુધારવાનું સાધન સામાયિક છે. તે બંને મન-વચન-કાયાથી વિચાર-ઉચ્ચાર-આચાર વડે કોઈપણ જીવને ક્યારેય પીડા ન કરનાર છે. બુદ્ધિની શુદ્ધિ, સત્યતા, સ્થિરતા, યથાર્થતા અને ઉચ્ચતાની કસોટી એટલે શાસ્ત્રોક્ત ૧૬ ભાવનાઓ. સત્ય-સ્થિર બુદ્ધિવાન આ સંસારને ક્ષણિક, અસહાય, ઈન્દ્રજાળ માને છે. તે જન્મને બંધન, કારાગાર તથા મુસાફરખાનું માને છે. તે સંસારને કતલખાનું, ચોરખાનું, શિકારખાનું, જુગારખાનું, કુટણખાનું, કલાલખાનું અને સર્વ પાપનું ઘર માને છે. શુદ્ધ, યથાર્થ અને ઉચ્ચ બુદ્ધિવાળો સર્વ આત્માને આત્મ-સમાન પ્રિય, પ્રશંસનીય, સહાનુભૂતિ, ક્ષમાને પાત્ર માને છે. સત્ય વર્તનવાળો અહિંસા-ક્ષમાદિનું સર્વાંશે પાલન કરીને હંમેશા સર્વ વિષયો અને કષાયોથી દૂર રહે છે.

# સુરતા શબ્દયોગ

'શબ્દ' એટલે શ્રુત અને 'સુરતા' એટલે ઉપયોગ.
'શ્રી નમસ્કાર નિર્યુક્તિ'માં કહ્યું છે કે શ્રુતોપયોગ એ
ભાવસંવર છે અને તે ઘણા નિર્જરાદિ ગુણવાળો છે.
સુરત યોગવાળા કહે છે કે:
શબ્દમાં સુરતા પરોવવી તે મહાયોગ છે તથા
શ્રુતજ્ઞાન વડે ઉપયોગમાં
આત્માનું સતત સ્મરણ કરવું તે યોગ છે.
અહીં ભાવસંવર તે બહુ કર્મ નિર્જરાનું કારણ છે.
કોઈપણ વસ્તુનું જ્ઞાન એ સ્વ-પર પ્રકાશક છે.
જ્યાં જ્ઞાન છે ત્યાં જ્ઞેય અને જ્ઞાતા પણ છે જ.
જ્ઞેય objective છે, જ્ઞાન એ subjective છે,
જ્યારે જ્ઞાતા એ સ્વયં subject છે.
જ્ઞાન એ જ્ઞેયની સાથે સહજ ઉપચરિત સંબંધથી અને
જ્ઞાતા જોડે સંગે સહજ અનુપચરિત સંબંધથી જોડાયેલ છે.
એક સંયોગ સંબંધથી એક - બીજો સમવાય સંબંધથી એક.
જ્ઞાન - જ્ઞાતાની સાથે અભિન્ન છે. જ્ઞાતા એ આત્મા છે.
પ્રત્યેક વસ્તુના જ્ઞાન વખતે આત્માનું સંધાન ચાલુ રહે,
તો તે ભાવસંવર અને નિર્જરાદિ ગુણોનું કારણ બને.

શ્રુત = અનાહતનાદનું કારણ. તેમાં ઉપયોગયુક્ત આત્મા = શ્રુતોપયોગ અર્થાત્ આત્માનો ધ્વનિ તે અનાહત નાદ, જે સતત ચાલુ છે. તેમાં ઉપયોગને જોડી રાખવો. આ કારણ પદાર્થ તરીકે શ્રુતોપયોગ બહુ મહત્ત્વનો છે. બીજું એક કારણ એ જ છે કે શ્રુત દ્વારા શ્રુતને કહેનારા વીતરાગ પુરુષોમાં સુરતા પરોવાય છે. ઉદાહરણ તરીકે:

સર્વ શ્રુતનો સાર નવકાર છે.
નવકારરૂપી સારભૂત શ્રુતમાં
જ્યારે સુરતા અર્થાત્ ઉપયોગ પરોવાય છે,
ત્યારે તે દ્વારા શ્રુતને કહેનારા
સર્વજ્ઞ અને વીતરાગ પુરુષોમાં ચિત્તવૃત્તિ જોડાય છે.

'શ્રુત' શબ્દ વડે કહેનાર અને સાંભળનાર ઉભયની ઉપસ્થિતિ થાય, કથનીય તત્ત્વ તરફ પણ મન ખેંચાય છે.

શ્રુતના કર્તા સર્વજ્ઞ-સર્વદર્શી છે,
સાંભળનાર સર્વજ્ઞતાના અર્થી ભવ્યાત્મા છે અને
કથનીય તત્ત્વ સાક્ષાત્ અથવા પરંપરા શુદ્ધ આત્મા છે.

શ્રોતાનું ચિત્ત જ્યારે શ્રુતના કર્તા અને શ્રુત દ્વારા કથનીય તત્ત્વમાં લીન થાય, ત્યારે 'સુરતાયોગ' બને અને મંત્રયોગ પણ તે જ ગણાય છે.

The negative thoughts are entrenched in your consciousness for countless ages, just as the life is hard and filled with disappointments. But they are false and formed by the law of habit. We should build up in consciousness a rosy picture of peace, harmony and beauty and someday, it will push itself into visibility and reality. We are more than equal to every situation. Infinite intelligence knows no defeat. Opportunities would come to us from unexpected quarters. God is love but God is law also. Concentration means loving absorption.

Endless is anxiety and
worry till my mind rests in the Lord.
See the Lord with the inner eye,
the Lord of the worlds.

નિયતિ = કુદરતનીના કાનૂને બંધાયેલા નિયત ભાવો.

નિયતિ સદા નિયત હોય છે, ચોક્કસ હોય છે,

તે સમગ્ર વિશ્વને હિતકારક જ હોય છે.

જે બનાવોના કારણો આપણે ન જાણી શકતા હોઈએ,
તેનાં પણ કારણો હોય છે અને તે 'નિયતિ' કહેવાય છે.

નિયતિમાં પ્રમાણે કુદરતનીઓનું રાજ છે,
એટલું જ નહિ પણ એવી વ્યવસ્થા છે કે
સર્વ જીવોનું હિત તે ભાવોમાં સંકળાયેલું હોય છે.
તેથી જ કહેવાય છે કે:

'God is good and good is God.'

નિયતિમાં પ્રમાણે ઈશ્વર - ઈશ્વરમાં પ્રમાણે નિયતિ છે.

० મનુષ્યમાં સદ્ગુણ પણ છે અને અવગુણ પણ છે. અવગુણોને બહાર ન આવે તે રીતે છુપાવવામાં આવે છે, તો પછી એવી જ રીતે ગુણોને પણ અંદર છુપાવી રાખવા માટેની કોશિશ મનુષ્યે કેમ ન કરવી જોઈએ?

<u>तुलसीदासजी કહે છે કે:</u>

बिगरी जनम अनेक की सुधरत पल लगे न आधा।

० संविग्गो गीयत्थो बोहेइ परंपराइ करुणाए।
अन्नो पुण तुसिणीओ पुव्विं बोहेइ अप्पाणं॥ (परिशिष्ट-५)

न खलु केवल गीतार्थस्योपदेशेऽधिकारः । तथा
स्वयम संविग्नस्य तस्य परोपदेशेन का कार्य सिद्धिः ।
एवं संविग्नस्याऽपि अगीतार्थस्योपदेशादौ नाऽधिकारः ।
असातार्थस्य बहुजनमध्ये
प्रस्तापनेऽर्हदाऽऽद्याशातना प्रसंगः । (परिशिष्ट-६)
० પોતાની જાત જોઈ કામ લેવાને માટે તમારૂં મગજ
અને બીજા જોઈ કામ લેવા માટે તમારૂં હૃદય વાપરજો.
भवसागरे नवकार...
नवकाराओ अन्नो सारो मंतो न अत्थि तिअलोए ।
तम्हाउ अणुदिणं चिय पढिअव्वो परम भत्तीए ॥१॥
ताणं अणं तु नो अत्थि जीवाणं भवसायरे ।
बुडंताणं इमं मुत्तुं नमुक्कारं सुपोययं ॥२॥ (परिशिष्ट-७)
'सत्यं वद ।' 'धर्मं चर ।'
સદુક્તિ: સત્ય બોલો. ધર્મનું આચરણ કરો.
'स्वाध्यायान्मा प्रमदः ।'
સદુક્તિ: સ્વાધ્યાય કરવામાં પ્રમાદ ન કરો.
०
Time, space, matter and soul with
the principles of rest and
motion are six substances, reals.

## ૧૨ રત્નકણિકાઓ

(૧) જીવની મૈત્રી વડે ઔદાર્ય અને વૈરાગ્ય વિકસે છે.
વૈરાગ્ય શાંતિજનક છે, ઔદાર્ય તુષ્ટિજનક છે.
શાંત અને સંતુષ્ટ ચિત્ત સ્વરૂપને સ્વયં શોધે છે.
આત્મગુણમાં સ્થિર થવાથી પુષ્ટિનો અનુભવ થાય છે.
સ્વનું વિસ્મરણ, સર્વનું સ્મરણ અને આત્મામાં રમણ
એ અનુક્રમે શાંતિ - તુષ્ટિ - પુષ્ટિને કરનાર થાય છે.

(૨) સ્વસુખને ગૌણ બનાવવાથી મનઃશાંતિ વધે છે;
સર્વના સુખને મુખ્ય બનાવવાથી તુષ્ટિ અનુભવાય છે
અને આત્માના સુખને પ્રગટ કરવાથી પુષ્ટિ વધે છે.

(૩) મમત્વનો ત્યાગ શાંતિ, સમત્વનો સ્વીકાર તુષ્ટિ
અને જીવોના એકત્વનો અભ્યાસ પુષ્ટિપ્રદાન કરે છે.
મૈત્રીથી એક જ કાળે શાંતિ - તુષ્ટિ - પુષ્ટિ ત્રણે સધાય છે.

(૪) મૈત્રીથી વિષયો પ્રત્યે વૈરાગ્ય,
કષાયોનો ત્યાગ અને ગુણાનુરાગનો વિકાસ થાય છે.

(૫) મૈત્રીથી આર્ત તથા રૌદ્ર ધ્યાન મટે, ધર્મ તથા શુક્લ
ધ્યાન વધે અને આત્મા-પરમાત્માનો અભેદ સધાય છે.

(૬) સર્વહિતાશયથી મમત્વનો નાશ,
સમત્વની સાધના અને એકત્વનું આરાધન થાય છે.

(૭) જાતિગત શ્રેષ્ઠતાના આલ્હાદથી ઈર્ષ્યા-અસૂયાદિ દોષો જાય, દ્રવ્યગત શ્રેષ્ઠત્વના આલ્હાદથી રાગ-દ્વેષ-મદ-દર્પ-શોક-રતિ-અરતિ-જુગુપ્સાદિ ક્લેશો નાશ પામે.

(૮) વિષયતૃષ્ણા-કષાયકલુષતાનું નિવારણ કરવાની શક્તિ ગુણાનુરાગ તથા ક્રિયામાં અપ્રમાદભાવથી ઉત્પન્ન થાય છે. વિષયવૃત્તિમાં સ્વાત્માનું અપમાન છે અને કષાયવૃત્તિમાં પરમાત્માનો અનાદર છે. અહિંસાદિ સત્ક્રિયાના પાલન વડે પરમાત્માના અનાદર સ્વરૂપ કષાયવૃત્તિ ટળે છે અને દેવ-ગુરુના વિનય-ભક્તિથી સ્વાત્માના અનાદરસ્વરૂપ વિષયવૃત્તિ જીતાય, જે આર્તધ્યાન તથા કષાયવૃત્તિ રૌદ્રધ્યાનરૂપ છે. ધર્મધ્યાન વડે બન્ને વૃત્તિને જીતાય છે. તે ધર્મધ્યાન મૈત્રી આદિ શુભભાવનાઓથી બને છે, તેથી તે ભાવનાઓને ધર્મકલ્પવૃક્ષના મૂળરૂપે વર્ણવેલ છે.

(૯) ભક્તિઃ પરેશાનુભવો વિરક્તિઃ,
અન્યત્ર ચૈષ ત્રિક એકકાલઃ ।
પ્રપદ્યમાનસ્ય યથાઽશ્નતઃ સ્યુઃ,
તુષ્ટિઃ પુષ્ટિઃ ક્ષુદપાયોઽનુઘ્રાસમ્ ॥ ભાગ.૧૧:

ચૈતન્ય પ્રત્યે દાખવેલ ભક્તિ તુષ્ટિકારક બને છે, જડ પ્રત્યે દાખવેલ વિરક્તિ શાંતિકારક બને છે.

આત્માનુભૂતિ પુષ્ટિ કરનારી તથા લોભનો પ્રત્યેક
ભોગોથી શાંતિ, તુષ્ટિ અને પુષ્ટિ કરનાર થાય છે.
(૧૦)જીવાત્મા ચૈતન્યસંબદ્ધ વ્યાપક-અકર્તા-અભોક્તા છે.
જીવાત્મા પ્રકૃતિસંબદ્ધ પરિચ્છિન્ન-કર્તા-ભોક્તા છે.
ત્રણ ગુણોથી નિરંતર યત્ન કરતાં અને જેના યત્નો કદી
અંત નહિ એવા સુખ-દુઃખાદિની ચિંતા કદી લાગણીઓ
કરતાં નહિ અર્થાત્ તેઓ સુખમાં રાચતા કે દુઃખમાં
ખેદ પામતા નહિ. ત્રિગુણાત્મક સુખ-દુઃખનાં જાળ છે
અર્થાત્ સુખના આમંત્રણમાં દુઃખને પણ આમંત્રણ છે.

(૧૧) અધિષ્ઠાનં તથા કર્તા કરણં ચ પૃથગ્વિધમ્ ।
વિવિધાશ્ચ તથા ચેષ્ટા દૈવં ચૈવાત્ર પંચમમ્ ॥૧॥

અર્થાત્: (૧) અધિષ્ઠાન (૨) કર્તા (૩) કરણ (૪) વિવિધ ચેષ્ટા
અને (૫) ભાગ્ય-એમ કાર્યના પાંચ અંગો કહેવાય છે.

(૧૨) 'પ્રણવ'નો શબ્દાર્થ-વાચ્યાર્થ પરમાત્મા છે,
તેનો પદાર્થ-લક્ષ્યાર્થ પોતાનો શુદ્ધ આત્મા છે અને
વ્યંગ્યાર્થ જીવ-બ્રહ્મની એકતા છે.

પોતાના શુદ્ધ આત્માને ઓળખવાનું સાધન પરમાત્મા છે.
માગ્યું મળે તે મહારાજના હાથની વાત નહિ પણ તેની પાસે
જે નહિ, તેની તૃષ્ણા ન રાખવી, તે તેના જ હાથમાં છે.

No man is your enemy, no man is your friend, every man is your teacher.
Religion has to be recognition of an indwelling presence and then the ability to let it loose.
A presence you cannot define.
I live, yet not I, but God liveth in me.
We are one, and all that the God has is ours by his Grace.
Where the Spirit of the lord is, there is liberty.
State of desirelessness is a state of contentedness with being.
There is nothing either good or bad, but thinking makes it so.
There is neither good nor evil in person, place or thing. God is and only God is. There cannot be bad conditions & good conditions. There can only be God.

તત્ત્વજ્ઞાન માટે શ્રવણાદિ, વાસના ક્ષય માટે મૈત્ર્યાદિ
અને મનોનાશ માટે યોગાભ્યાસાદિ સાધન છે.

માત્ર વૈરાગ્યના ઉપદેશથી શાસનની વ્યવસ્થા, શક્ય નથી,
વૈરાગ્ય - મોક્ષ મહત્ત્વને જ શાસનના મૂળ ઊંડા લઈ જાય છે.

૦ નિગ્રહ એ નિગ્રહ માટે નહિ પણ સંગ્રહ માટે છે.
ઇંદ્રિયનિગ્રહથી શક્તિનો સંગ્રહ થાય તથા ઇંદ્રિયસંગ્રહથી
અનુગ્રહ થાય છે, એ પ્રકૃતિનો એક અફર નિયમ છે.
ધ્યાનમાર્ગમાં મુખ્ય નિગ્રહ, ભક્તિમાર્ગમાં મુખ્ય અનિગ્રહ
અને કર્મમાર્ગમાં નિગ્રહ - અનિગ્રહ ફળદાયી થાય છે.

પશ્ચિમજગતમાં કર્મનો નિયમ કામ કરે છે, જ્યારે
પૂર્વજગતમાં અનુગ્રહનો સિદ્ધાંત કામ કરે છે.

ધર્મ આત્માનુભૂતિના વિજ્ઞાન તરીકે છે, પણ તેથી જો
આત્માનુભૂતિ ન થાય તો તેને ધર્મ તરીકે મનાય નહિ.
જેટલા મનુષ્યો તેટલા માર્ગો - સંપ્રદાયો હોઈ શકે, પરન્તુ
બધાએ પવિત્ર કે નાભિ ઉપરથી બિન્દુ જે આત્મા છે,
તે તરફ જરૂર આવવાનું છે, એ લક્ષમાં રહેવું જોઈએ.

૦

*It is impossible to revere our own spiritual nature unless we respect the godly nature of all other human beings.*

## સ્નેહપરિણામ એ તત્ત્વની રુચિરૂપ છે.

સર્વ તત્ત્વમાં શ્રેષ્ઠ તત્ત્વ જીવતત્ત્વ છે, જેના પ્રત્યે સ્નેહ કે સદ્ભાવ દાખવવાથી ગાંભીર્ય, ધૈર્ય, શૌર્ય, ઔદાર્ય તથા સૌજન્યાદિ ગુણગણ સૌની અંદર ખેંચાઈ આવે છે. સર્વગુણોની ખાણ એટલે તત્ત્વરુચિ કે સ્નેહપરિણામ કે

જીવતત્ત્વ ઉપરની સદ્ભાવના જ છે.

સ્નેહપરિણામ સ્વાર્થવિષને હણે છે, જીવને રસાયણતુલ્ય શક્તિ આપે છે પરિણામે ગુણકર બને છે; જીવને નમ્ર, માર્ગાનુસારી, ગંભીર, ક્ષમાશીલ અને સુંદર આશયવાન બનાવે છે. સ્નેહપરિણામથી લેશ્યા સુધરે છે, ચિત્તની પ્રસન્નતા સહજ બને છે, અપકારી પ્રત્યે અનુકંપા પ્રગટાવી વ્યક્તિને કપરા કષ્ટ સહેવાની ધીરતા પણ આપે છે.

ખણભવપડિબુજ્ઝણાએ સદ્ધા સંવેગભાવણા તહય |
ચિત્તેણ નિરીહેણં મેત્તી વિ ય સવ્વજીવેસુ || (પરિશિષ્ટ-૮)

## ભાવધર્મના ૧૨ ભેદ

(૧) સમ્યક્ત્વ ભાવના (૨) જ્ઞાન ભાવના (૩) ચારિત્ર ભાવના
(૪) વૈરાગ્ય ભાવના (૫) તીર્થંકર ભક્તિ (૬) સંસાર જુગુપ્સા
(૭) કામ વિરાગ (૮) સુસાધુજન સેવા (૯) ધર્મ પ્રભાવના
(૧૦) મોક્ષસુખ રાગ (૧૧) અનાયતન વર્જન (૧૨) આત્મનિંદા.

'<u>પરમેષ્ઠિ નમસ્કારઃ</u> ।'

એષ પઞ્ચ નમસ્કારઃ સારઃ સર્વધર્મ કાર્યસ્તુ ।
નવનીતં યથા દધ્નિ कवित्वे ચ યથા ધ્વનિઃ ॥

<u>અર્થાત્</u>:

આ પંચ નમસ્કાર એ સર્વધર્મકર્મનો સાર, સર્વધર્મકર્મરૂપી દધિનું નવનીત અને સર્વધર્મકર્મરૂપી કાવ્યનું ધ્વનિત છે.

<u>અથવા...</u>

પરમેષ્ઠિ નમસ્કારઃ સારઃ સર્વધર્મ કાર્યસ્તુ ।
નવનીતં યથા દધિ कवित्वे ચ યથા ધ્વનિઃ ॥

જેમ કવિત્વમાં ધ્વનિ તથા દધિમાં નવનીત છે,
તેમ સર્વ ધર્મ-કર્મમાં સાર રૂપે પરમેષ્ઠિ નમસ્કાર છે.

નાણં ચ દંસણં ચેવ ચરિત્તં ચ તવો તહા ।
એસ મગ્ગત્તિ પન્નત્તો જિણેહિં સવ્વ દંસીહિં ॥૧॥

કર્મનો નિયમ પણ મનાવવો જોઈએ અને
આત્મામાં રહેવાનો અભ્યાસ પણ કેળવવો જોઈએ.

अलिप्तो निश्चयेनात्मा लिप्तश्च व्यवहारतः ।
શુદ્ધત્યલિપ્તયા જ્ઞાની क्रियावान् लिप्तया દૃશા ॥૧॥

<u>અર્થાત્</u>: ધ્યાનદશામાં જ્ઞાનની મુખ્યતા હોય છે, જ્યારે વ્યવહારદશામાં ક્રિયાની મુખ્યતા હોય છે. - <u>જ્ઞાનસાર</u>

'હું નિર્લેપ છું.'

એવા ધ્યાનધારામાં આરૂઢ એવા યોગીની
સર્વક્રિયાઓ વ્યુત્થાન દશામાં વ્યવહારભાવથી
નિશ્ચયપણાના ભાવના આગમનનું નિવારણ કરવા
માટે અત્યંત કામમાં આવે છે.

ધ્યાનારૂઢને આવશ્યક આદિ ક્રિયા તે આત્મધ્યાનની
ધારાથી પડતા બચાવવા માટે જ આલંબનરૂપ કહી છે.
નિશ્ચયનયથી આત્મા કર્મ દ્વારા બંધાયેલો નથી, જ્યારે
વ્યવહારનયથી આત્મા કર્મથી બંધાયેલો છે.

ક્રિયાયોગ નિશ્ચયપણાની દૃષ્ટિએ
લેપ ટાળવા માટે અભ્યાસને આલંબે છે.

સત્પુરૂષોની આશાનું મૂળ
તેમની પ્રશસ્ત પ્રકારની ઇચ્છામાં રહેલું છે.
એ દૃષ્ટિએ વિચારતાં ઇચ્છા અને આશા એકાર્થક છે.

°

Anything that glorifies ourselves or
attempts to make the world believe
that we are something of ourselves
tends to surely seperate us
from the love of God.

આપણા તમામ કર્મોનું મૂળ આપણી ઇચ્છાઓમાં જ છે.
આ ઇચ્છા અને કર્મ વચ્ચેનો સંબંધ
એ જ આપણામાં રહેલા કર્તૃત્વભાવ માટે જવાબદાર છે.
જ્યારે આપણા પ્રત્યેક કર્મને ભગવાનની ઇચ્છા સાથે
અથવા ભગવાનની ઇચ્છાને સારી રીતે જાણનાર એવા
ગુરુની ઇચ્છાની સાથે જોડવામાં આવે છે, ત્યારે આપણા
કર્તૃત્વભાવ અને અહંભાવની રટણા-રમણા બંધ થાય છે.
આવા અહંભાવનું સ્થાન, શાસ્ત્રમાં જે દૈન્ય દુર્લભ ગુણ
મનાય છે, તે દૈન્ય લે ત્યારે જ ભગવદનુગ્રહ પ્રાપ્ત થાય છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજી કહે છે કે:
ભક્તાનાં દૈન્યમેવ હિ હરિતોષણસાધનમ્ ।
ભગવાનનો અનુગ્રહ પ્રાપ્ત કરવા માટે
આ માર્ગ સહેલામાં સહેલો અને અદ્વિતીય છે.

ત્યાગીને વળી આંગી શા માટે?
મૂર્તિ એ શુભધ્યાનનું આલંબન છે અને
તેમાં ત્રણ અવસ્થાઓ ભાવવામાં આવે છે.
તેમાં રાજ્યાવસ્થાની પણ એક ભાવના છે અને
તે જ જિનમૂર્તિને અલંકૃત જોઈને ભાવી શકાય છે.
એ માટે જ જિનમૂર્તિને કરેલી આંગીનું માહાત્મ્ય છે.

## સ્વાનંદરૂપી સ્વરાજ્યમાં...

(૧) શરીર એ રથ છે. (૨) ઇંદ્રિયો એ રથ સાથે જોડાયેલા ઘોડા છે. (૩) ઇંદ્રિયોના નિયન્તા રૂપ મન એ લગામ છે. (૪) શબ્દાદિ વિષયો એ રથને ફરવાના જુદા જુદા માર્ગો છે. (૫) બુદ્ધિ એ રથને હાંકનારી સારથિ છે. (૬) ચિત્ત એ રથને બાંધવાનું મોટું બંધન છે. (૭) ૧૦ પ્રાણો એ રથની ધરી છે. (૮) ધર્મ-અધર્મ એ રથના બે પૈડાં છે. (૯) અહંકારી જીવ એ રથમાં બેસનારો છે. (૧૦) ઓંકાર એ જીવનું ધનુષ્ય છે. (૧૧) શુદ્ધ જીવ સ્વ એનું બાણ છે. (૧૨) પરબ્રહ્મ એ એનું તાકવાનું નિશાન છે. (૧૩) રાગ-દ્વેષ, લોભ, શોક, મદ-માન, ભય, અપમાન, માયા અસૂયા, મત્સર, હિંસા, નિદ્રા-ઈર્ષ્યા, પ્રમાદ, રજોગુણ-તમોગુણ આદિ જીવના શત્રુઓ છે.

જ્યાં સુધી શરીરરૂપી રથ પોતાને વશ છે અને
ઇંદ્રિયોરૂપી ઘોડાઓ સશક્ત છે, તેટલામાં
મનુષ્યોએ ગુરુચરણોની સેવા કરી
જ્ઞાનરૂપી તીક્ષ્ણ તલવાર લઈને
કુપિત પ્રભુનું બળ રાખી રાગ-દ્વેષાદિ શત્રુઓને હણવા,
શાંત થઈ સ્વાનંદરૂપી સ્વરાજ્યથી સંતુષ્ટ થવું અને
અંતે શરીરરૂપી રથનો-રથની મમતાનો પણ ત્યાગ કરવો.

## સુખની ખોજ - આનંદની ખોજ

આપણે સૌ કોઈ સુખની ખોજ કર્યા કરીએ છીએ, પણ સુખ ક્યાં છે? જે અંદર છે, તે બહાર કેમ શોધાય? સાચું કહીએ તો સુખની જરૂરત નહિ પણ આનંદની જ જરૂરત છે અને આનંદ તો આધ્યાત્મિક નિજાનંદ છે.

જે અંદરથી મળે તે આનંદ, જે બહારથી મળે તે સુખ.

દુઃખી લોકો બાબા પાસે સુખ માગે છે અને જેની પાસે માગે છે, તેઓ પણ બાબાની પાસે માગે છે. આપણી પાંચે ઇંદ્રિયો બહાર જોવા ટેવાયેલી છે. આંખનો પ્રકાશ બહારની વસ્તુ પર પડે છે, ગંધ અને અવાજ પણ બહારથી આવે છે. બધી ઇંદ્રિયો પોતે જ બહિર્ગામી છે. મનુષ્ય સુખ માટે બહાર દોડે છે ત્યાંથી એને વિષયસુખ મળે છે, પણ સુખ જીવનના અંત સુધી મળતું નહિ.

જેને આનંદ જોઈતો હોય,

તેને બહારથી નહિ મળે, અંદરથી જ મળશે.

અંદરના આનંદની ખાતર બહારના સુખ છોડે, તે ત્યાગી નહિ. હીરો લઈને પથરા છોડી દે, એ ત્યાગી કેમ કહેવાય? એ તો વિવેકી અને મહાત્મા કહેવાય. જેમને સ્વમાં આનંદ મળ્યો નહિ, તેઓ ત્યાગી નહિ પણ વેષધારી છે.

'વિશ્વાસ રાખ કે શ્રદ્ધા રાખ' એવું કાંઈ નહિ કહું પણ
'શાંતિથી બેસ અને મનને બહારથી ભીતર લઈ જા તથા
પછી ત્યાં અંદર જ ખોજ કર' એટલું હું જરૂર કહીશ.
સુખને માટે ગમે તેટલા બહાર દોડો, સુખ નહિ મળે.
સંસાર એ બહાર છે, એથી ધર્મ સંસારને છોડાવે છે.

આનંદ અને પ્રકાશ પોતાનામાં જ છે, કિન્તુ
લોકો પ્રકાશને છોડીને અંધકારને પકડે છે.

સાચા ત્યાગીઓ આનંદને પકડે છે, વિષયસુખને છોડે છે.

પોતાનાથી દૂર જાય, તે નરકમાં જાય છે.
જે વ્યક્તિ પોતાની નજીક રહે છે, તે સ્વર્ગ મેળવે છે.
સ્વર્ગ-નરક કેવળ ભૌગોલિક સ્થિતિ નહિ પણ
મનોવૈજ્ઞાનિક સ્થિતિ પણ છે.

ધર્મ તો એક વિશિષ્ટ વિજ્ઞાન છે.

જે જે વ્યક્તિ દુઃખમાંથી મુક્ત થવાને ઝંખતી હોય,
તેણે ઘણો પુરુષાર્થ કરવો પડશે, કાયરનું ત્યાં કામ નહિ.
સ્વમાં પ્રવેશ કરવો, તે સમુદ્રપ્રવેશ કરતાં ય અઘરું છે.
જે જે સ્વયં આનંદ પ્રાપ્ત કરે છે, તે જ બીજાના
આનંદનું માધ્યમ બની શકે છે. એક દીવાથી બીજો દીવો
સળગે છે. ધર્મ આવા દીવા જલાવવાની એક પદ્ધતિ છે.

વિજ્ઞાનમાં એમ વૈજ્ઞાનિક રીત પ્રમાણે જો ક્રિયા થાય,
તો ધાર્યું પરિણામ જ આવે, તેમ ધર્મ પણ તેની રીતે
આચરાય તો અવશ્યમેવ ધાર્યું ફળ આપે. તેની રીત અમુક
પંથ અથવા સંપ્રદાયની નહિ પણ સમગ્ર વિશ્વની છે.

ધર્મ એ વિજ્ઞાનના પ્રયોગની એમ સિદ્ધ વસ્તુ છે.
શાંત ચિત્તથી મનની અંદર જુઓ, એટલે
ધર્મ શું છે તે આપોઆપ જણાશે.

અરે! ધર્મ તો જ્યાં વિજ્ઞાનોથી ય શ્રેષ્ઠ છે, કારણકે જ્ઞાન
જ્યાં વિજ્ઞાનો બાહ્ય પદાર્થો સાથે સંબંધ રાખે છે, ત્યારે
ધર્મ તો અંદરની સાથે સંબંધ ધરાવે છે.

પરમાત્મા કોઈ વ્યક્તિ નહિ પણ તેઓ એક અનુભૂતિ છે.
એમ મનુષ્ય કોઈ પદાર્થમાં પ્રવેશીને અણુને પહોંચે છે,
તેમ તે સ્વમાં પ્રવેશીને પરમાત્માને પ્રાપ્ત કરી શકે છે.

એમ શસ્ત્રનો નિષેધ શાંતિથી થાય છે,
તેમ અણુનો નિષેધ આત્માથી થાય છે.

એટમબોંબના આ જમાનામાં તેને પહોંચી - આવરી શકે,
તેટલો મહાન ધર્મ ઊંચો જોઈએ. તેના ૩ મુદ્દા નીચે મુજબ છે:

(a) પ્રેમ કે અહિંસા (b) પરિગ્રહરહિતતા
(c) અહંકાર વિના જીવવાનું.

વિશ્વના સઘળા કલહો કે ઝઘડા એ હિંસાવૃત્તિ, પરિગ્રહ વધારવાની વૃત્તિ અને 'હું' પણાને આભારી છે. એ ત્રણેની મર્યાદા બાંધીએ એટલે એટમબોમ્બની પણ મર્યાદા થઈ જાય.

જે વ્યક્તિ પીગળવામાં પ્રવેશ કરવા ઈચ્છે,
તેને માટે એ 3 સૂત્રો સમજવા જેવા છે.

હિંસકવૃત્તિ, પરિગ્રહવૃત્તિ અને અહંકારવૃત્તિ અવરોધક છે, તેથી વિરુદ્ધ અહિંસકવૃત્તિ, અપરિગ્રહવૃત્તિ, નિરહંકારવૃત્તિ
એ 3 વસ્તુઓ સહાયક છે.

જે શાશ્વત ઘૃણા - તે જ શાશ્વત પ્રેમ પેદા થાય છે. જો પ્રેમને વિકસિત કરવામાં આવે તો ઘૃણા શૂન્ય બની જાય.

પ્રેમથી મોટી કોઈ ઉપાસના નથી.

જગતમાં જે બુરાઈ છે, તે છુપાયેલી ભલાઈ જ છે.

જેટલો ભગવાન પ્રત્યે પ્રેમ થાય છે,
તેટલો અંતે શયતાન પ્રત્યે પણ પ્રેમ થવો જોઈએ.

જીવન એક અખંડ સાધના છે.

પ્રેમધર્મની સાધના જીવનમાં અખંડ થવા જોઈએ.

મનુષ્ય જેમજેમ માગતો જાય છે, તેમ તેમ પોતાથી દૂર થતો જાય છે પણ જે પરિગ્રહરહિત થાય, તે રોજેરોજ પોતાની નજીક આવે છે.

માણસને જીવનમાં વધારે જરૂર નહિ,
પણ જરૂરતની પણ એક જાતની બીમારી થઈ જાય છે.
આ પરિગ્રહરૂપી બીમારીનું પરિણામ જ દુઃખ છે.
અપરિગ્રહ એ મોટું સ્વાસ્થ્ય છે.
પરિગ્રહથી કદી સંતોષ થતો નહિ, સુખ પણ થતું નહિ.
આનંદ અને સુખ અપરિગ્રહમાં જ છે.
મનુષ્યમાં જેટલો અહંકાર ભર્યો છે,
તેટલો તે મનુષ્ય પોતાના જ આત્માથી દૂર છે.
મનુષ્ય પાસે બે અહં છે:
એક 'હું' આત્માનો અને બીજો 'હું' અહંકારનો.
અહંકારનો 'હું' કલ્પિત - આત્માનો અકલ્પિત છે, સત્ય છે.
પ્રેમનો વિસ્તાર, અપરિગ્રહની વૃત્તિ અને
નિરહંકારિતાનો ભાવ એ ત્રણેય વસ્તુ જે મનુષ્યમાં હોય,
તે મનુષ્ય પોતાની જાતને ઓળખી પણ શકે છે અને
તે પોતાની જાતને સહેલાઈથી પ્રાપ્ત પણ કરી શકે છે.
સ્વયંની પ્રાપ્તિ તો સાધકની ખાસ અનુભૂતિ છે.
સાચું જ્ઞાન અનુભવયુક્ત હોય છે.
બહુશ્રુતતામાં અનુભવ નહિ, ફક્ત શાસ્ત્રાભ્યાસ હોય છે.
એક શાસ્ત્રવિદ્ છે, બીજો આત્મવિદ્ છે.

તા. ૧૯/૧/૧૯૬૫

સંપ્રદાય એ વર્તુળના પરિઘનાં બિન્દુ છે, એમાંથી જેટલી લીટી ખેંચશે તે મધ્યબિંદુએ પહોંચે જ છે. સંપ્રદાય ધર્મનું આરંભ બિંદુ છે, પણ એ જ્યાં પહોંચે છે, તે ધર્મ છે. સંપ્રદાય મહોલ્લે મહોલ્લે જુદો હોય પણ ધર્માનુભૂતિ એક જ છે, એટલું સૌ સમજે તો પછી કોઈ સંઘર્ષ ન રહે.

o પ્રપત્તિશ્ચ શ્રદ્ધાભક્તિપ્રકર્ષપૂર્વિકા શરણાગતિઃ। સર્વભાવેન ભગવચ્છરણાગમનં હિ સુખેન માયાયાઃ તરણે ઉપાયભૂતમ્। પ્રપત્તિઃ ઈશ્વરાજ્ઞાપાલનમ્। યમનિયમાદીનાં અનુષ્ઠાનં હિ ઈશ્વરાજ્ઞાપાલનમ્।

(પરિશિષ્ટ-૯)

જીવ ક્યાંથી નીકળે - કઈ ગતિમાં પ્રાયઃ જાય?

(૧) મૃત્યુવેળા આત્મપ્રદેશો પગથી નીકળે, તે નરકમાં જાય છે.
(૨) જો સાથળથી નીકળે, તો જીવ તિર્યંચગતિમાં જાય છે.
(૩) જો હૃદયથી નીકળે, તો જીવ મનુષ્યગતિમાં જાય છે.
(૪) જો મસ્તકથી નીકળે, તો જીવ દેવગતિમાં જાય છે.
(૫) જો સર્વાંગથી નીકળે, તો જીવ મોક્ષગતિમાં જાય છે.

o

Spiritual healing is the touch of the Spirit of God in man's Soul.

કચ્છ માંડલ, અષાઢ સુદ-૫

## ઈશ્વર બહાર છે કે અંદર?

ઈશ્વર બહાર તેમ જ અંદર બધે છે, પરંતુ તે અંદરથી પામી શકાય છે. પ્રેમ, કૃપા, આત્મજ્ઞાન વગેરે શબ્દો છે, પરંતુ એ શબ્દોની અંદર રહેલી સત્તાનો આવિર્ભાવ અંદર વસેલા અંતર્યામી પાસે ગયા વિના થઈ શકતો જ નથી. પરમાત્માની પ્રાપ્તિમાં જીવનનો શ્રેષ્ઠ રસ રહેલો છે અને એ પ્રાપ્તિ સત્પુરુષોના બોધામૃતથી સુલભ બને છે. તે બોધામૃતનું મનન આપણી અવિદ્યાને દૂર કરી ધ્યાનની ભૂમિકાને સુલભ બનાવે છે. જીવનમાં દૃષ્ટિ ખુલવાની બહુ જરૂર છે. તે ખૂલે પછી સર્વત્ર આનંદનું દર્શન, તેમ જ ગ્રાહ્ય વસ્તુને ગ્રહણ કરવાની સૂઝ નિર્માણ થાય છે. પાવિત્ર્ય તથા મુક્તિ માટે, શાંતિ અને સ્વપર ઉભયના કલ્યાણ માટે અંદર પ્રવેશ્યા વિના અને પરમતત્ત્વ સાથે સંબંધ સ્થાપિત કર્યા વિના ચાલે તેમ જ નથી. છેવટે તો પરમતત્ત્વ જ જીવનનો ઉદ્ધાર કરનાર છે. એ માટે નમઠ છે.

°

'નમઠ' is a symbol of sameness, say oneness.

## નમો અરહંતાણં ।

અરિને હણીને સિદ્ધમાં બનારાઓને નમસ્કાર.
પૂર્ણ અહં એ ત્રાણ છે. શુદ્ધ અહં એ પ્રેમ છે.
ત્રાણ છે માટે અપરિગ્રહિતને પોષે છે.
પ્રેમ છે માટે અહિંસાને વિસ્તારે છે.
નમો = અભેદ - નમ્રભાવયુક્ત પરિણામ.
અરિહં = શમ - મધુર પરિણામ.
તાણં = પૂર્ણ - તુલા પરિણામ.
અરિતાને હણનાર 'અહં' એ શમ છે.
પૂર્ણતાને વરનાર 'અહં' એ પૂર્ણ છે.
અભેદને સાધનાર 'અહં' એ ઐક્ય છે.

°

The degree of sainthood expressed by an individual is wholly dependant upon the degree of conscious realisation of oneness with the God. The capacity for sin in an individual is dependant upon the degree of his sense of seperation from God. This sense of seperation is all there is to humanhood.

## 'નમો અરિહંતાણં'

નમો = ગુણોની પરસ્પર એકતાના કારણે આનંદ છે.

અરિહં = અહીંયા નિર્વિકારભાવના કારણે આનંદ છે.

તાણં = અહીંયા ઉધ્ધતિકારભાવના કારણે આનંદ છે.

o પ્રત્યેક અસ્તિનું સ્વરૂપ ભાતિ છે.

પ્રત્યેક ભાતિનું સ્વરૂપ પ્રીતિ છે.

અંગ્રેજીમાં પ્રત્યેક beingનું સ્વરૂપ becoming છે અને પ્રત્યેક સ્વરૂપ bliss છે.

અસ્તિ beingને ભૂ: કહે છે.

ભાતિ becomingને ભુવ: કહે છે.

પ્રીતિ blissને સ્વ: કહે છે.

| | | | |
|---|---|---|---|
| અસ્તિ | ભાતિ | પ્રીતિ | એ ત્રણેનો |
| being | becoming | bliss | એક જ |
| ભૂ: | ભુવ: | સ્વ: | અર્થ છે |

અને એ ત્રણેનો ૐમાં સમાવેશ થઈ જાય છે.

આમ 'ૐ' એ અસ્તિ, ભાતિ, પ્રિય સ્વરૂપ છે.

o

Instead of literal meaning, we must try to find out spiritual sense of the higher souls.

## ૐનું શરીરમાં સ્થાન

અ - કંઠ. ઉ - કંઠ અને ઓષ્ઠની વચ્ચેનાં સ્થાનોનો પ્રતિનિધિ. મ - ઓષ્ઠ. ૐ - બધી વાણીનું પ્રતીક છે. મંત્રના પ્રણવથી તદનુરૂપ જીવન આપમેળે ઘડાય છે.

અ - વાણી - જાગ્રત - ભૂઃ

ઉ - મન - સ્વપ્ન - ભુવઃ

મ - પ્રજ્ઞા - સુષુપ્તિ - સ્વઃ

૦ ૐ = વ્યાપકકળા - ગુણ - અસ્તિત્વનો ભાવ.

૦ તત્ = નિર્ગુણકળા - દ્રવ્ય - અકર્તૃત્વનું ભાન.

૦ સત્ = શુદ્ધકળા - પર્યાય - ભિન્નત્વનું ભાન.

### રાજયોગ - ક્રિયાયોગ - ભાવયોગ

ક્રિયાયોગથી ભેદ - વિશ્વ, ભાવયોગથી અભેદ - વિરાટ, રાજયોગથી ભેદાભેદ શૂન્ય - વિશ્વાતીત.

○

The Cosmic Law is that every action has its equal and opposite reaction & no action is lost. This is known as the law of karma in our Holy books.

We have no right to take,
which we cannot give.

'નમો'ના યોગે ચતુર્થી વિભક્તિ છે, ચતુર્થી સંપ્રદાન છે.
'નમો' શબ્દ અરિહંતોને સમર્પણ સૂચવે છે,
તેથી અભેદ સધાય છે.

નવકારમાં દ્રવ્યથી વૃદ્ધિ, ગુણથી એકતા અને
પર્યાયથી ઉત્કટતા રહેલી છે.

અનંત પરમેષ્ઠિઓ દ્રવ્યરૂપે નવકારમાં રહેલા છે,
તે બધા કેવળજ્ઞાનાદિ ગુણોથી એક છે અને
પ્રત્યેકનું કાર્ય સમાન હોવાથી ઉત્કટ છે.

'નમો' પદથી એકતા, અરિહંતાદિ પદોથી અનેકતા અને
કેવળજ્ઞાનોપયોગાદિ પર્યાયથી ઉત્કટતા સધાય છે.

એ રીતિએ એકતાનું, ઉત્કટતાનું અને પૂર્ણતાનું ભાજન
સર્વ એક સાથે થતું હોવાથી નવકારમંત્ર સર્વશ્રેષ્ઠ છે.

## નવકારમંત્રની પાંચ ભૂમિકાઓ

શબ્દ ઉપરથી અર્થ ઉપર, અર્થ ઉપરથી વૃત્તિ ઉપર,
વૃત્તિ ઉપરથી ભાવ ઉપર, ભાવ ઉપરથી આત્મા ઉપર અને
આત્મા ઉપરથી સર્વ ઉપર, એ પાંચેનો અભેદ મંત્રસિદ્ધિ કરે છે.

આ જીવ અનંતકાળથી સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે.
હવે જો મનુષ્યભવમાં આપણો જીવ ચેતી જાય અને
જો બીજાના દુઃખે દુઃખી તથા બીજાના સુખે સુખી થાય,

તો સૌ જીવને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સુલભ બને નહીં, કષાયો ઓછા બની કર્મ ખપાવી મોક્ષપ્રાપ્તિનો અધિકારી થાય. આંખો નબળી હોય પણ ચશ્મા લગાવવાથી મૂળ સ્થિતિમાં આવી જાય છે, તેવી રીતે સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી કર્મ ખપાવી જીવ પોતાના મૂળ આત્મગુણની પ્રાપ્તિ કરે છે અને પશ્ચાત્ તે નવા કર્મ બાંધતો અટકે છે. બાહ્યમાંથી આંતર તરફ વળવા નવકારનો અભ્યાસ ચાલુ રાખવો જરૂરી છે. નિશ્ચય આંતર રહે લક્ષ્ય છે, તે આબંક સાથે જ વ્યવહાર-બાહ્યશુદ્ધિ જાળવવી રહે.

અથ યોઽન્યાં દેવતામુપાસ્તેઽન્યોઽસાવન્યોઽ-
હમસ્મીતિ, ન સ વેદ યથા પશુઃ। શ્રુતિઃ

હવે, જે પોતાના ઇષ્ટદેવને 'આ દેવ જુદો છે અને હું જુદો છું' એમ જુદો માની ભેદદૃષ્ટિથી ઉપાસે છે, તે મનુષ્ય પશુની પેઠે પોતાના ઇષ્ટદેવનું અને પોતાનું સત્ય સ્વરૂપ જાણતો નથી, એમ ઉપનિષદમાં કહ્યું છે.

જે જાતિગત એકતાને જાણતો નથી,
તે દ્રવ્યગત એકતાને કેમ જાણી શકશે? 'યથા પશુઃ।'

o

God alone is good and evil is
but the hypnotism of this world.

નવકારનો લાભ શમ-દમ, ક્ષમા, સમતા,
દયા, વિવેક, વિનય, વૈરાગ્ય, મૈત્રી, ભક્તિ છે.

ધર્મ શુદ્ધ ભાવે કર્યો હોય, તો એ લાભ સંસ્કારરૂપે ભવાંતરમાં પુણ્યની સાથે આવે અને ત્યાં પણ એ જાગ્રત થાય, ધર્મ કરવાની મતિ સૂઝે અને એથી આગામી સુખ ઊભા થાય. આમ ધર્મથી સુખની પરંપરા ચાલે છે.

નવકારના પ્રથમ પદ - નમો અરિહંતાણંમાં
દ્રવ્યથી શુદ્ધિ, ગુણથી એકતા, પર્યાયથી ઉચ્ચતા રહેલી છે...
તે નીચે મુજબ સમજવી:

(૧) દ્રવ્યસામાન્ય - શુદ્ધિકર (દૂધમાં દૂધ, જલ અને જલ)
(૨) દ્રવ્યવિશેષ - ગ્રાસકર (દૂધમાં પાણી, જલ અને કર્મ)
(3) ગુણસામાન્ય - એકત્વકર (દૂધમાં ખાંડ)
(૪) ગુણવિશેષ - પૃથક્ત્વકર (દૂધમાં નિમક)
(૫) કર્મસામાન્ય - ઉત્થાપકર (દૂધથી દેવપૂજા)
(૬) કર્મવિશેષ - વિપર્યયકર (દૂધથી દેહપૂજા).

o જાતિરૂપ થવામાં દેહ અંતરાયરૂપ છે અને
પુરુષોત્તમરૂપ થવામાં સંગ અંતરાયરૂપ છે.
ઊર્ધ્વતાસામાન્યથી દેહનો વિલય અને
તિર્યક્સામાન્યથી સંગનો વિલય પ્રાપ્ત કરી શકાય છે.

## નવકાર મહામંત્રનું વૈશિષ્ટ્ય

(૧) નવકાર એ સમ્યગ્દૃષ્ટિ જીવનો
પ્રાણ, ત્રાણ, જીવન અને આધાર છે.

(૨) ચિત્તની સમાધિ એ સમ્યગ્દૃષ્ટિનું મન
સૌથી મોટું ધન છે, તેનું સાધન નવકાર છે.

(૩) ચિત્ત સમાધિ માટે અંતે નવકારનો જ આધાર છે.

(૪) સર્વ પૂર્વજોનું વચન આદેય હોય છે,
કેમકે તે અવિસંવાદી અને સફળ પ્રવૃત્તિજનક છે
તથા પોતે અનુભવીને પછી જ કહેલું છે.

(૫) મહામંત્રના પદો અને વર્ણો પવિત્ર છે.
તેના હેતુ તથા સ્વરૂપ તે અનુબંધથી શુદ્ધ એવા
પવિત્ર પુરુષોએ પવિત્ર હેતુ માટે કહેલાં છે,
તેથી તેનું સ્મરણ કરનારને તે પવિત્ર કરે છે.

(૬) ભક્તિ વડે યુક્ત વસ્તુઓનું દેવતાઓ સાંનિધ્ય
કરે છે એટલે મહામંત્રના પ્રત્યેક વર્ણો દેવાધિષ્ઠિત છે.

(૭) અક્ષરોને અર્થની સાથે વાચ્ય-વાચક સંબંધ હોવાથી
મંત્રપદોના સ્મરણથી પરમેષ્ઠિઓનું સ્મરણ થાય છે.

(૮) અક્ષરોના સ્મરણથી પરમેષ્ઠિઓ જાણે સાક્ષાત્ આવી
હૃદયમાં પ્રવેશ કરતાં ન હોય, પોતાની સાથે જાણે મધુર

ભાષણ કરતાં ન હોય અથવા અંગો અંગમાં આવીને ભક્તિ તન્મય ભાવે નમતા ન હોય તેમ અનુભવાય છે.

(૯) આ નમસ્કારમહામંત્ર શાશ્વત છે.

સર્વ તીર્થંકર - ગણધર ભગવંતો એનું આરાધન કરી ચૂકેલા હોય છે. એનું ફળ સાક્ષાત્ અનુભવીને ઉપદેશે છે. તેઓની સંકલ્પશક્તિ પણ ગણનારને સહાયક થાય છે.

(૧૦) અહીં અહીં લોકમાં રહેલાં દરેક સમ્યગ્દૃષ્ટિ આ મહામંત્રનું સતત આરાધન કરતાં હોય છે અને એ બધા પરમેષ્ઠિઓની સાથે તાદાત્મ્ય ભાવને અનુભવતા હોય છે, તેનો લાભ અદૃશ્ય અને અગમ્ય રીતે સાધકને મળે છે.

(૧૧) સાધકની યોગ્યતા મન અને ઇંદ્રિયોનો સંયમ છે. આપણું મન મૈત્ર્યાદિભાવોથી ભાવિત થવું જોઈએ અને ઇંદ્રિયો વિષયોના વિપાકની વિરસતાથી ભાવિત થવા જોઈએ.

(૧૨) વ્રત નિયમોનું આગ્રહપૂર્વક પાલન અને દેવ-ગુરુ-સંઘ-સાધર્મિકની ભક્તિ મંત્રસિદ્ધિમાં ઉપકારક થાય છે.

(૧૩) નવકાર ચિત્તસમાધિનો જનક છે. તેના ૬૮ અક્ષરો પવિત્ર અને દેવાધિષ્ઠિત છે, જે પંચ પરમેષ્ઠિઓનાં સાક્ષાત્ દર્શન કરાવે છે. અહીં કરણ - ૩ યોગથી એનું આરાધન વિહિત છે. ૧૪ પૂર્વધરો તેમાં દૃષ્ટાંતભૂત છે.

(૪૪) દેવ-ગુરુનું સ્મરણ એ ધાર્મિક પુરુષનું પ્રથમ અને પ્રધાન લક્ષણ છે. તેથી જ 3 લોકે - 3 કાળમાં સર્વ સમ્યગ્દૃષ્ટિ જીવો વડે તેનું સ્મરણ કરાય છે.

શ્રી <u>નવકારમાં નવતત્ત્વનું જ્ઞાન કઈ રીતે</u>?

શ્રી અરિહંતપદમાં પુણ્ય-પાપનું, સિદ્ધપદમાં જીવ-અજીવનું, આચાર્યપદમાં આશ્રવ-સંવરનું, ઉપાધ્યાયપદમાં બંધતત્ત્વ-નિર્જરાતત્ત્વનું તથા મુનિપદમાં મોક્ષતત્ત્વનું જ્ઞાન છે.

<u>દર્શન</u> = મૈત્રીભાવનો પ્રકર્ષ = મુનિપણું.

<u>જ્ઞાન</u> = પ્રમોદભાવનો પ્રકર્ષ = ગણધરપણું.

(આચાર્ય - ઉપાધ્યાય - ગણિ)

<u>ચારિત્ર</u> = કરુણાભાવનો પ્રકર્ષ = અરિહંતપણું.

<u>તપ</u> = માધ્યસ્થ્યભાવનો પ્રકર્ષ = સિદ્ધપણું.

અરિહંત સાથે આત્માની એકતા

જાતિગત, ગુણગત અને સ્વરૂપગત - ત્રણે રીતે તથા દ્રવ્યગત, ગુણગત અને પર્યાયગત એમ ત્રણે રીતે છે.

નમો અરિહંતાણંથી દર્શનમોહ જાય છે.

સિદ્ધને નમસ્કાર કરવાથી લોભકષાય જાય છે.

આચાર્યને નમસ્કાર કરવાથી માયા જાય છે.

ઉપાધ્યાયને નમસ્કાર કરવાથી માન જાય છે.

સાધુને નમસ્કાર કરવાથી ક્રોધ જાય છે.

'નમો'પદ ધર્મશાસ્ત્રની દૃષ્ટિએ મોક્ષ અને
તેના મૂળભૂત વિનયનું બીજ છે.
'નમો'પદ મંત્રશાસ્ત્રની દૃષ્ટિએ શોધનબીજ છે, કેમકે
તેના વડે તન, મન અને આત્માની પણ શુદ્ધિ થાય છે.
તંત્રશાસ્ત્રની દૃષ્ટિએ 'નમો'પદ એ
શાંતિક અને પૌષ્ટિક કર્મને સિદ્ધ કરનારું છે,
તેથી શાંતિ અને પુષ્ટિને લાવનારું છે.
અર્થાત્ વિનય અને નમ્રતા વડે
શાંતિ, તુષ્ટિ અને પુષ્ટિને કરનારું પદ નમો પદ છે.
નમસ્કાર વડે સમસ્ત સત્ત્વવિષય સ્નેહપરિણામ જાગ્રત
થતો હોવાથી સ્વાર્થનું વિસર્જન, પરમાર્થનું સર્જન અને
આપણા સૌના આત્માનું એકીકરણ સધાય છે.
સ્વાર્થનું વિસર્જન શાંતિ કરે છે,
પરમાર્થનું સર્જન તુષ્ટિ કરે છે અને
આત્માનું સર્વૈકીકરણ પુષ્ટિને કરનારું થાય છે.
વળી
નમો પદથી વિષયવૃત્તિ શમે છે, માટે શાંતિ થાય છે.
નમોથી કષાયવૃત્તિ શમે છે, માટે તુષ્ટિ થાય છે.
નમોથી આત્મવૃત્તિ જાગે છે, માટે પુષ્ટિ થાય છે.

નમસ્કાર વડે આત્મા, આત્મા વડે
આત્માને પરમાત્મસ્વરૂપ જાણી છે અર્થાત્ અનાત્મભાવનું વિસર્જન, સર્વાત્મભાવનું સર્જન અને પરમાત્મભાવનું સન્મુખીકરણ, અભેદીકરણ, તાદાત્મ્યાનુભવન થાય છે.

આત્માનુભૂતિનું પરમ સાધન નમસ્કાર છે, કેમકે નમસ્કાર વડે બહિર્ભાવ પરિણમન મટી જઈને અંતર્ભાવ પરિણમન થાય છે, જે આત્માનુભૂતિનું અનન્ય કારણ બને છે. ભાવનમસ્કાર અર્થાત્ તે તે ગુણને પામવાની તીવ્ર તાલાવેલીપૂર્વકની મન - વચન - કાયાની શુભ પ્રવૃત્તિ. પંચ નમસ્કારથી સર્વ પાપના મૂળસમ દર્શનમોહ જાય છે. તેના વડે ચારિત્રમોહ પણ જાય છે. દર્શનમોહ જવાથી આત્મગુણોનું આકર્ષણ જન્મે છે અને જડના શબ્દાદિ ગુણોનું આકર્ષણ ટળે છે. ચારિત્રમોહ જવાથી જીવો પ્રત્યે કષાયની પરિણતિ જાય - મૈત્ર્યાદિભાવોની ઉત્પત્તિ થાય. મૈત્રીથી ક્રોધ જીતાય છે, પ્રમોદથી માન ઘટે છે, કરુણાથી માયા જાય છે અને માધ્યસ્થ્યથી લોભને જીતાય છે. ૫ વિષય અને કષાયરૂપ આ સંસારને ૫ પરમેષ્ઠિ અને તેમના સર્વ ગુણોના ધ્યાન વડે વશમાં લાવી શકાય છે;
તથા સંસારની પેલે પાર જઈ શકાય છે.

સાધુઓ નમસ્કારની સાધના કરે છે.
ઉપાધ્યાયો નમસ્કારનું શિક્ષણ આપે છે.
સિદ્ધભગવંતો નમસ્કારની સિદ્ધિને વર્યા છે.
અરિહંતોમાં નમસ્કારનું માહાત્મ્ય પ્રત્યક્ષ થાય છે.
સાધુઓમાં રહેલ સેવાભાવથી વિનયનો ગુણ વિકસે છે.
વિનયગુણના ફળરૂપથી સદાચારની વિદ્યા અને
સદાચારનું આચરણ થાય છે.
સદાચારના આચરણથી સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે.
સિદ્ધપદની પ્રાપ્તિ અરિહંતે પ્રબોધેલા માર્ગથી થાય છે.
પરમેષ્ઠિને નમસ્કાર કરી સદ્વૃત્તિ, વિનય, સદાચાર, અવિનાશિતા અને પરોપકાર આદિ ગુણો વિકસે તથા આઠ કર્મોમાં પ્રબળ એવાં મિથ્યાત્વમોહ અને ચારિત્રમોહ નાશ પામે છે. મોહનાશથી બાકીનાં કર્મોનો પણ નાશ થાય છે.

નમસ્કારના પ્રભાવથી...

વ્રતોમાં મોટું અને દુર્ધર બ્રહ્મચર્ય, ઇંદ્રિયોમાં દુર્જય ઇંદ્રિય રસના અને ગુપ્તિમાં પ્રબળ ગુપ્તિ મનોગુપ્તિ સરળ બને. મોહ જવાથી મન જીતાય છે, મનોજયથી ઇંદ્રિયો વશમાં આવે છે, ઇંદ્રિયો વશમાં આવવાથી બ્રહ્મગુપ્તિ સરળ બને છે. બ્રહ્મગુપ્તિ માટે રસનેન્દ્રિયનો જય થવો જોઈએ.

રસનેન્દ્રિયના જય કરવા માટે મનનો જય કરવો જોઈએ.

મનના જય માટે મોહ જીતવો જોઈએ.

મોહ જીતવા માટે જીવો પ્રત્યે મૈત્રી કેળવવી જોઈએ અને

જીવો પ્રત્યે મૈત્રી કેળવવા માટે

પરમેષ્ઠિઓ પ્રત્યે ભક્તિવાળા બનવું જોઈએ.

અ સિ આ ઉ સા ને કરેલા અંતઃકરણપૂર્વકના નમસ્કારથી

પરમેષ્ઠિઓ પ્રત્યે અનુકૂળતા આવે છે, તેથી જીવમૈત્રી,

જીવમૈત્રીથી મોહજય, મોહજયથી મનનો જય,

મનોજયથી ઈંદ્રિયોનો જય અને

ઈંદ્રિયોના જયથી બ્રહ્મવ્રતનું પાલન સુલભ બને છે.

એ રીતે બ્રહ્મવ્રત અને નમસ્કાર મંત્રને

કાર્ય-કારણભાવનો સાક્ષાત્ અને પરંપરાએ સંબંધ છે.

સાક્ષાત્ સંબંધ નિર્દોષ અને સમબ્રહ્મ સાર્થક થાય છે.

પરંપરા સંબંધ દ્વારા

મન, ઈંદ્રિયજય અને અબ્રહ્મવિજયની પ્રાપ્તિ થાય છે.

સાધકની યોગ્યતા

મન અને ઈંદ્રિયોનો સંયમ અને દેવ-ગુરુ-સંઘ

ઉપરાંત સાધર્મિકની ભક્તિ એ સાધકની યોગ્યતા છે.

વ્રતનિયમોનું આગ્રહપૂર્વક પાલન તેમાં સહાય કરે છે.

## નવકારના ભાષ્ય - ઉપાંશુ - માનસ - અજપાજાપ

(૧) શબ્દ = વૈખરી વાણી વડે ભાષ્યજાપ થાય છે.
બીજી રીતે જોઈએ તો ભાષ્ય વડે શબ્દાનુસંધાન થાય છે.

(૨) અર્થ = મધ્યમા વડે ઉપાંશુજાપ થાય છે.
બીજી રીતે જોઈએ તો ઉપાંશુ વડે અર્થાનુસંધાન થાય છે.

(૩) તત્ત્વ = પશ્યંતી વડે માનસજાપ થાય છે.
બીજી રીતે જોઈએ તો માનસ વડે તત્ત્વાનુસંધાન થાય છે.

(૪) સ્વરૂપ = પરા વડે અજપાજાપ થાય છે.
બીજી રીતે જોઈએ તો અજપાજાપથી સ્વરૂપાનુસંધાન થાય છે.

## મહાસમાધિના બીજો

શ્રદ્ધા, મેધા, ધૃતિ, ધારણા, અનુપ્રેક્ષાદિ
અપૂર્વકરણ નામની મહાસમાધિના બીજો છે,
જેનો પરિપાક - અતિશય - વૃદ્ધિ થવાથી મહાસમાધિ મળે.
તે માટે શાસ્ત્રોનું શ્રવણ - પાઠ - અર્થની સમ્યક્ પ્રતીતિ-
શાસ્ત્રોક્ત અનુષ્ઠાનવિષયક ચિંતા અને તેનું અનુષ્ઠાન
એ શ્રદ્ધાદિ બીજોના પરિપાકરૂપ છે.
વિઘ્નજય, સ્થિરતા, સિદ્ધિ, વિનિયોગાદિ તેનો અતિશય છે.
શ્રદ્ધાદિ બીજોને સિદ્ધિ પર્યંત પહોંચાડવા માટે
તે નિરંતર વધતા રહેવા જોઈએ.

'નમઈ' પદના અર્થમાં
અભ્યંતરતપના સર્વ પ્રકારોનો સંગ્રહ થઈ જાય છે.
આ નમસ્કારમહામંત્ર તથા બાહ્ય - અભ્યંતરતપમાં મનુષ્ય
જેમ જેમ આત્મસ્થ થઈને કાળાતીત ઈશ્વર સાંનિધ્યમાં
ઉપસ્થિત થાય છે, તેમ તેમ તે ખોયેલી - ગુમાવેલી
પોતાની મૂળ શક્તિ પાછી મેળવે છે. તેને શાશ્વત જીવન
અને પ્રભુના રાજ્યની ઉપલબ્ધિ થઈ જાય છે.

o

Arthur Hays Sulzberger says:

Lead, Kindly light...
Keep thou my feet,
I do not ask to see the distant scene
one step enough for me.

The habit of continuously thinking & talking must be transformed into the habit of continuously listening. The transition from humanhood to spiritual sonship is made only by grace. Life is to be lived not by might nor by power but by my Spirit.

## અધોગતિનાં બે કારણો

(૧) આત્મવિસ્મૃતિ (૨) દેહાભિમાન

## ઊર્ધ્વગતિનાં બે કારણો

(૧) આત્મસ્મૃતિ (૨) વિષયવિસ્મૃતિ

નષ્ટો મોહઃ સ્મૃતિર્લબ્ધા। પ્રભુકૃપાથી આત્મવિષયક સ્મૃતિ પ્રાપ્ત થવાથી મનની બધી મલિનતાથી વિચ્છેદ પામે છે.

સંકલ્પ એ મનનો ધર્મ છે, જ્યારે
જ્ઞાન એ બુદ્ધિનો ધર્મ છે.

શબ્દબ્રહ્મના રસ્તે જતાં મળે નાદબ્રહ્મ.

બ્રહ્મનું પરમ અને મહાન રૂપ નાદ છે.
'નાદબ્રહ્મ' એટલે નાદરૂપી પરમાત્મા - નાદબ્રહ્મ પરમેશ્વર.
જપ વડે નાદનો આશ્રય જેટલો સુલભ છે,
તેટલો અન્ય કોઈ પણ યોગ વડે સુલભ નથી.
સૃષ્ટિની ઉત્પત્તિ = મનુષ્યમનમાં સત્યયુગની સ્થાપના.
'સ્વરાજ્ય' એટલે આત્માનું મન ઉપર પ્રભુત્વ સ્થાપન.

°

Golden age = સતયુગ
Silver age = દ્વાપરયુગ
Copper age = ત્રેતાયુગ
Iron age = કલિયુગ

ચિતશક્તિ માત્ર પ્રકાશરૂપ નહિ, આનંદરૂપ પણ છે.
શબ્દબ્રહ્મમાં નિષ્ણાંત થવા બાદ પરબ્રહ્મની પ્રાપ્તિ થાય.
જપસાધનામાં શબ્દનો આશ્રય લઈને શબ્દાતીતમાં જવા
માટે શાસ્ત્રોમાં ઉપદેશ કર્યો છે.

શિવરૂપી આત્મા જીવરૂપ અથવા પશુરૂપમાં આવિર્ભૂત
થઈ સ્વરૂપના સંકોચ અને આણવમલને પામે છે.
દેહાત્મભાવ, પારતંત્ર્ય, પાશબંધન આદિ એકાર્થક છે.
વાક્શક્તિની સાથે પ્રાણશક્તિ અને મનઃશક્તિ પણ
જોડાયેલી છે અને પ્રાણશક્તિની સાથે પાંચ મહાભૂત
જોડાયેલાં છે. વૈખરીથી મધ્યમા તરફ ઉત્થાન કરવા માટે
એક બાજુ ગુરુશક્તિ અને બીજી બાજુ સ્વપ્રયત્ન
અપેક્ષિત છે તથા જપસાધના તેમાં પરમ સહાયક છે.
વૈખરી ભૂમિમાં લક્ષ્ય મૂલાધાર તરફ છે.

મધ્યમામાં તે લક્ષ્ય સહસ્રાર તરફ જાય છે.
મધ્યમાના એક છેડા ઉપર દિવ્ય પશ્યંતી વાક્ છે અને
બીજા છેડા ઉપર પાશવ વૈખરી વાક્ છે. એ બન્નેની
મધ્યમાં સંયોજક સેતુસ્વરૂપ મધ્યમાવાક્ ક્રિયાશીલ છે.
પશુભાવથી દિવ્યભાવમાં જવા માટે મધ્યમપથરૂપી સેતુની
સહાય આવશ્યક છે. મધ્યમા વાક્ જ મધ્યમાં રહેવાથી
ચેતન - અચેતન ઉભય સ્વરૂપ કરી છે.

## મંત્રાર્થ ભાવન

(૧) ભાવાર્થ - મંત્રના અવયવભૂત અક્ષરોનો અર્થ.

(૨) સંપ્રદાયાર્થ - પરંપરાનું જ્ઞાન.

(3) નિગર્ભાર્થ - દેવતા, ગુરુ, આત્માનું ઐક્યાનુસંધાન.

(૪) કૌલિકાર્થ - ચક્ર, દેવતા, વિદ્યા, ગુરુદેવ અને સાધકનું ઐક્યાનુસંધાન.

(૫) રહસ્યાર્થ - મૂલાધારસ્થ કુંડલિની રૂપ વિદ્યાસાધકની સ્વાત્મા.

(૬) મહાતત્ત્વાર્થ - વિશ્વમય અને વિશ્વાતીત સાથે ઐક્યાનુપ્રવેશ.

## ઐક્યાનુસંધાનના 3 ઉપાય

(1) ધ્યાનરૂપ (2) ઉચ્ચારણરૂપ (3) કરન્યાસાદિ ક્રિયારૂપ.

(1) ધ્યાનરૂપ - આ બુદ્ધિનું કાર્ય છે.

બુદ્ધિનો અસાધારણ ધર્મ અનુસંધાન છે.

(2) ઉચ્ચારણરૂપ - આ પ્રાણનો અસાધારણ ધર્મ છે.

(3) કરન્યાસાદિ ક્રિયારૂપ - દેહનો અસાધારણ ધર્મ છે.

આ દેહ, ઇંદ્રિયાદિના વ્યાપારરૂપ છે.

ઇંદ્રિય, વિષય, પ્રાણાદિનો પિંડરૂપમાં એકીભાવ સંસ્થાન તે દેહનો અસાધારણ ધર્મ છે.

'તં' એ શિવવાચક છે, 'સઃ' એ શક્તિવાચક છે.

પરમાત્મા શું ઇચ્છે છે?

સર્વનું ભલું અને સર્વ માટે સુખ.

પરમાત્મા દોષોથી રહિત છે, તેથી
દોષરહિત થવા માટે કરાતી સ્તુતિ તે નિર્ગુણ સ્તુતિ છે.

પરમાત્મા ગુણોથી સહિત છે, માટે
ગુણસહિત થવા માટે કરાતી સ્તુતિ તે સગુણ સ્તુતિ છે.

આજ્ઞાપાલનથી સુખ છે.

પરમાત્માની આજ્ઞા સત્કર્મ કરવાની છે. તે ન કરે તો તે આજ્ઞા ભંગ કરનાર થાય છે. તેને સુખ કેમ મળે?

ઉપાસના એટલે પાસે જવું. અષ્ટાંગયોગથી પરમાત્માની પાસે જઈ શકાય છે, તેથી યોગ પણ ઉપાસના જ છે.

જીવમાં બે પ્રકારના સ્પન્દનો થયા કરે છે:

એક સ્પન્દન મોક્ષ તરફ લઈ જાય, બીજું સંસાર તરફ.

મોક્ષ તરફનું સ્પન્દન છે, તે એક છે અર્થાત્
જે નિઃસ્પન્દ અવસ્થા છે, તે એક છે.

તે એકમાં જે સંસારાભિમુખી ઇચ્છાદિરૂપ સ્પંદન થાય, 'એકોઽહં બહુસ્યામ્ ।'માં તે જ 'બહુસ્યામ્ ।' ગણાય છે.
એકઃ = સ્વરૂપાવસ્થા છે, બહુ = ફેલાવિત અવસ્થા.

એક માટે મૂર્છા, શૂન્ય અથવા બ્રહ્મ શબ્દો વપરાય છે.

અદ્વૈત તેનો અર્થ છે. 'જડ' તે દ્વૈત છે.

અભેદ પ્રણિધાનરૂપ તાત્ત્વિક નમસ્કાર અને અર્હત્લક્ષ

બન્ને એક જ વસ્તુ છે.

ચૌદ પૂર્વનો સાર = નાદ, નાદનો લય = ચારિત્ર.

સર્વ ધર્મનો સાર તે પ્રશસ્ત ચિત્ત છે. પ્રશસ્ત ચિત્તનું આલંબન નાદ છે. નાદ લયરૂપ ચારિત્ર માટે છે. લય તે નમસ્કાર છે અને તે અભેદ પ્રણિધાનરૂપ સમતા છે. સમતાનો સાર ઉન્મના છે. તે લયનું ફળ છે. ઉન્મના તે નમસ્કારનો સાક્ષાત્કાર છે અને તે જ અર્હત્ લક્ષ છે.

સર્વસત્ત્વાદિ ગુણસહિત ઉપાસના તે સગુણઉપાસના.

શબ્દાદિ ગુણરહિત પ્રભુઉપાસના તે નિર્ગુણ ઉપાસના.

શબ્દથી પ્રભુની શુદ્ધિ – સદનુષ્ઠાનથી ચિત્તની શુદ્ધિ થાય.

ચિત્તની શુદ્ધિ માટે પ્રભુશુદ્ધિ આવશ્યક છે.

પ્રભુની શુદ્ધિ માટે નાદ એ આલંબન છે.

નાદ શબ્દબ્રહ્મરૂપ છે, તેનાથી પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

નમસ્કાર શબ્દબ્રહ્મરૂપ છે તેથી નાદસ્વરૂપ છે.

નાદથી લય અને લયથી પરબ્રહ્મનો લાભ થાય છે.

લય, શૂન્ય, મૂર્છા, સમ વગેરે એકાર્થક છે.

નાદથી શ્રુત અને સમકીત સામાયિકનો લાભ થાય છે.
લયથી દેશવિરતિ અને સર્વવિરતિ સામાયિકનો લાભ થાય છે.
ત્યાં સુધી જે સાધના છે, તે સાલંબ પ્રણિધાનરૂપ છે.
તેનું ફળ ઉન્મના છે.
તેમાં અર્હત્‌ભાવ યા તાત્ત્વિક નમસ્કારનો સાક્ષાત્કાર છે.
ૐ પૂર્વકથી શ્રુત અને સર્વવિરતિરૂપ સામાયિકના
સંબંધ બીજથી સંબંધ નાદ અને લય વચ્ચે છે.

મૈત્રી - કરુણા

સર્વં સુખજાતીયં મે ભૂયાત્ ।
મૈત્રીભાવથી એ જાતિની રાગ-વાસના વિલીન થાય છે,
કેમકે સુખ મિત્રતાના દાવે પોતાનું જ સુખ બની જાય છે,
તેથી સ્વસુખ વિષયક ઇચ્છા જ શમી જાય છે.
સર્વં દુઃખજાતીયં મે ન ભૂયાત્ ।
આ જાતિની દ્વેષભાવના કરુણા ભાવનાથી નિવૃત્ત થાય,
કેમકે તેમાં દુઃખી માત્રના દુઃખ પ્રત્યે દ્વેષ ઉત્પન્ન થાય,
તેથી કોઈનો પણ અપકાર કરવાની ભાવના રહેતી નથી
તથા દ્વેષ-દર્પ પણ નાશ પામે છે.
ચિત્તને સદા કલુષિત કરનારી રાગવાસના-દ્વેષવાસના,
તેના પ્રતિપક્ષી મૈત્રીભાવના અને કરુણા ભાવનાથી તે

પ્રતિબંધિત થઈ જાય છે, તેથી આપણા ચિત્તરૂપી નદીમાં રાગ-દ્વેષરૂપી કલુષિતતા ચાલી જાય છે અને સ્વચ્છતા ઉપરાંત નિર્મળતા સહજ ઉત્પન્ન થાય છે. સર્વભૂત પ્રત્યે આત્મવત્ ભાવ પ્રગટ થવાથી વૈરવૃત્તિ ચાલી જાય છે અને સુખી જીવો પ્રત્યે થતા ભાવોમાં ઈર્ષ્યા, અસૂયા કે અદેખાઈ પણ રહેતાં નથી.

## મુદિતા - ઉપેક્ષા

'મુદિતા' એટલે પ્રીતિ અને 'ઉપેક્ષા' એટલે ઉદાસીનપણું. પુણ્ય કરનાર પ્રત્યે પ્રીતિ અને પાપી વિષે ઉદાસીન વૃત્તિ રાખવાથી પુણ્યની રૂચિ તથા પાપ પ્રત્યે અરૂચિ જાગે છે. પુણ્યાત્મા પ્રત્યેની પ્રીતિ પુણ્ય પ્રત્યે પ્રીતિ પેદા કરે, અનેક વિઘ્નો વચ્ચેય પુણ્યકાર્ય કરવાનું બળ સમર્પે. પાપી પ્રત્યે ઉપેક્ષાબુદ્ધિથી પાપ પ્રત્યે પણ ઉપેક્ષા થવાની જ, તેથી 'મેં કેમ પાપ કર્યું ?' અને 'મેં પુણ્ય કેમ ન કર્યું ?' એવા પશ્ચાત્તાપનો વખત આવતો નથી, કેમકે તેથી પાપના ફળરૂપ દુઃખ અને દુર્ગતિથી બચી જવાય છે અને પુણ્યના ફળરૂપ સુખ અને સદ્ગતિના ભાગી થવાય છે. મૈત્રી, કરુણા, મુદિતાદિની ભાવનાઓની એમ પાપની વાસનાથી નિવૃત્તિ કરાવનાર અને શુભ વાસનાને ઉત્પન્ન

કરનાર ક્ષમા, માર્દવ, આર્જવ, દેહ-ગેહ શૌચાદિ સર્વ શુભ કૃત્યોનો સંગ્રહ આવી જશે, તેથી ચિત્તના રાજસ, તામસ ધર્મો નિવૃત્ત થઈ સાત્ત્વિક શુક્લધર્મ આવિર્ભાવ પામે છે.

ચિત્ત સ્વચ્છ જલવત્ પ્રસન્ન થઈ
સ્થિતિનાં સાધનથી એકાગ્રતાને પામે છે.

પ્રાયશ: લોકો પુણ્યના ફળની ઇચ્છા રાખે છે, પણ પુણ્ય બંધાય એવા કાર્યો તો કરતાં નથી. એ જ રીતે પાપના ફળની ઇચ્છા રાખતાં નથી પણ પાપ તો કરે છે. પાપના માર્ગે જતાં જીવને રોકનાર તથા પુણ્યના માર્ગે જવામાં ઉત્સાહ આપનાર ઉપેક્ષા અને મુદિતા ભાવના છે.

## ઈશ્વર પ્રણિધાન

ઈશ્વર પ્રણિધાનથી ઈશ્વરનો અનુગ્રહ પ્રાપ્ત થાય છે. સર્વશક્તિમાન પ્રભુનો 'સાધકને સમાધિલાભ થાઓ' એવો સંકલ્પ સિદ્ધ હોવાથી સાધકને સમાધિલાભ સુલભ બને. સર્વેઽપિ મુક્તિસુખભાજનવન્તુ। અર્થાત્: સર્વે પણ મુક્તિસુખને પામે એવો પ્રભુનો સિદ્ધ સંકલ્પ હોય છે. બંધ-સત્તા-ઉદય-ઉદીરણાદિ દ્રવ્ય-ભાવ ઉભય પ્રકારના કર્મોથી જેઓ રહિત છે, તે ઈશ્વરપદ વાચ્ય છે. ઐશ્વર્ય-વાચક 'ઈશ' ધાતુ ઉપરથી 'ઈશ્વર' શબ્દ આવ્યો છે.

'ઈશ્વર' શબ્દને એ અર્થમાં સમજવાનો છે કે જે જગતના અધિષ્ઠાતા તથા જગતસર્જનના સામર્થ્યવાળા ઈશ્વર છે. પ્રકૃતિને ક્ષોભ પમાડવારૂપ સામર્થ્ય ઈશ્વરમાં રહેલું છે. ઈશ્વરના સદ્ભાવ માટે મુખ્ય આગમ તથા યોગપ્રત્યક્ષ જ અનુભવ છે, અહીં અનુમાનનું પ્રત્યક્ષ ગૌણ છે.

સર્વજ્ઞતાનું બીજ સાતિશય જ્ઞાન છે,
તે ઈશ્વરમાં નિરતિશય છે.

દુઃખાભિઘાત થયાં વિના દુઃખ દૂર કરવાના ઉપાયોમાં જિજ્ઞાસા થતી નથી. જિજ્ઞાસા વિના જ્ઞાન થતું નથી અને જ્ઞાન વિના ઉપાયોમાં પ્રવૃત્તિ થતી નથી. પ્રવૃત્તિ વિના વિવેકખ્યાતિ રૂપી ફલ પ્રાપ્ત થતું નથી તથા દુઃખાનુભવ વિના વિવેકખ્યાતિના સાધનરૂપ વૈરાગ્યની પણ સિદ્ધિ થતી નથી, કિન્તુ પંચપરમેષ્ઠિ અથવા સર્વ શક્તિમાન પરમાત્માના અનુગ્રહથી સર્વ સુલભ બને છે.

ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ।

અર્થાત્: જેઓ મને ભક્તિથી ભજે છે,
તેઓ મારામાં છે અને હું તેઓમાં છું.

'ध्यानभेदेन मनोनिरोधे परमधर्मे प्रवर्तमानं
योगिनं ईश्वरोऽनुगृह्णाति ।' (પરિશિષ્ટ-૧૦)

## ઈશ્વર પ્રણિધાન એટલે ઈશ્વર પ્રશ્ન.

પુરુષ અને ઈશ્વર - એ બન્ને ભિન્ન તત્ત્વો નથી. જો તેઓ અત્યંત ભિન્ન હોત તો એકના સાક્ષાત્કારથી અન્યનો સાક્ષાત્કાર થાત નહિ પણ તેમ તો છે નહિ.

ઉપાધિનો બાધ કરવાથી તત્ત્વ એક જ ઠરે છે.

ઈશ્વર અને પુરુષ બન્નેમાં પુરુષત્વ સમાન હોવાથી એક શાસ્ત્રના અભ્યાસથી જેમ અન્ય શાસ્ત્રમાં તે મહારતની વ્યુત્પત્તિ થાય છે, તેમ ઈશ્વરના સ્વરૂપના સાક્ષાત્કારથી પુરુષત્વ અંશમાં સમગ્ર અંશો મળતા પ્રત્યેક ચેતનનો પણ સકળ રૂપથી સૌ કોઈને સાક્ષાત્કાર થઈ શકે છે.

ઈશ્વરની પ્રકૃષ્ટ સત્ત્વરૂપ ઉપાધિ છે
અને જીવની મલિન સત્ત્વરૂપ ઉપાધિ છે.

તેનો બાધ થતાં શુદ્ધ ચિતિશક્તિરૂપ તત્ત્વ એક જ રહે છે.

અગ્નિના જ્ઞાનથી સ્ફુલિંગોનું જ્ઞાન થાય, પણ
સ્ફુલિંગના જ્ઞાનથી અગ્નિની શક્તિ, પ્રકૃતિ
વગેરેનું સંપૂર્ણ જ્ઞાન થતું નથી,

તેથી જીવતત્ત્વના સાક્ષાત્કારથી ઈશ્વર તત્ત્વનો વિવેક યથાવત્ થતો નથી અને ઈશ્વર તત્ત્વના સાક્ષાત્કારથી જીવતત્ત્વનો સાક્ષાત્કાર થાય, એ વાત તદ્દન યોગ્ય છે.

બ્રહ્મને આત્મારૂપે જોનાર મહાપુરુષની ઇચ્છાનો વિઘાત કરવા દેવો પણ સમર્થ નથી. અન્યવિષયક સમાધિમાં દેવો વિઘ્ન કરે છે પણ ઈશ્વરવિષયક સમાધિમાં કરતાં નથી.

एकं ब्रह्मपरं ध्यायेत् सर्वं विप्र! चराचरम् ।
चराचरविभागं च त्यजेदहमिति स्मरन् ॥ -લિંગપુરાણ

અર્થ: ચરાચર વિભાગના ત્યાગપૂર્વક સર્વત્ર એક શુદ્ધ બ્રહ્મ છે અને તે જ હું છું, એમ (સાધક) ધ્યાન કરે.

૦ અધ્યાત્મથી પ્રાપ્ત થતી ૫ સમિતિ એ મૂળગુણ છે. યોગથી પ્રાપ્ત થતી ૩ પ્રકારે ગુપ્તિ એ ઉત્તરગુણ છે.

૦ આ સંસારે પ્રાપ્તવ્ય: સર્વ દુઃખ અંત, પરમાનંદ પ્રાપ્તિ.

સાંખ્યદર્શનના મતે આધ્યાત્મિક દુઃખો આધિ-વ્યાધિરૂપ, આધિભૌતિક દુઃખો આ લોકના પદાર્થોથી થતાં દુઃખો છે તથા આધિદૈવિક દુઃખો એ આ લોકથી ભિન્ન અન્યલોકના નિવાસીથી થતાં દુઃખો છે.

જેમ ભૂખ્યાને અન્ન-જળ સિવાય કાંઈ ગમે નહિ, તેમ મુક્તિ તથા તેનાં સાધન સિવાય બીજું કાંઈ સારું લાગે નહિ. મુમુક્ષુત્વમાં શબ્દનું શ્રવણ, જ્ઞાનનું નિદિધ્યાસન, અર્થનું મનન તથા આત્માનો સાક્ષાત્કાર કરવાનો અભ્યાસ તથા ૪ પરિકર્મ મૈત્રી મુદિતાદિને ઉપેક્ષા ધારણા કરાય છે.

સાંખ્યદર્શને માનેલા કુલ ૨૫ કાર્ય કારણ કઈ રીતે?

પ્રકૃતિ - ઉપાદાન કારણ = ૧, વિકૃતિ - કાર્ય = ૧૬,

પ્રકૃતિ વિકૃતિ - કાર્ય અને કારણ = ૭,

અપ્રકૃતિ અવિકૃતિ - કાર્ય કારણ વિરહિત = ૧.

## સત્ત્વ - રજસ્ - તમસ્ અહંકાર

પાંચ જ્ઞાનેન્દ્રિય - સાત્ત્વિક અહંકાર, પાંચ કર્મેન્દ્રિય - રાજસિક અહંકાર, પાંચ તન્માત્રા - તામસિક અહંકાર, મન - સાત્ત્વિક તથા રાજસિક અહંકાર.

## નમસ્કારથી પ્રેમ - આનંદ

નમસ્કાર એ અર્હત્સ્વરૂપ છે, અર્હત્ નમસ્કારરૂપ છે.

હું પરમાત્મસ્વરૂપ છું, પરમાત્મસ્વરૂપ હું છું.

આત્માથી પરમાત્માનો અભેદ અને પરમાત્માથી આત્માનો અભેદ.

અંતરમાં આનંદ તે બહારમાં પ્રેમરૂપ બને છે અને આચરણમાં અહિંસારૂપ બને છે.

આનંદ કેન્દ્ર છે તો પ્રેમ પરિધિ છે, અહીં પ્રેમ એ સંબંધ નહિ પણ સ્વભાવ છે.

અહિંસા શબ્દ નકારાત્મક છે, તેની અનુભૂતિ નકારાત્મક નહિ પણ શુદ્ધ પ્રેમની છે. નકાર એ બુદ્ધિ વધારે

ઊંડે ઉતરી શકતો નથી, ત્યાર જીવનરસથી બની શકે.

જીવનને સ્પર્શવા માટે ગંભીર વિચારક જોઈએ.

રાગયુક્ત પ્રેમ કોઈ વ્યક્તિ પ્રત્યે હોય છે, જ્યારે

રાગમુક્ત પ્રેમ સમસ્ત ૧૪ રાજલોકના જીવો પ્રત્યે હોય.

એક પ્રેમ સંબંધરૂપ છે, જ્યારે બીજો પ્રેમ સ્વભાવરૂપ છે.

રાગયુક્ત પ્રેમ દુઃખને ભૂલવારૂપ છે, જ્યારે

રાગમુક્ત પ્રેમ દુઃખને મિટાવવારૂપ છે.

દુઃખને મિટાવવા માટે દુઃખને ભૂલવું ન જોઈએ પણ

દુઃખને જીવનમાં પ્રત્યક્ષ કરવું જોઈએ.

દુઃખને ભૂલવું એ સંસારનો માર્ગ છે, જ્યારે

દુઃખને પ્રત્યક્ષ કરવું એ આત્માનો માર્ગ છે.

તે તપ સ્વરૂપ છે, આત્માની જાગૃતિને લાવનાર છે.

'હું કોણ છું' એ બોધની સાથે જ

આ જીવનમાંથી દુઃખ તરત વિસર્જિત થઈ જાય છે.

દુઃખ એ સ્વભાવમાંથી જુદું નથી.

સ્વનું ભાન થવાથી આનંદના અધિકારી થવાય છે.

જેહની અનુભૂતિ આનંદસ્વરૂપ છે.

સ્વયં જાણવાથી દુઃખનું વિસર્જન થાય છે.

દુઃખનું વિસ્મરણ સંસાર તરફ લઈ જાય છે.

પ્રાયશ્ચિત્તં વિમર્શનમ્ । ખરું પ્રાયશ્ચિત્ત આત્મચિંતન છે.
જ્યાં સુધી મનુષ્ય આત્મચિન્તન કરી આત્માના કર્તૃત્વ-
ભોક્તૃત્વથી પર સ્વરૂપનાં દર્શન કે સાક્ષાત્કાર ન કરે,
ત્યાં સુધી પ્રાયશ્ચિત્ત પુરું થતું નથી.

સાક્ષાત્કારની સીમા સુધીનાં પ્રગાઢ ચિન્તનને
પરિણામે આત્માનું શુદ્ધ સ્વરૂપ સમજાતાં આત્મા કદી
કર્મના લેપથી લેપાતો જ નથી તો એવું ભાન સ્ફુરે છે.

પાપના સ્પર્શમાત્રથી છૂટવું હોય તો
આત્મચિન્તનમાં નિષ્ઠા કેળવવી જોઈએ.

એ માટે તપ, ત્યાગ, બ્રહ્મચર્ય, શમ, દમ તથા યમ-નિયમો
વગેરેનું જીવનમાં સતત અનુશીલન કર્યા કરવું જોઈએ.

અગ્નિ જેમ વાંસના વનને બાળી મૂકે છે,
તેમ સાધનાને અંતે થતો આત્મસાક્ષાત્કાર એ
પુણ્ય-પાપરૂપી કર્મવાંસનાં જંગલને બાળી મૂકે છે.

બુદ્ધિના બે ભાગ છે : વાસનામય અને વિજ્ઞાનમય.
વાસનામય બુદ્ધિને વિજ્ઞાનમય બુદ્ધિમાં અને વિજ્ઞાનમય
બુદ્ધિને આત્મવશ કરવી. આ રીતે બુદ્ધિ વાસનાથી શૂન્ય થાય.
કનિષ્ઠ વાતને વરિષ્ઠ વાતના તાબામાં લેવા માટે
વાસનામય બુદ્ધિને પ્રજ્ઞામય બનાવતાં શીખવું જ જોઈએ.

## અવિદ્યાના ૪ પાદ

(૧) અનિત્ય સંસાર તથા દેહાદિમાં નિત્ય બુદ્ધિ રાખવી.
(૨) અશુચિ મળમૂત્ર સ્ત્રી શરીરાદિમાં તથા મિથ્યા ભાષણ, ચોરી આદિ અપવિત્ર કાર્યોમાં પવિત્ર બુદ્ધિ રાખવી.
(૩) અત્યંત વિષયસેવનરૂપી દુઃખમાં સુખબુદ્ધિ રાખવી.
(૪) અનાત્મમાં આત્મબુદ્ધિ રાખવી. અવિદ્યાના ૪ પાદ છે.

કર્મ અને ઉપાસનાને 'અવિદ્યા' કહેવાનું કારણ એ કે તે બાહ્ય - આંતર ક્રિયારૂપ છે પણ જ્ઞાનસ્વરૂપ નહિ. કહ્યું છે: 'अविद्यया मृत्युं तीर्त्वा विद्ययाऽमृतमश्नुते।' પવિત્ર કર્મ, પવિત્ર ઉપાસના, પવિત્ર જ્ઞાનથી મુક્તિ મળે.

મિથ્યા ભાષણાદિ અપવિત્ર કર્મ છે.

કુદેવ પાષાણાદિ મૂર્તિની ઉપાસના અપવિત્ર ઉપાસના છે.

મિથ્યાજ્ઞાનથી બંધન થાય છે,

માટે ધર્મયુક્ત કર્મ, ઉપાસના અને જ્ઞાન એ કર્તવ્ય છે.

## જીવ જ્ઞાતા - દ્રષ્ટા

શરીરને શીતોષ્ણાદિ, પ્રાણને ક્ષુધાતૃષાદિ, મનને હર્ષશોકાદિ થતાં નહિ પણ મન-પ્રાણ-દેહ વડે તે સર્વનો ભોગ કરે છે જીવાત્મા. જીવ કર્મોનો સાક્ષી નહિ પણ કર્તા - ભોક્તા છે.

કર્મોનો સાક્ષી તો એક અદ્વિતીય પરમાત્મા જ છે.

બ્રહ્મ નિરાકાર અને સર્વવ્યાપક હોવાથી
તેનું પ્રતિબિંબ પડી શકે નહિ.

મિથ્યાજ્ઞાનના નાશથી રાગ-દ્વેષાદિનો નાશ,
રાગ-દ્વેષાદિના નાશથી દુષ્ટ પ્રવૃત્તિનો નાશ,
દુષ્ટ પ્રવૃત્તિના નાશથી જન્મનો અને
જન્મના નાશથી દુઃખનો નાશ થાય છે.

दुःख - जन्म - प्रवृत्ति - दोष - मिथ्याज्ञानाना -
मुत्तरोत्तरापाये तदनन्तरापायादपवर्गः ।

કારણો સહિત દુઃખનો આત્યંતિક નાશ, તે જ 'મોક્ષ' છે.

## શરીરના ૫ કોષ

અન્નમય કોષ = શરીરમાં ત્વચાથી હાડકા પર્યંત હોય છે.
૫ પ્રાણમય કોષ = પ્રાણ - અપાન - સમાન - ઉદાન - વ્યાન.
મનોમય કોષ = મન - અહંકાર સહિત પાંચ કર્મેન્દ્રિય.
વિજ્ઞાનમય કોષ = બુદ્ધિ - ચિત્ત સહિત પાંચ જ્ઞાનેન્દ્રિયો.
આનંદમય કોષ = પ્રીતિ, પ્રસન્નતા અને આનંદ કોષ.

ઉપરના દરેકના આધારભૂત કારણશરીર પ્રકૃતિરૂપ છે.

ઇંદ્રિયો અર્થો સાથે, મન ઇંદ્રિયો સાથે, આત્મા મન સાથે ભેગાં થઈ પ્રાણને પ્રેરણા કરી ઉત્તમ યા અધમ કાર્યમાં જોડાય છે, ત્યારે જીવાત્મા બહિર્મુખ કે વિષયાભિમુખ કહેવાય છે.

ઉત્તમ કર્મ કરતી વખતે અંદરથી જે
આનંદ, ઉત્સાહ અને અભય પ્રાપ્ત થાય છે તથા
અધર્મ કર્મ કરતી વખતે ભય, શંકા અને લજ્જા થાય છે,
તે અંતર્યામી પરમાત્માની શિક્ષા છે.
હેયોપાદેય વિવેક કરી હેયનું દાન અને
ઉપાદેયનું આદાન તે 'વૈરાગ્ય' છે.

## ષટ્ સંપત્તિ

(૧) શમ - અંતઃકરણનો સંયમ.
(૨) દમ - ઇંદ્રિયોનો સંયમ.
(૩) ઉપરતિ - દુઃસંગનો ત્યાગ.
(૪) તિતિક્ષા - નિંદા, સ્તુતિ, લાભ-હાનિમાં હર્ષ-શોકનો ત્યાગ.
(૫) શ્રદ્ધા - સત્શાસ્ત્ર, સત્પુરુષોનાં વચનો ઉપર વિશ્વાસ.
(૬) સમાધાન - ચિત્તની એકાગ્રતા.

## ષટ્દર્શનનાં નામ

બે સાંખ્ય, બે ન્યાય અને બે મીમાંસા.
કપિલમુનિ પ્રણિત સાંખ્ય તથા ન્યાય.
પતંજલિમુનિ પ્રણિત સાંખ્ય તથા વૈશેષિક.
પૂર્વમીમાંસા તથા ઉત્તરમીમાંસા.
શાસ્ત્રો સંપૂર્ણ કર્તવ્ય, જ્ઞાતવ્ય, પ્રાપ્તવ્ય પદાર્થોનો સંપુટ છે.

## બૌદ્ધ દર્શનની ૪ વિભિન્ન માન્યતાઓ

(૧) વૈભાષિક : તે બાહ્યપદાર્થને તો પ્રત્યક્ષ માને છે, પણ આંતરપદાર્થને પ્રત્યક્ષ માનતો નથી. (૨) સૌત્રાન્તિક : તે બાહ્યપદાર્થને અનુમાનગમ્ય માને છે, કેમકે કોઈપણ પદાર્થ સંપૂર્ણરૂપે દેખાતો નથી, પણ તેનો એક ભાગ જ દેખાય છે. (૩) યોગાચાર : આ મત બાહ્યવસ્તુને શૂન્ય માને છે. તે મત પ્રમાણે પદાર્થ આંતરજ્ઞાનમાં ભાસે છે, બહાર નહિ. (૪) માધ્યમિક : તે માને છે કે સર્વ વસ્તુ શૂન્યવાદી છે. જે આદિ નથી, અંતમાં નથી, તે મધ્યમાં પણ નથી. જ્ઞાન સમયમાં પદાર્થ પ્રતીત થાય. પદાર્થાન્તરવિષયક જ્ઞાન થતાં તે જ્ઞાન નષ્ટ થવાથી સર્વ શૂન્ય જ એક તત્ત્વ છે. બૌદ્ધ મત પ્રમાણે વસ્તુ કારણરૂપ બની શકે છે પણ શૂન્યરૂપ નહિ. જગતને કાર્યરૂપે નહિ પણ કારણરૂપે જોવાથી રાગાદિ વાસનાઓ વિલીન થઈ જાય છે.

ભિદ્યન્તે હૃદયગ્રન્થિઃ છિદ્યન્તે સર્વસંશયાઃ ।
ક્ષીયન્તે ચાઽસ્ય કર્માણિ તસ્મિન્ દૃષ્ટે પરાવરે ॥

- મુંડક ૨/૨/૮

અર્થ: તે પ્રભુના દર્શન થતાં હૃદયની ગાંઠ ભેદાઈ જાય છે, સર્વ સંશયો દૂર થાય છે અને કર્મો ક્ષય થાય છે.

# બૌદ્ધોમાં ૪ પ્રકારની ભાવના

સર્વં ક્ષણિકમ્ | સર્વં દુઃખમ્ |

સર્વં સ્વલક્ષણમ્ | સર્વં શૂન્યમ્ |

o અવયવીમાં અવયવ એક હોવાથી અવયવ પ્રત્યક્ષથી અવયવનું પ્રત્યક્ષ માનવું જોઈએ. જો સર્વ વસ્તુ ક્ષણિક હોય તો સ્મૃતિ-પ્રત્યભિજ્ઞાદિ ન થાય, પણ થાય તો છે જ. બધું જ દુઃખ હોય તો સુખ વિના દુઃખની સિદ્ધિ કેમ થશે? દિવસ વિના રાત્રિ કે રાત્રિ વિના દિવસ સિદ્ધ ન થઈ શકે, માટે સુખ-દુઃખ પરસ્પર સાપેક્ષ છે, શૂન્યતા એ શૂન્યથી ભિન્ન માનવી જોઈએ. સ્વલક્ષણ બધાનું સમાન નથી.

વાસનાની નિવૃત્તિ માટે ભાવનાની આવશ્યકતા છે, પરંતુ તેથી વસ્તુનો અપલાપ થઈ શકે નહિ.

## ૫ પ્રકારના સ્કંધ

રૂપસ્કંધ - પાંચે ઇંદ્રિયોના પાંચ વિષયોના સ્કંધ.

વિજ્ઞાનસ્કંધ - આલયવિજ્ઞાન તથા પ્રવૃત્તિવિજ્ઞાનનો પ્રવાહ.

વેદનાસ્કંધ - સુખ-દુઃખ, આનંદ-વેદનાની પ્રતીતિ.

વ્યવહારસ્કંધ - ઘટ-પટ, ગો-મહિષ વગેરેના સ્કંધ.

સંસ્કારસ્કંધ - વેદનાસ્કંધથી ઉત્પન્ન થતાં દ્રવ્ય અને ભાવકર્મ, રાગ-દ્વેષાદિ, ધર્મ-અધર્માદિ.

'સપ્તભંગી સ્યાદ્વાદ' એટલે સાધર્મ્ય, વૈધર્મ્ય તથા અન્યો-ન્યાભાવમાં સમાઈ જતી વસ્તુ. સ્વરૂપથી અસ્તિત્વ અને પરરૂપથી નાસ્તિત્વ એ અન્યોન્યાભાવરૂપ છે.

o સંયોજક વિના યથાયોગ્ય, સર્વાવયવ સંપન્ન, યથોચિત કાર્યકારી શરીર બની શકે નહિ.

o પરમેશ્વરને જોવાનું યથાર્થ સાધન આંખ નહિ, કિન્તુ યોગાભ્યાસથી પવિત્ર થયેલ શુદ્ધ અંતઃકરણ છે. જેમ વિદ્યાભ્યાસ વિના વિદ્યાનું ફળ મળતું નહિ, તેમ યોગાભ્યાસ વિના પરમાત્મા ઓળખી અથવા મેળવી શકાતો નહિ. પરમાત્માનું જ્ઞાન સૃષ્ટિની રચનાને જોવાથી ય થઈ શકે છે.

કર્તા સિવાય કોઈપણ કાર્ય બને નહિ, તો જગતરૂપ મહાકાર્ય કર્તા વિના અસંભવિત છે.

જેમ પોતે જ પોતાના ખભા ઉપર બેસી શકે નહીં તથા પુત્ર પોતે જ પોતાનો પિતા થઈ શકે નહિ, તેમ જગત પોતે જ પોતાના જગતનો કર્તા થઈ શકે નહિ.

o પાપ-પુણ્ય કરવાનો સ્વભાવ જીવનમાં રહેલ છે, પણ પુદ્ગલમાં નહિ.

સંયોગો યોગ ઇત્યુક્તો જીવાત્મ પરમાત્મનોઃ । અર્થાત્ઃ જીવ અને પરમાત્માનો સંયોગ જ 'યોગ' ઇત્યાદિ છે.

## 'નમો' પદમાં રહેલાં 3 અર્થ

(૧) એકીકરણ - તુલાપરિણામ (૨) શુદ્ધિકરણ - મધુરપરિણામ
(3) નમ્ર-વિનયીકરણ - લઘવીકરણ - ખીરખાંડયુક્તપરિણામ.

નમ્ર થવાથી શુદ્ધ અને શુદ્ધ થવાથી એક થવાય છે.

નમ્ર થવા માટે જ્ઞાન જાણવું જોઈએ.

જ્ઞાનનું ચિત્ત શુદ્ધ થવાથી આત્માના સ્વભાવનું દર્શન થાય.
નમ્રતા - શુદ્ધતા - એકતા એ અનુક્રમે મધુર - તુલા તથા
ખીરખાંડયુક્ત પરિણામનાં પર્યાયવાચી શબ્દો ગણાય છે.

નમ્રતા, શુદ્ધિ અને સમ્યગ્દર્શન પણ એકાર્થક છે.

o

Goal of all life is the union with God. There is no God out here in space. The God there is, is hidden within us, waiting for each one of us to discover for himself. We do not have to go any place in time or place.

o

I prefer to strive in bravery with the bravest, rather than in wealth with the richest or in greed with the greediest.

## સત્સંગ અને વૈરાગ્ય

માનવમનને કેળવવાનાં બે ઉપાય છે:
સદ્‌નો સત્સંગ અને અસત્ પ્રત્યે વૈરાગ્ય.
આ સત્સંગ અને વૈરાગ્ય માટે
પુરુષાર્થ કરવાની વિવેકશક્તિ પ્રભુકૃપાથી પ્રાપ્ત થાય. પ્રભુકૃપા અનન્ય ભક્તિ વડે મળે છે, જે આત્મસમર્પણબુદ્ધિ જાગે, જે સંસારની નિઃસારતાના ભાનમાંથી ઉત્પન્ન થાય, જે નિઃસારતાના ભાનથી થાય, જે નિસ્પૃહ અનુભવ માંગે છે.

## 'દયા' શબ્દનો ખરો અર્થ

મનુષ્યને જેટલું પણ મળ્યું છે અને રોજબરોજ જેટલું મળે છે, તેના શતાંશ ભાગનો જ પ્રત્યુપકાર કરવો હોય, તો પોતાનું સર્વસ્વ દાનમાં આપવાથી પણ થઈ શકે તેમ નથી. તેથી દાન પ્રત્યે, એવું દાન જેઓ દઈ રહ્યા છે, તેનું પૂજન કરનારાઓ પ્રત્યે અને જેઓને એ દાન અને પૂજનના વિચાર સુદ્ધાં નથી જાગ્યા, તેના પ્રત્યે પણ સદ્ભાવયુક્ત વર્તન - એ 3 વસ્તુ 'દયા' શબ્દથી ઉદ્ઘોષિત થાય છે. તેથી દયા એ માનવના જીવનનું અતિમહત્ત્વનું અંગ છે.

o

*Religion binds man to God and man to man.*

## પંચ નમસ્કાર સામર્થ્ય

જગતસૃષ્ટિમાં માનવજીવન સર્વશ્રેષ્ઠ છે અને એમાં પણ પંચ પરમેષ્ઠિ ભગવંતોનું જીવન સર્વોચ્ચ શ્રેષ્ઠ છે. તેમને હૃદયમાં આવતો નમસ્કાર એ સર્વ પાપ કરવાની ઇચ્છાઓને વિલીન તથા સર્વ શુભ ઇચ્છા-મનોરથોને પૂર્ણ કરવાનું સામર્થ્ય ધરાવે છે. અશુભ ઇચ્છાઓ શાંત થાય, શુભ ઇચ્છાઓ જાગ્રત થાય અને જાગેલી તે સર્વ શુભ ઇચ્છાઓ પૂર્ણ થાય, એ સામર્થ્યભાવ મંગળમાં છે અને સર્વ પ્રકારના ભાવમંગળોમાં પ્રથમ-શ્રેષ્ઠ-ઉત્તમ મંગળ પંચ પરમેષ્ઠિને કરાતો નમસ્કાર છે. જેમ પાંચ આંગળીઓ કરતાં તેનાથી બનેલ પંજો અને પંજાથી પણ તેના વાળેલા મુઠ્ઠીમાં સામર્થ્ય વધે છે, તેમ અરિહંતાદિ છુટાછુટા ધર્મી અને ધર્મોને ધારણ કરનાર પંચ પરમેષ્ઠિઓ કરતાં ય એ પાંચેને એક સાથે કરેલાં નમસ્કારના ભાવમાં ઘણું વધારે બળ હોવાથી તેના પ્રભાવે અશુભ ઇચ્છાઓ નાશ પામી જાય છે અને તે બધાને પૂર્ણ કરવાનું પુણ્યબળ વધતું વધતું સિદ્ધપદે, અવિનાશી સ્થાને પહોંચાડનારું થાય. વચ્ચે રૂકાવટ કર્યા વિના જ અંતિમ સુખની પરાકાષ્ઠા સુધી તે પહોંચાડે છે.

શ્રી નવકાર એ પંચ પરમેષ્ઠિની
આધ્યાત્મિક સમૃદ્ધિનું શબ્દમય પ્રતીક છે.

o

શ્રી Navkar Mahamantra is a
Litral symbol of spiritual splendour.
There is special relation between
different colours and sounds.
જ્ઞાન, દર્શન તથા ચારિત્ર એ અનુક્રમે
વાત, પિત્ત અને કફ મટાડવાનું medicine box છે.
Divine light = દિવ્ય પ્રકાશ.
The great sound = પ્રણવ = ૐકાર.
કાન બંધ કર્યા પછી પણ જે સંભળાય, તે 'અનાહદ નાદ' છે.
મનની વૃત્તિને એટલે સુરતીને અનાહત શબ્દમાં જોડવા,
એને સાધનું અને પરમેશ્વરનું ધ્યાન કહેવાય છે.
કબીરપંથીઓ એમ કહે છે કે આ કામ પતંજલિનો નથી.
Even a little practice of this religious
rite will save you from dire fears.
મહતોભયાત્ = the collossal fears or
sufferings inherent in the
repeated cycles of life & birth.

# મૂર્તિપૂજા

જે વ્યક્તિએ જૈન કે સનાતન વૈદિક ધર્માનુયાયી ઘરમાં જન્મ લીધો છે, તેણે મૂર્તિપૂજા કરવી તથા મૂર્તિ કિંવા સ્વરૂપમાં પ્રધાન ભગવદ્ભાવ રાખવો પરમ આવશ્યક છે, તો જ પ્રભુ પ્રતિ સ્નેહની પુષ્ટ્યવસ્થા સિદ્ધ થઈને પરમ ફળની પ્રાપ્તિ થઈ શકે છે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો માટે તો ચોક્ક પણ અભાવ વિના મૂર્તિ કિંવા સ્વરૂપમાં પ્રભુ આવિષ્ટ છે, એમ ન માનતાં 'આ જ સાક્ષાત્ પ્રભુ છે' એ સિદ્ધાંતરૂપે માનવું, તે પરમ આવશ્યક મનાયું છે. જેને જેને ભગવાન પ્રત્યે સ્નેહ છે, તેને ભગવાનની મૂર્તિ યા આકૃતિ પ્રત્યે સ્નેહ ન હોય એ બને જ કેમ? મૂર્તિ એ ભગવાનનું જ સ્વરૂપ છે અને આકૃતિ એ ભગવાનનો જ આકાર છે, એ અંશમાં મૂર્તિ કે આકૃતિ સાક્ષાત્ ભગવાન છે, એમાં વળી પૂછવાનું હોય જ શું? પ્રભુ પ્રત્યે સ્નેહની સિદ્ધિ કરવાનાં સાધનરૂપે પ્રભુના નામ અને આકારને ભગવદ્સ્વરૂપ સમજી તેની પૂજા-અર્ચના કરવી, એ પ્રત્યેક ધર્મપ્રેમી જીવનું કર્તવ્ય છે. એ કર્તવ્ય પરમ મંગળરૂપ-પાપનાશક-પુણ્યવર્ધક છે. એ કર્તવ્ય આત્મધર્મ માટેની યોગ્યતા મેળવી આપનાર છે.

વૈષ્ણવ સંપ્રદાય પ્રમાણે ખરો વૈષ્ણવ તે જ છે કે જે વ્યક્તિ જગતમાત્રને ભગવદ્ભાવે અને 'સર્વ જીવોમાં આત્મારૂપે પરમાત્મા બિરાજિત છે' એમ જુએ છે તથા સર્વ જીવોને ભગવાનના અંશરૂપે અંશસ્વરૂપ પ્રભુમાં જુએ છે. તે જ ભાગવતોત્તમ - ઉત્તમ ભગવદીય વૈષ્ણવ છે, જે મૂર્તિને કે સ્વરૂપને જ આરાધી પૂજે છે. અન્ય ભક્તો કે જીવોને સ્નેહદૃષ્ટિથી અથવા આદરભાવથી જે જોતો નથી, તે પ્રાકૃત ભક્ત છે.

અન્યત્ર ભગવદ્ભાવ ન રાખતાં કેવળ મૂર્તિ કે સ્વરૂપમાં જ ભગવદ્ભાવ રાખે છે, તે પ્રવાહિક ભક્ત સમજવો.

પ્રત્યેક જીવમાં

ગીતા જેને 'પુરુષોત્તમ' કહે છે,

બાઈબલ જેને Father કહે છે,

ગોલ્ડસ્મીથ જેને Consciousness કહે છે,

તે અપ્રગટભાવે પણ પ્રત્યક્ષપણે તેના રક્ષાદિ કર્યા જ કરે છે, છતાં અનાદિના અજ્ઞાન અને અવિદ્યાવશાતથી જીવનું તેના તરફ લક્ષ્ય જતું જ નથી.

મન-વચન-કાયાની ક્રિયામાં

તે તત્ત્વને જ જો આગળ રખાય, તો જીવને સંપૂર્ણ

શાંતિ, નિર્ભયતા તથા નિશ્ચિંતતા આદિ પ્રાપ્ત થાય છે. જેટલા પ્રમાણમાં સમભાવ - તેટલા પ્રમાણમાં અનંતર ફળ તરીકે સ્વપ્રવૃત્તિ ઉપર વિજય અને પરંપર ફળ તરીકે યાવત્ પરમપદની અથવા મોક્ષની પરમ પ્રાપ્તિ થાય છે.

જેનું મન સમભાવમાં સ્થિત છે, એવા ત્રિગુણાતીત અને જીવન્મુક્તાત્માઓને આ લોકમાં જ સર્ગ એટલે સંસાર, પ્રકૃતિ, યાવત્ પોતાના શરીર આદિ ઉપર સંપૂર્ણ કાબૂ આવી જાય છે. શરીરાદિના સ્વામી બનવાથી શરીરની પાસેથી ધાર્યું કામ લઈ શકાય છે.

બ્રહ્મ એક સમ અને નિર્દોષ હોવાથી બ્રહ્મભાવથી યુક્ત આત્માઓ સર્વત્ર - સદા સમ રહે છે.

You must be good for
the love of goodness,
you must be just for the love of justice,
you must be pure for the
love of purity and you must be
unselfish for the love of unselfishness,
then you are sure to advance on the way

- Talks with the mother

## ૨૪ તીર્થંકરોના નામનો વિશિષ્ટાર્થ

(૧) ઋષભ : પરમપદે જાય અથવા દર્શનાદિ વર્ષાવે તે.

(૨) અજિત : પરિષહાદિથી નહિ જીતાયેલા તે.

(3) સંભવ : પ્રકર્ષથી જેમાં ગુણો રહેલા છે તે.

(૪) અભિનંદન : દેવેન્દ્રાદિથી અભિનંદાયેલા તે, શુભેચ્છા.

(૫) સુમતિ : સુંદરમતિવાળા હોય તે.

(૬) પદ્મપ્રભ : પદ્મ કે કમળ જેવા આત્મ પ્રભાવવાળા તે.

(૭) સુપાર્શ્વ : સુંદર પડખાવાળા હોય તે.

(૮) ચંદ્રપ્રભ : ચંદ્ર સમાન સૌમ્ય પ્રભાને ધારણ કરનારા.

(૯) સુવિધિ : (પુષ્પદંત) શોભન વિધિવાળા તે અથવા પુષ્પકલિકા સમાન મનોહર દંતપંક્તિવાળા તે.

(૧૦) શીતલ : સકલ પ્રાણીઓના સંતાપને હરવાવાળા તે.

(૧૧) શ્રેયાંસ : સકલ ભુવનમાં પ્રશસ્યતમ તે.

(૧૨) વાસુપૂજ્ય : દેવવિશેષોથી પૂજ્ય તે, ઇન્દ્રોથી પૂજાતા.

(૧૩) વિમલ : મલરહિત કે નિર્મળ જ્ઞાનાદિ સહિત તે.

(૧૪) અનંત : અનંત કર્માંશને જીતી જ્ઞાનાદિ વડે જયવંત.

(૧૫) ધર્મ : દુર્ગતિમાં પડતા પ્રાણીઓને ધારણ કરનાર તે.

(૧૬) શાંતિ : શાંતિના યોગ-સ્વરૂપથી શાંતિને કરનારા.

(૧૭) કુંથુ : પૃથ્વી ઉપર રહેલા તે.

(૧૮)<u>અર</u> : વૃદ્ધિને કરનારા હોય તે.
(૧૯)<u>મલ્લિ</u> : પરિષહાદિ મલ્લને જીતનારા.
(૨૦)<u>મુનિસુવ્રત</u> : ત્રિકાળાવસ્થાનું જ્ઞાન, સુંદર વ્રતના ધારક.
(૨૧)<u>નમિ</u> : પરિષહ તથા ઉપસર્ગોને નમાવનારા.
(૨૨)<u>નેમિ</u> : ધર્મચક્રની નેમિ જેવા હોય તે.
(૨૩)<u>પાર્શ્વ</u> : સર્વ ભાવોને જોનારા તે.
(૨૪)<u>વર્ધમાન</u> : જન્મથી જ્ઞાનાદિ ગુણો વડે વધનારા તે.
<u>મહાવીર</u> : ઈતર સકલ વીરોને વિષે મહાન વીર તે.

## <u>તીર્થંકરોનું નામ આનંદદાયક</u>

નામ એ પરમ નિધાન - અમૃતનો કુંપ છે.
નામ એ જન - મન મોહનવેલ છે.
નામ એ આતમમાં મળેલી ગંગા છે.
નામ એ રાત-દિવસ ઘડીભર પણ ન વિસરવા લાયક છે.
મયૂરને મન જેમ મેઘ, ચકોરને મન ચંદ્ર, ભ્રમરને મન પદ્મ, કોયલને મન આમ્ર, સીતાને મન રામ, રતિને મન કામ, પંથીને મન ધામ, વ્યાપારીને મન વ્યાજ, પરોપકારીને મન દામ, જ્ઞાનીને મન તત્ત્વચિંતન, દાનીને મન ત્યાગ તથા યોગીને મન જેમ સંયમધરક્ષા, તેમ...
તત્ત્વગુરુરસિકને મન તીર્થંકરોનું નામ આનંદદાયક છે.

## લબ્ધિસૂરીના નામગ્રહણથી શું થાય?

લબ્ધિસૂરીનું નામ લેનારને ઘેર નવનિધાન,
આંગણે કલ્પવેલિ અને ઘરમાં અષ્ટમહાસિદ્ધિ રહેલા છે.
નામગ્રહણથી કષ્ટ વિના જ ફળ મળે છે.
નામરૂપી અમૃતપાનથી મિથ્યાત્વવિષ તત્કાલ નાશ પામે.
અજરામરપદની પ્રાપ્તિ હસ્તકમલવત્ સુલભ બને છે.
લબ્ધિસૂરીનું નામ લેનારને કોડી તપનું ફળ મળે છે.
લબ્ધિસૂરીના નામગ્રહણથી સકલ કામનાઓ સિદ્ધ થાય છે.
નામગ્રહણથી જિહ્વા અને જન્મ સફલ થાય છે.
નામગ્રહણથી કષ્ટ અને વિઘ્નો દૂર થાય છે.
નામગ્રહણથી મંગલ અને કલ્યાણની પરંપરા મળે છે,
મહિમા - મોટાઈ - યશ - કીર્તિ - બહુમાન વધે, સદ્ગતિના
દ્વારોનું ઉદ્ઘાટન થાય, સુયશ - મહોદય અને વિજય થાય,
આનંદ - વિલાસ - લાભ - લક્ષ્મી મળે, દુર્જનોનું ચિંતવેલું
નિષ્ફળ જાય, દુર્ગતિદ્વારો બંધ થાય, ભવભવાંતરહા થાય,
શિવસુખ મિલન થાય, આત્મોદ્ધારનું કાર્ય સુલભ બને.

તેથી

લબ્ધિસૂરીનું નામ સુખકર છે,
ગુણકર, હિતકર, મંગલમય, પવિત્રમય, સદા સેવનીય છે.

## સંભેદ - અભેદ

સંભેદપ્રણિધાન પછી અભેદપ્રણિધાન કરવું તે રાજમાર્ગ છે.
સંભેદ વિના સીધો અભેદ પ્રાયઃ સિદ્ધ ન થાય.
કોઈક વિરલ મહાપુરુષને અભેદ પણ સંભવે.
જેટલા અંશમાં વાચક સાથે સંબંધ, તેટલા અંશમાં સંભેદ
તથા જેટલા અંશમાં વાચ્ય સાથે અભેદ તેટલા
અંશમાં અભેદ પ્રણિધાન સમજવું.
વાચકની સાથે અભેદ એકીભાવ તે સંભેદ છે.
'વાચક' એટલે બાહ્ય પદ નહિ પણ
આપણા મનની અંદર ઉપસ્થિત પદ.
સંભેદમાં મનોગતપદની સાથે સંભેદ કરવાનો હોય છે.
અહીં 'સંભેદ' એટલે તન્મયતા.
આવી રીતે તન્મયતાને પ્રાપ્ત જે મનોગતપદ, જ્યારે
મધ્યમાને ઓળંગીને પશ્યંતીરૂપને ધારણ કરે, ત્યારે તે જ
પદમયી દેવતા બને છે, જે સાધકના આત્મપરિણામરૂપ છે
અને સાધકના સર્વ યોગક્ષેમને વહે છે.
શાસ્ત્રો આ પદમયી દેવતાને 'માતા' કહે છે.
આ પદમયી દેવતા માતાની જેમ સાધકરૂપી બાળકનું
પાલન, પોષણ, સંરક્ષણ, સંવર્ધન વગેરે કરે છે.

## બીજી રીતે તો...

આ આત્મા જ માતા છે અને માતા તે આત્મા જ છે. અહીં કાળમાં આ આત્માદિ પર એવી કોઈ દૈવી શક્તિ સંભવી શકે નહિ. વધુ સૂક્ષ્મ રીતે વિચારતાં આપણી વર્તમાન અવસ્થા જે માતા છે તથા બ્રહ્મરંધ્રમાં જે આપણું શુદ્ધસ્વરૂપ સદાવિદ્યમાન છે, તે જ આપણા પિતા છે. આનાદિ પર માતા કે પિતા અહીં કાળમાં સંભવતા નથી. એમ પણ કહી શકાય કે નમસ્કારરૂપ આત્મપરિણતિ તે માતા અને શુદ્ધ આત્મસ્વરૂપ તે આપણા પિતા છે.

## નમસ્કારની પવિત્રીકરણની ક્ષમતા
## ગુણસ્થાન ક્રમે ઉત્તરોત્તર વધુ ગણાય.

ગમે તેવો પણ શુદ્ધ ઉચ્ચારણવાળો નમસ્કાર ઉત્તરોત્તર જગતને પવિત્ર કરી શકે, પછી ભલે તે હોય અભવ્યનો, ભવ્યનો, સમ્યગ્દૃષ્ટિનો, દેશવિરતિધર કે સર્વવિરતિધરનો.

० सम्मत्तनाणसहिया एगन्तपमायवज्जिणो पुरिसा ।
इहपरभवनिरवेक्खा तरन्ति नियमेण भवजलहिं ॥

અર્થઃ સમ્યક્ત્વ તથા જ્ઞાનસહિત, એકાંત પ્રમાદવર્જિત તથા આ ભવ પરભવથી નિરપેક્ષ પુરુષો ભવસમુદ્રને નિયમા તરી જાય છે. - સમ૦ પૃ. ૫૭૭

## अर्धमात्राष्टकम् जपसूत्र परिशिष्ट, भाग-४

लेखक: प्रत्यगात्मानंद सरस्वती

परब्रह्मव्योममात्रेऽपि परमाव्यक्तत्वके ।
स्वाद्यकलनमेकोऽहमित्येकमात्रता परा ॥१॥

ગુજરાતી: પરબ્રહ્મ આકાશ હોવા છતાં તે પરમ અવ્યક્ત તત્ત્વમાં જે આદ્યકલન (ઇચ્છા) 'एकोऽहं ।' થાય છે, તે પરા એકમાત્રતા છે.

बिन्दुरूपा पराव्यक्ता जगद्बीजमबीजकम् ।
एकत्र शून्यपूर्णत्वं दधा बीजे महीरुहः ॥२॥

ગુજરાતી: આ પરાવ્યક્તતા બિન્દુરૂપ માત્રા છે, તે આખા જગતનું કારણ હોવા છતાં તેનું કોઈ કારણ નથી, તે શૂન્ય અને પૂર્ણ સ્વરૂપ છે, જેમ બીજમાં વૃક્ષ પૂર્ણ હોવા છતાં શૂન્ય (અદૃશ્ય) છે.

शून्याद्दणं धनं चाऽप्युद्गमविलयरूपतः क्रमः ।
अभिव्यक्तौ तथा पूर्णादंशकलादिसंभवः ॥३॥

ગુજરાતી: આ શૂન્ય કે બિન્દુમાંથી ઉદ્દય અને અસ્ત અથવા તો ઋણ (negative) અને ધન (positive), પૂર્ણમાંથી અભિવ્યક્તિ માટે અંશ અને કલાદિની ઉત્પત્તિ થાય છે.

एकस्मादेधमानत्वं त्रिभिर्जृम्भते जगत् ।
दृढाङ्कुरादिरूपेण बीजचक्रं पुनः पुनः ॥४॥

અર્થ: આ મુક્તિમાંથી નિરોધ પામતી દશાને પામીને
નાદ (ઉદય), બિંદુ (શૂન્ય), કલા (વિલય) -
એ ત્રણેથી આખું જગત વારંવાર આવર્તન કરે છે,
જેમ બીજમાંથી અંકુરાદિ પરંપરા.

नादव्यक्तिः परा व्यक्तात् कला व्यक्तिश्च नादतः ।
आवर्तते प्रवृत्तौ यत् निवृत्तौ तत्समाप्यते ॥५॥

અર્થ: પરાવ્યક્ત (બિન્દુરૂપા સ્વયંઅધિકારમાં)થી નાદની
તથા નાદમાંથી કલાની અભિવ્યક્તિ થાય છે.
પ્રવૃત્તિમાં આવૃત્તિ થાય છે, પણ
નિવૃત્તિમાં તે આવૃત્તિ સમાપ્ત થઈ જાય છે.

पराव्यक्तस्य सेतू द्वे नादादेरुदये लये ।
शून्यद्वारेण पूर्णाशिश्चैक ऋध्याति लीयते ॥६॥

અર્થ: પરાવ્યક્તના બે સેતુ છે: એક નાદના પ્રારંભમાં
અને બીજો નાદના લયમાં. એક શૂન્ય દ્વારા મુક્તિમાં
અને બીજો નિરોધ તથા લયમાં.

ભાવાર્થ: બિંદુ પોતે જ સેતુરૂપ - અર્ધમાત્રાનું રૂપ ધારણ
કરે છે. તે બિન્દુ પણ મુક્તિ - એક શૂન્યથી પરમાવ્યક્ત

તત્ત્વ દ્વારા પ્રવૃત્તિ-નિવૃત્તિ, ઉદય અને લય કર્યા કરે છે.
પરાત્મતત્ત્વ દશામાંથી જે નિખિલ અભિવ્યક્તિની પ્રવૃત્તિ
નિવૃત્તિ થાય છે, તે ક્રિયામાં જે સેતુ રહેલ છે.
સામાન્ય અભિવ્યક્તિને જો 'નાદ' કહીએ અને
વિશિષ્ટ અભિવ્યક્તિને 'કલા' કહીએ, તો પરાત્મતત્ત્વ રૂપે
જે બિન્દુ કે કેન્દ્ર છે, તેમાંથી નાદ તથા કલાના
ઉદય અને વિલયમાં આ જે સેતુરૂપે અર્ધમાત્રા છે.
જેમ બીજમાંથી અંકુરાદિ અને અંકુરાદિમાંથી પાછું બીજ.
બિંદુ કે કેન્દ્રમાં જે શૂન્યત્વ-પૂર્ણત્વ-એકત્વ રહેલ છે,
તે ત્રણે દ્વારા જે ક્રમશઃ અભિવ્યક્ત થાય છે, તે માટે કહે છે:
ધન અને ઋણ દિશિએ
<u>શૂન્યત્વ દ્વારા</u> પર ઉદાસીનતત્ત્વ જ પ્રગટ થાય છે.
<u>પૂર્ણત્વ દ્વારા</u> અંશ-કલા-પાદ રૂપે વિભાગતા પ્રગટે છે.
<u>એકત્વ દ્વારા</u> નિરોધ અને લય પ્રગટે છે, એટલે કે
તેમાં સમુદ્રના તરંગોની ગતિની જેમ
ક્રમિક વિકાસ કે Progression અને
કાલગત વિકાસ Periodicity કે Cyclicity આવે છે,
અષ્ટકના શ્લોક ૪માં ત્રિભિર્જગન્મતે જગત્ | છે, તેમાં ય
ત્રિભિઃ (ત્રણથી) આ પૂર્ણત્વ, શૂન્યત્વ, એકત્વ સમજવાના છે.

અર્ધમાત્રા બોલવાથી તેના શક્તિનો ભાગ કે છેદ ન માનવો, પરંતુ તે સૃષ્ટિ - સંહાર, ઉદય - વિલય, પ્રવૃત્તિ - નિવૃત્તિ, બન્નેમાં સેતુરૂપ હોઈને તેને 'અર્ધમાત્રા' કહી છે.

વળી એક જ શક્તિને બે કાર્યો કરવાનાં
હોઈને તેને એક માત્રા ન કહેતાં અર્ધમાત્રા કહી છે.
એ અર્ધમાત્રાને જેમ 'નાદપ્રલયા' કહી, તેમ
તેને 'બિંદુવિલયા' પણ કહી છે.

વળી ત્રસચ્છક્તિરૂપે તે 'સ્થિતા - નિત્યા અવિભાજનીયા' જે સાક્ષાત્ આધારશક્તિરૂપિણી છે, તે કેમ છિન્ન થાય?

તેથી જ કહ્યું છે કે: જો તે છિન્ન થાય તો
અર્ધમાત્રાનો આધારશક્તિ સ્વભાવ ન રહે.

વળી કહ્યું છે કે:

अस्तीति शक्तिसद्भावश्चाऽसद्भावोऽपिनास्तिता ।
जायते सदसद्भावे शक्तेरशक्तता कुतः ॥

<u>અર્થાત્</u>: શક્તિનો સદ્ભાવ એ અસ્તિત્વ, અસદ્ભાવ એ નાસ્તિતા અર્થાત્ આ છે અને નહિ, એ બન્ને શક્તિના સદ્ભાવ અને અસદ્ભાવ. એ શક્તિને શૂન્યતા નહિ, કેમકે તેમાંથી જ કાર્ય જન્મે છે, વધે છે, ક્ષય પામે છે ઇત્યાદિ વિવિધ પરિણામ થાય છે,

તેને જ શક્તિના સદ્ભાવ જાણવા જે શક્તિ જેવી છે.
તેમાં અશક્તતા કેમ સંભવે?

शून्यस्य चोभयोः संधि - सेतुश्चां ददती सनात् ।
द्वयविलासयुक्तलयचक्रस्यार्धमात्रा परमापरा ॥७॥

અકૃતિ: શૂન્યના બે સાંધા, બે સેતુથી
ટંકશાળ ઘડાણ કરે છે, તેથી અર્ધમાત્રા એ બંને
અને અખંડ ચક્રની 'પરમાદ્ધુ:' કે પરમ ધૂંસરી છે.
(Connecting or linking principle)

क्रियार्धा च समूहा सा नित्यादिकलयुते स्वधा ।
सर्वादिकलदस्थाने सा हन्त्यान्मधुकैटभौ ॥८॥
'परापारात् शान्तोऽत्र तज्जलानीत्युपासताम् ।'
'सनातनार्धमात्राष्टकम् ।'

અકૃતિ: આ અર્ધમાત્રા પોતાની ક્રાંતિથી અર્ધ હોવા છતાં સમૂહી છે. તેથી તે 'સર્વ વસ્તુના ઉદર તથા ભવના સ્થાનમાં રહેલ મધુ અને કૈટભ રાક્ષસોને હણી - હંધો' એવી પ્રાર્થના કરે છે. આ અર્ધમાત્રા જ પરા છે. ભવનો પાર પામવા માટે શાંત થઈને તેની જ ઉપાસના કરો.
ભાવાર્થ: અર્ધમાત્રા એ જ 'નિત્યા' એટલે 'વિકલ્પાદિ રહિતા' હોવાથી 'સ્વધા' એટલે પોતાની શક્તિથી જ

પોતાને અર્ધો, ઋદ્ધો અને સમૃદ્ધો,
વિશ્વજિતા આ ત્રણ આકારે પ્રદર્શિત કરે છે.
ઓમ પ્રણવમાં अ = અર્ધ, उ = ઋદ્ધ, म = સમૃદ્ધ થઈને
હવે म ની પછી અર્ધમાત્રા સેતુ થઈને કલાને નાદમાં અને
નાદને બિંદુમાં લઈ જઈને પરા અથવા તુરીયા થાય છે,
વળી પરાને પણ પાર કરીને પરમ તુરીયાતીતને પમાડે છે.
આ અર્ધમાત્રા જ
અખિલ બ્રહ્માંડમાં જન્માજન્મ ચક્રની ધુરાના સ્થાને છે.
અર્ધમાત્રામાં 'ઋધ્' ધાતુનો નિરુક્તિજન્ય અર્થ કરીને
ઋદ્ધિ અને ઘન વિભાગોનો પ્રારંભ
એક બિંદુના સ્પંદનમાં હોય છે, કેમકે આ બિંદુમાં મળે,
તેને પણ અર્ધમાત્રારૂપે માનવા જોઈએ.
આ રીતે આખા બ્રહ્માંડમાં સૃષ્ટિ અને સંહારચક્ર ચાલ્યા જ
કરે છે, તેમ પિંડમાં પણ તે જ રીતે ચક્ર ચાલ્યા કરે છે.
તેના ઉપર સંયમ કરવાથી સૃષ્ટિ - સંહારના ચક્રમાંથી છૂટીને,
જે એક પરમ સુષુમ્ણાનો સુષમ માર્ગ છે,
તેમાં પ્રવેશીને યાવત્ પરમ વિકૃતિના પંચમ પ્રદેશમાં
અથવા તો નાભિ સ્થાનીય બ્રહ્મરંધ્ર છે,
તેમાં પ્રવેશ થઈ શકે છે, એ તાત્પર્ય સમજવું.

## પાંચ પ્રકારનાં કલ્પવૃક્ષ

(૧) લાભની સાથે વિનય (૩) સત્તાની સાથે નીતિ
(૨) રૂપની સાથે શીલ (૪) બળની સાથે પ્રશમ
(૫) ધનની સાથે દાન.

## પાંચ પ્રકારનાં કંટકવૃક્ષ

(1) રૂપ = લાભ સાથે અહંકાર.
(2) બળ = રૂપની સાથે કુશીલ.
(3) સત્તા = સત્તા સાથે અનીતિ.
(4) શ્રુત = બળની સાથે ક્રોધ.
(5) સંપત્તિ = ધનની સાથે કૃપણતા.

## મંત્રસાધકનાં ૮ લક્ષણો

મંત્રસાધકમાં શરીરબળ - મનોબળ ઉપરાંત જોઈતા લક્ષણો: (૧) ઈંદ્રિયકષાયનો જય (મનોગુપ્તિ) (૨) મિતાહારિતા (રસનાનો જય) (૩) બ્રહ્મચર્ય (૪) શ્રદ્ધા (૫) મૌન (૬) દયા (૭) દાક્ષિણ્ય (૮) પરાર્થકારિતા.

o

Does not the giver of the world itself,
of your family money and
everything else,
deserve 1/24th part of your time everyday?

જ્ઞાન ૪ પ્રકારે થાય છે:

(૧) ઇંદ્રિયો વડે સ્થૂળનું જ્ઞાન થાય છે.

(2) મન વડે સૂક્ષ્મનું જ્ઞાન થાય છે.

(3) તાદાત્મ્ય વડે પૂર્ણનું જ્ઞાન થાય છે.

(૪) પ્રેમ વડે અભેદનું જ્ઞાન થાય છે.

પ્રેમ એટલે અનુભૂતિ. જ્ઞાન એટલે પરમાત્મતત્ત્વ.

શેનાથી શેનો નાશ થાય છે?

(1) વિવેક વડે અવિદ્યાનો નાશ થાય છે.

(2) આત્મવિચાર વડે અહંકારનો નાશ થાય છે.

(3) વૈરાગ્ય વડે રાગનો નાશ થાય છે.

(4) મૈત્રી વડે દ્વેષનો નાશ થાય છે.

(5) ત્યાગ વડે રાગનો નાશ થાય છે.

o

Breathlessness is deathlessness.
Breath is the cord which ties
the soul to body.
Adhyatma is a kind of
sleepless sleep of extinction.
There lies the highest happiness in
self-sacrifice (સ્વવિસર્જનરૂપ, આત્મભોગ-બલિ-ચરુ).

The greatest sin is the ignorance of our oneness with Him.

One must progressively get detatched from the world to be attatched to & ultimately to be one with God.

'આત્માને જાણવો' એનો અર્થ વિચારી કરવા તે જ નહિ, પરંતુ નિર્વિચાર થઈને સત્ય પાસે પહોંચવું તે છે. કેવળ વિચારી કરવાથી સત્ય પાસે પહોંચી શકાતું નહિ. નિર્વિચાર થવાના સાધનરૂપ વિચારો જ સદ્વિચારો છે.

## આવરણ અને વિક્ષેપ

માયાની બે શક્તિ: આવરણશક્તિ અને વિક્ષેપશક્તિ.

આવરણશક્તિ દર્શનમોહરૂપ છે.

વિક્ષેપશક્તિ ચારિત્રમોહરૂપ છે.

ઈશ્વર વિશ્વરૂપે જાણે ન હોવા છતાં ય દેખાય છે અને ઈશ્વર સર્વમાં હોવા છતાં પણ દેખાતો નહિ, એ જ માયાની આવરણ અને વિક્ષેપશક્તિ છે.

હોવા છતાં દેખાય તે આવરણશક્તિ,

ન હોવા છતાં દેખાય તે વિક્ષેપશક્તિ.

વિક્ષેપશક્તિ ઈશ્વરમાં જગતનો ભાસ કરાવે છે, જ્યારે આવરણ શક્તિ ઈશ્વરને ઢાંકે છે. અંધકારનો સ્વભાવ છે કે તેમાં જે હોય, તે ન દેખાય અને જે ન હોય, તે દેખાય.

માટે એ જ વિનતિ છે કે:

માયાની ચર્ચા ન કરતાં માયાપતિની ભક્તિ કરવી.

વસ્તુનો અહંકાર મદરૂપ - આત્માનો અહંકાર વિનયરૂપ છે.

પોતાને અનાથ સમજવો, એ પ્રભુનું સાધન છે.

'હું તારો છું' = પ્રીતિ. 'તું મારો છે' = ભક્તિ.

વિચાર અને વિવેક એ મનનું સામર્થ્ય કે વીર્ય છે.

અર્જુન = સરલ જીવ. કૃષ્ણ = આકર્ષક પરમાત્મા.

કૃતજ્ઞતા અને પરોપકાર એક ઢાલની બે બાજુઓ છે.

सहजशुद्धसदानन्दैकलक्षणो भावनमस्कारः ।
निर्विकारस्वसंवेदनज्ञानस्वरूपं भावश्रुतम् ।
शुद्धचैतन्यस्वरूपात्मतत्त्व-
विनिश्चयबीजम् सम्यग्दर्शनम् । सदुक्तिः

લોકમાં રહેલ મંગળસ્વરૂપને નમસ્કાર પામો. સહજ શુદ્ધ-સદા આનંદસ્વરૂપ ભાવનમસ્કાર છે. (આત્માનુભૂતિમાં) નિર્વિકાર - સ્વસંવેદન જ્ઞાનસ્વરૂપ ભાવશ્રુત છે. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્મતત્ત્વના નિશ્ચયનું બીજ સમ્યગ્દર્શન છે.

ધ્યાન = ચંચળ મનને સ્થિર કરવું તે.

અધ્યાત્મ = બુદ્ધિ અને મનનો સ્વભાવ બદલવો તે.

કૃપા = જે પાપ ઉતારે તે. કૃપાનું વિપરીત પાપ છે.

## મંત્રજાપની વિધિ

મંત્ર કે ઈશ્વરના નામનો પ્રત્યેક અક્ષર ચિન્મય છે, તેથી પ્રથમથી જ નામને ચિન્મય, અચિન્ત્ય શક્તિ સંપન્ન તથા ભગવત્સ્વરૂપથી અભિન્ન માનીને સાધના કરવી જોઈએ. કંચનની જેવો પ્યાર નામ ઉપર અને કામીને કામિની ઉપર છે તેવો ભાવ રૂપ ઉપર સ્થિર કરવો જોઈએ. નામજપનું આશ્ચર્યજનક ફળ દીર્ઘકાળના નિરંતર સાધનથી શુદ્ધ થયેલ અંતઃકરણમાં પ્રતિભાસિત થતો રહે છે. હૃદય અને બુદ્ધિ સ્વચ્છ થયા પછી જ નામમાં રહેલ અચિન્ત્ય ભાવસંપત્તિનો આસ્વાદ જાણી શકાતો રહે છે.

નામમાં અક્ષર બુદ્ધિ રાખવી એ મોટો અપરાધ છે.

નામ એ પદસ્વરૂપ, પદ એ શબ્દસ્વરૂપ અને શબ્દ એ આત્મસ્વરૂપ છે.

આત્મસ્વરૂપ પરમાત્મસ્વરૂપ કથંચિત્ અભિન્ન છે, તેથી નામસ્મરણ, ચિન્તન અને નિદિધ્યાસન સાધકનું અભીષ્ટ બનવું જોઈએ.

પ્રેમપૂર્વક, નિરન્તર તથા દીર્ઘકાળ મંત્રજાપનું ચિન્તનાદિ
પ્રકૃષ્ટ સાધન બનીને નામીના સ્વરૂપનો બોધ કરાવે છે.
મધ્યમા વચ્ચેની વાચક નામ અને પશ્યંતી વાચ્ય નામી છે.
નામીના સ્વરૂપની ઉપલબ્ધિ જ નામજપનું ખરૂં ફળ છે.

વૈખરી વાચક અને મધ્યમા વાચ્ય,

મધ્યમા વાચક અને પશ્યંતી વાચ્ય,

પશ્યંતી વાચક અને પરા વાચ્ય, એમ ઉત્તરોત્તર
વાચ્ય - વાચકનો ક્રમ પલટાતો જાય છે અને અંતે
આત્માના વાસ્તવિક સ્વરૂપની ઉપલબ્ધિ થાય છે.
શબ્દબ્રહ્મરૂપ ૧૪ પૂર્વરૂપ શ્રુત તે નાદસ્વરૂપ છે અને
વાસીચંદનકલ્પ સર્વવિરતિ સામાયિકરૂપ સદનુષ્ઠાન તે લય
સ્વરૂપ છે. નાદ એ શ્રુતધર્મ છે, લય એ ચારિત્રધર્મ છે.
શ્રુતધર્મ શબ્દબ્રહ્મરૂપ - ચારિત્રધર્મ પરબ્રહ્મસ્વરૂપ છે.

શ્રુતથી ચારિત્ર અને ચારિત્રથી શ્રુત.

સ્વાધ્યાયથી ધ્યાન અને ધ્યાનથી સ્વાધ્યાય.

નાદથી લય અને લયથી નાદ.

શબ્દબ્રહ્મથી પરબ્રહ્મ અને પરબ્રહ્મથી શબ્દબ્રહ્મ.

સમતાથી ધ્યાન અને ધ્યાનથી સમતા.

ઉપરના સર્વે પરસ્પર અવિનાભાવના કાર્ય - કારણરૂપ છે.

## મૈત્રી ભાવના

કલુષિત ચિત્તવાળા મનુષ્યોમાં અન્યને સુખી જોઈને ઈર્ષા - અસૂયા થાય છે. ઈર્ષા એટલે અન્યના ગુણ સહન ન થવા. અસૂયા એટલે અન્યના ગુણોમાં દોષારોપ કરવો. ચિત્તના એ બંને દોષો મૈત્રીભાવનાથી નિવૃત્ત થાય છે. દરેકને 'મને સર્વ સુખ થાઓ' એવી રાગવૃત્તિ રહેલ છે. કોઈને કદી પણ સમગ્ર સુખની સામગ્રી પ્રાપ્ત થતી નથી, તેથી એ રાગ નિરન્તરપણે ચિત્તને કલુષિત કરે છે.

એ રાગનો પણ મૈત્રીભાવનાથી બાધ થાય છે.

ચિત્તરૂપી નદીને રાગરૂપી વર્ષાઋતુ સદા કલુષિત કરે છે,

મૈત્રીભાવનાથી તે ચાલી જાય છે અને

ચિત્તને સ્વચ્છતા અને પ્રસન્નતા અર્પણ કરે છે.

મૈત્રીભાવનાથી સુખની ઈર્ષા અને ગુણની અસૂયાનું સહજ નિવારણ થાય છે. વળી 'પોતાને સુખ મળો તથા બીજાને ન મળો' આવી વિપરીત ભાવનાનું પણ નિવારણ થાય છે.

ટૂંકમાં કહીએ તો...

આપણા સુખનો રાગ બીજાના સુખ ઉપર ઈર્ષા અને

બીજાના ગુણ ઉપર અસૂયા પેદા કરે છે, કિન્તુ

મૈત્રીની અમોઘ ભાવનાથી તેનું નિવારણ થાય છે.

(१) ઈર્ષા નામના અસૂયાના દોષથી 'બીજાને મળતાં સુખ જોઈ પોતાને મળનારા સુખમાંથી ઓછું થાય છે અને બીજાના ગુણથી પણ પોતાની કીર્તિમાં ઓછાશ આવે છે' એવી કુબુદ્ધિને પેદા કરે છે. તેનું નિવારણ બીજાનાં સુખોને પોતાના સુખ માનવાથી અને બીજાનાં ગુણોને પોતાના ગુણ છે, એવું માનવાથી તુરંત થઈ જાય છે.

એવી સદ્બુદ્ધિ મિત્રભાવનાથી જાગે છે.

(२) દ્વેષવાસનાથી પોતાનાં દુઃખમાં નિમિત્તભૂત અન્ય પ્રાણી કે પદાર્થ પ્રત્યે જે રીતે વૈર-વિરોધવૃત્તિ જાગે છે અને બીજાનાં અધિક દુઃખ જોઈ પોતામાં હર્ષ - અહંકારાદિ આવે છે, તે કરુણાભાવનાથી ટળી જાય છે પોતાના વિરુદ્ધ બીજાને ઉપકારી માનવાથી તેના ઉપર ઉપકાર કરવાની બુદ્ધિ પેદા થાય છે. કારુણ્ય ભાવનાથી અપકાર કરવાની ઈચ્છારૂપ દ્વેષ અને દુઃખમાં નિમિત્તભૂત પ્રાણી-પદાર્થ ઉપર વૈર-વિરોધભાવ ઓસરી જાય છે.

(3) જીવને સુખનો રાગ છે, પણ સુખના હેતુભૂત પુણ્યકાર્ય પ્રત્યે ઉપેક્ષાભાવ છે. બીજા પુણ્યવાન જીવો ઉપર પ્રીતિભાવ ધારણ કરવાથી પુણ્ય પ્રત્યેની અરુચિ ટળી જાય છે અને પુણ્યકાર્ય કરવાનો પ્રમાદ પણ ઉડી જાય છે.

સુખ પ્રત્યેની પ્રીતિ તેના કારણભૂત એવા પુણ્ય પ્રત્યેની પ્રીતિમાં પરિણમે તથા સુખનો રાગ જે રીતે ચિત્તવૃત્તિને કલુષિત કરતો હતો, તે ટળીને ધર્મરાગ ઉદય પામે છે, તેથી જીવને પશ્ચાત્તાપનો વખત આવતો નથી અને ધર્મ પ્રત્યેના રાગની વૃદ્ધિ થવાથી અવશ્યમેવ સુખ મળે છે.

(૪) જીવને દુઃખનો દ્વેષ છે પણ દુઃખના કારણભૂત પાપનો કંટાળો નથી. પાપી પ્રત્યે ઉદાસીનવૃત્તિ કેળવવાથી પાપ તરફ પણ પરાઙ્મુખતા આવે છે અને પાપ નહિ કરવાનું બળ વધતું જાય છે. દુઃખનો દ્વેષ હતો, તે પાપના દ્વેષમાં પરિણમે છે અને પાપ પ્રત્યેની અરૂચિ વધવાથી જીવન નિષ્પાપ અને પરિણામે નિર્દ્વન્દ્વ અને નિર્દુઃખ બને છે.

સુખ પ્રત્યે રાગની તીવ્રતા હોવાથી પણ
પુણ્ય પ્રત્યે અરૂચિ પેદા થાય છે, કારણકે
પુણ્યનાં પ્રત્યેક કાર્ય સુખનો ત્યાગ માંગે છે.
તે કરવાની વૃત્તિ થતી નથી, તેથી

પુણ્યવાનો પ્રત્યે પ્રીતિ કેળવવા આવશ્યક બને છે. એ પ્રીતિ સુખ પ્રત્યે તીવ્ર રાગની પ્રતિપક્ષ હોવાથી રાગવૃત્તિથી થતું ચિત્તનું ડહોળાણ ઓછું થઈ જાય છે. દુઃખ પ્રત્યે દ્વેષની તીવ્રતા હોવાથી તે પાપ પ્રત્યે આકર્ષણ

પેદા કરે છે, કેમકે પ્રત્યેક પાપનાં કાર્ય પ્રારંભમાં મધુર અને અંતે કટુ ફળવાળાં હોય છે.

પ્રત્યેક ધર્મનાં કાર્ય પ્રારંભે કડવા, અંતે મધુરા ફળ આપે, તેથી દુઃખ પ્રત્યેનો દ્વેષ જ્યારે પાપ પ્રત્યેના દ્વેષમાં પરિણામ પામે છે, ત્યારે દુઃખ પ્રત્યેના દ્વેષની વાસનામાં મંદતા આવે છે અને એ મંદતાથી ચિત્તવૃત્તિનું ડહોળાણ ઘટી જાય છે. તેથી જ સુખના રાગને સુખના હેતુભૂત ધર્મના રાગમાં અને દુઃખના દ્વેષને દુઃખના હેતુભૂત પાપના દ્વેષમાં વાળો.

એ વાળવા માટે ગુણવાન પ્રત્યે પ્રીતિ અને પાપી પ્રત્યે ઉપેક્ષા દરેક સાધકને માટે પ્રથમ કર્તવ્ય છે.

નમો લોએ મંગલં = લોકસ્થિત મંગલસ્વરૂપને નમન હો.

## નમો પદાર્થ

'નમો'થી કઠોરતાનો સંકોચ તથા કોમળતાનો વિકાસ થાય.

સ્વોત્કર્ષ તથા પરાપકર્ષ એ કઠોરતા છે.

સ્વાપકર્ષ અને પરોત્કર્ષ એ કોમળતા છે.

કોમળતા દયા સ્વરૂપ છે અને દયા એ જીવો પ્રત્યેની આત્મતુલ્ય લાગણી છે. કઠોરતા એ અહંકાર સ્વરૂપ છે. અહંકાર એ પોતાના ઉત્કર્ષની માગણી છે. માગણીનો સંકોચ તથા લાગણીનો વિસ્તાર એ નમસ્કારપદનો અર્થ છે.

## કરુણા ભાવના

પોતાનાં દુઃખોનો નાશ કરવાની ઇચ્છા સર્વને હોય છે. તે ઇચ્છા 'સર્વનાં દુઃખોનો નાશ થાઓ' એવી ઇચ્છામાં પલટી નાંખવાથી કોઈના પર પણ અપકાર નહિ કરવાની બુદ્ધિ પેદા થાય છે. અન્યને અપકાર કરવાની વિરોધવૃત્તિ જીવમાત્રમાં હોય છે, તે પરાપકારની ઇચ્છારૂપ ચિત્તમળ કરુણા ભાવનાથી ટળી જાય છે. અભાગા હૃદયમાં તો પરાપકારની વૃત્તિ સાથે અપકારી - અપરાધી જીવો પ્રત્યે દ્વેષભાવ હોય છે. દુઃખ ઉપરના સહજ દ્વેષથી અપકાર કરનાર પ્રત્યે પણ વૈર અને વિરોધરૂપ દ્વેષ હોય જ છે.

કરુણાભાવનાથી એ દ્વેષ પણ ટળે છે.

'પોતાને કોઈ અપકાર ન કરો અને પોતે બીજાને અપકાર કરે તો હરકત નહીં' એવી વિપરીત વાસના નિર્મૂળ થાય. કરુણાબળ વડે પરાપકાર કરવાની વૃત્તિ રહેતી નથી તથા પોતાને અપકાર કરનાર પ્રત્યે વૈરબુદ્ધિ ટકતી નથી. આમ કરુણા ભાવનાથી દ્વેષમળનો નાશ થાય છે, વળી આત્મવત્ ભાવના કરવાથી 'બીજા દુઃખીની અપેક્ષાએ હું સુખી છું' એવો દર્પ પણ થતો નથી. પરાપકાર, દ્વેષ, દર્પ અને ઇચ્છારૂપી મળને ટાળવા તે અકસીર ઔષધિ છે.

## સુખ - દુઃખની મીમાંસા

વગર વિચારે જગતમાં સુખ - દુઃખ બન્ને દેખાય છે, કિન્તુ યથાર્થ વિચારતા એ બંને (સર્વ) દુઃખરૂપ જ છે.

### જગત કેમ દુઃખરૂપ છે?

અનુકૂળ વેદનીય તે સુખ. પ્રતિકૂળ વેદનીય તે દુઃખ. જગતમાં દુઃખનું બાહુલ્ય હોવાથી જગત દુઃખરૂપ છે. વળી જીવમાં સુખાભિલાષની અપેક્ષાએ દુઃખદ્વેષની વૃત્તિ પ્રબળ છે. સ્વર્ગાદિમાં સુખ ઘણું હોવા છતાં અલ્પ દુઃખ પણ છે અને એ દુઃખ બળવાન એવા દ્વેષનો વિષય હોવાથી સ્વર્ગ પણ દુઃખરૂપ જ છે. વળી સ્ત્રી - પુત્રાદિ અને ધન - ધાન્ય આદિથી કુટુંબને જેટલું દુઃખ થાય છે, તેટલું સુખ થતું નથી. ઘર, મકાન, વાડી, બંગલા અને મોટર એ રોટલો નથી. જેટલું દુઃખ થાય છે, તેટલા પ્રમાણમાં સુખ થતું નથી માટે પણ જગત દુઃખબહુલ છે.

### જગતની દુઃખરૂપતા બે હેતુથી સિદ્ધ છે:

(૧) પરિણામ, તાપ, સંસ્કાર - આમ આ જગત ત્રિવિધ દુઃખથી ભરેલ છે. પરિણામ દુઃખ = પરિણામે થતાં દુઃખો. સુખાનુભવકાળે સુખમાં રાગાનુભવ થવાથી 'આ સુખ સદા રહો' એવો રાગાનુવિદ્ધ માનસ કર્માશય બંધાય છે,

વળી 'આ સુખ નાશ ન પામો' એવો દ્વેષાનુવિદ્ધ માનસ
કર્માશય તથા એ સુખના વિઘાતક હેતુઓનો નાશ કરવા
અસમર્થ હોઈ મોહાનુવિદ્ધ માનસ કર્માશય પણ બંધાય છે.

માનસ કર્માશયની સાથે સાથે

તે સુખને સ્થિર રાખવા અને તેના વિરોધિનો પરિહાર
કરવા પ્રવૃત્તિ થવાથી શરીર કર્માશય પણ બંધાય છે.
તે રીતે સુખસાધન ઉપર આશીર્વાદ અને વિરોધિ ઉપર
શાપપ્રદાનાદિરૂપ વચની સંબંધી કર્માશય પણ બંધાય છે.

રાગ-દ્વેષ-મોહરૂપ માનસ કર્માશય,
હિંસા-પરોપકારાદિરૂપ શારીર કર્માશય અને
શાપ કે આશીર્વાદિરૂપ વાચિક કર્માશય-
એમ 3 પ્રકારના કર્માશય બંધાય છે.

રાગાત્મકવૃત્તિ = ઇષ્ટનો અવિયોગ અને સંયોગ પામવો તે.
દ્વેષાત્મકવૃત્તિ = અનિષ્ટનો અસંયોગ તથા વિયોગ પામવો તે.
આ બન્ને વૃત્તિઓ ઉપર પોતાનો કાબુ ન હોવાથી જે
અગ્રશોચરૂપ અશાન્તાત્મક વૃત્તિ કાયમ રહે, તે આર્તધ્યાન
સ્વરૂપ છે. તે માટે થતી હિંસા, મૃષા, ચૌર્ય, સંરક્ષણાદિરૂપ
વાચિક, કાયિક પ્રવૃત્તિ રૌદ્રધ્યાન સ્વરૂપ બની જાય છે,
એ રીતે આર્ત અને રૌદ્રધ્યાનને પરસ્પર સંબંધ છે.

## ક્ષણમાત્રનું સુખ - અનંતકાળનું દુઃખ

આર્તધ્યાન તથા રૌદ્રધ્યાન - એ બે અપધ્યાન હોવાથી
તિર્યંચ - નરકાદિ દુર્ગતિનો હેતુ બનવાથી દુઃખરૂપ છે.
વિષયસુખોના ઉપભોગને પરિણામે જ
રાગ - દ્વેષ, મોહાત્મક માનસ કર્મબંધ અને
હિંસા - મૃષા - ચૌર્યાદિરૂપ વાચિક, કાયિક કર્મબંધ થાય છે,
તેથી તે સુખોપભોગ સુખસ્વરૂપ નહિ, પણ
તે ઉપભોગ પરિણામે તો દુઃખસ્વરૂપ જ રહે છે.

વળી અભક્ષ્ય ભક્ષણ, અપેય પાન, અગમ્ય ગમન આદિ કાર્યો તેમાં પ્રવર્તનારને આરંભમાં સુખનું ભાન કરાવે છે, પણ વિષમિશ્રિત સ્વાદિષ્ટ અન્નની જેમ પરિણામે કટુક વિપાક ચખાડે છે. કોઈપણ પ્રેક્ષાવાન જીવની દુઃખમાં દુઃખ બુદ્ધિથી પ્રવૃત્તિ થતી જ નથી, તેથી અયોગ્ય પદાર્થોના ભોગ લેવામાં થતી પ્રવૃત્તિનું પણ કારણ સુખબુદ્ધિ જ હોય છે પણ એ સુખ ભવિષ્યમાં મળનારા પ્રબળ દુઃખનું કારણ હોવાથી કે ક્ષણમાત્રનું સુખ અનંતકાળના ભાવિ સુખનું વિરોધી અને વિઘાતક હોવાથી દુઃખરૂપ ગણવું જોઈએ.

न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥ - मनुस्मृति

સદ્ગુરુ: વિષયોના ઉપભોગથી ક્યારેય પણ ઇચ્છા શાંત થતી નથી, પણ ઘી વડે અગ્નિની જેમ ફરી ફરી વધ્યા કરે છે.

કામનાની નિવૃત્તિથી જે સુખ થાય છે,
તે પારમાર્થિક સુખ છે અને તે અનંત - અપાર હોય છે.

વિષયભોગથી કામના શમતી નથી પણ વધે છે.
ઇચ્છિત વિષયની પ્રાપ્તિથી થતું સુખ તે સુખ નહિ પણ દુ:ખનો પ્રતિકાર માત્ર છે. કામનાથી વિષયપ્રાપ્તિ પર્યંત ચિત્તની અશાંતિથી જે વિકલતા થાય છે, વિષયપ્રાપ્તિની ક્ષણે માત્ર તે જ મટે છે. ચિત્તની સ્થિરતા થઈ, તે ક્ષણે એ કામના શાંત થયેલ પ્રતીત થાય પણ નિવૃત્ત થતી નથી, ઉલટી બળવાન થઈ સંસ્કારરૂપે તે કામના કાયમ રહે છે. જો એમ ન હોય તો એ વિષયની પ્રાપ્તિ થયા પછી પુન: ઇચ્છા ન થવી જોઈએ, પણ થાય છે. મનુષ્યનું લોહી ચાખ્યા પછી જેમ વાઘને તેની ઇચ્છા થાય છે, તેમ વિષયભોગ પછી વિષયપ્રાપ્તિની કામના પુન: વધે છે.

કામનાની નિવૃત્તિથી તૃષ્ણાના ક્ષયજનિત જે સુખ થાય,
તે સુખ અનંત છે અને તે સુખ જ સત્ય છે.

विषयेन्द्रियसंयोगात् यत्तदग्रेऽमृतोपमम् ।
परिणामे विषमिव, तत्सुखं राजसं स्मृतं ॥ (પરિશિષ્ટ-૧૧)

(૨) બધા વિષયો પરિણામ દુઃખવાળા છે,
સદાકાળ એકરૂપમાં ભોગ્યપણે વિષય રહેતો નથી.
વિષય અને ભોક્તાનો સંબંધ પણ અસ્થિર છે.
વિયોગ - મરણ - ધાતુવૈષમ્ય - ધનાદિનાશ અને મમત્વના
પદાર્થોમાં વિપરિણામથી થતાં દુઃખો અપરિમિત છે.
દુઃખ અને તેનાં સાધનો ઉપર દ્વેષ તે તાપ દુઃખ છે, ત્યાં
પણ પ્રતિપક્ષી સુખ અને તેનાં સાધનો ઉપર રાગ તથા
ઇચ્છાપૂર્તિના અસામર્થ્યથી થતા મોહથી કર્મ બંધાય છે.
સામર્થ્ય હોય તો તે મોહને દૂર કરવા
મન - વચન - કાયાની ચેષ્ટાઓ વગેરેથી કર્મબંધ થાય છે
તથા જન્મ - મરણાદિ અસંખ્ય દુઃખોની પરંપરા સર્જાય છે.
દુઃખાનુભવ કાળે યોગમાર્ગમાં દૃઢપણે પ્રવૃત્તિ થતી નથી, તેથી
તે એક પ્રકારનો યોગાંતરાય જ છે અને તાપદુઃખરૂપ છે.
સંસ્કાર એ દુઃખસ્મૃતિરૂપ અને કર્મરૂપ છે.
સુખ - દુઃખની સ્મૃતિથી રાગ-દ્વેષ, રાગ-દ્વેષથી પ્રવૃત્તિ તથા
પ્રવૃત્તિથી જન્મ - મરણાદિના દુઃખો થાય છે.
સ્મૃતિ સંસ્કારની જેમ કર્મ સંસ્કારથી
જાતિ, આયુષ્ય અને ભોગરૂપ વિપાક પેદા થાય છે,
તેથી જન્મ - મરણરૂપ અસંખ્ય દુઃખો અનુભવવા પડે છે.

સંસારના સુખમાત્ર દુઃખ મિશ્રિત જ છે, કેમકે તેમાં
બુદ્ધિની વૃત્તિનો નહીં, વૃત્તિના અતિશયનો જ વિરોધ છે.
બુદ્ધિ એ સત્ત્વ - રજ - તમ, આદિ ૩ દ્રવ્યોથી બનેલ છે.
'બુદ્ધિ પરિણામ' એટલે ઉપરના ત્રણે દ્રવ્યોનો પરિણામ.
આ દ્રવ્યો પ્રતિક્ષણ પરિણામ પામ્યા જ કરે છે, તેથી સુખ
વખતે પણ દુઃખ તથા મોહ હોય અને મોહ વખતે પણ
સુખ અને દુઃખ હોય જ છે. ત્રણે વૃત્તિઓનો વિરોધ
નથી પણ એ વૃત્તિઓનારૂપ અને અતિશયનો વિરોધ છે.

## બુદ્ધિના ૮ રૂપ

ધર્મ - અધર્મ, વૈરાગ્ય - અવૈરાગ્ય,
જ્ઞાન - અજ્ઞાન, ઐશ્વર્ય - અનૈશ્વર્ય.
તેમાં કોઈ એકનું જ પ્રાધાન્ય હોય છે, બાકી
એકનું પ્રાધાન્ય હોય ત્યારે બાકીનું ગૌણપણું હોય છે,
તેથી દુઃખવૃત્તિ તો હેય છે જ, કિન્તુ
સુખવૃત્તિ પણ દુઃખમિશ્રિત હોવાથી હેય છે.

કૃતજ્ઞતાથી પ્રભુ તથા પરોપકારથી વિશ્વ પ્રત્યે પ્રેમ જાગે.
વિશ્વપ્રેમ એ પ્રભુપ્રેમનું અને પ્રભુપ્રેમ એ વિશ્વપ્રેમનું
પ્રતીક છે. આથી ભક્તિ કૃતજ્ઞતા અને પરોપકાર
ઉભય સ્વરૂપ સાચો ધર્મ છે તથા ધર્મનું મૂળ દયા છે.

દયાનું મૂળ દયાળુ પ્રત્યે - પંચપરમેષ્ઠિ પ્રત્યે નમસ્કાર છે, તેથી નમસ્કાર એ તો ખરા ધર્મના મૂળનું પણ મૂળ છે. અર્ધમાત્રાની જેમ 'નમો' પદ પણ નમસ્કર્તા તથા નમસ્કાર્યને જોડનારી કડી એટલે કે Linking principle છે.

'વિશ્વનાં સર્વ જીવ જીવો સુખી થાઓ.'

એ વિચાર ભોગવેલા સુખના ઋણમાંથી મુક્ત કરે છે તથા

'વિશ્વનાં કોઈપણ જીવ દુઃખી ન થાઓ.'

એ વિચાર જાણીને આપેલા દુઃખનું પ્રાયશ્ચિત છે.

સર્વં પરવશં દુઃખં સર્વમાત્મવશં સુખમ્ ।
એતદ્વિદ્યાત્સમાસેન લક્ષણં સુખ-દુઃખયોઃ ॥ - મનુસ્મૃતિ

અર્થાત્: સુખ-દુઃખ એ મહત્ત્વના લક્ષણ છે.
સ્વવશ તે સુખ. પરવશ તે દુઃખ.

If we balance our pleasures & pains, the later greatly exceed the former.

## મંત્રાર્થનું માહાત્મ્ય

જાપ તેના અંગભૂત મંત્રનો અર્થ સમજીને કરવો હિતકર છે. તેમ કરવાથી શબ્દવૃત્તિ ઉચ્ચારણમાં અને લક્ષણાવૃત્તિ મંત્રાર્થમાં રોકાઈ જાય છે તથા પરસ્પરની ઉપકારક થઈ અન્ય કોઈ વૃત્તિઓને સ્ફુરવા દેતી નથી. કહ્યું છે કે:

यदेव विद्यया करोति तदेव वीर्यवत्तरं भवति।

: ભાવાર્થ :

જે કામ જ્ઞાન દ્વારા કરાતું ઉપાસનારૂપ કાર્ય એ
અત્યંત બળવાન ફળદાતા થાય છે, તેમ
મંત્રનો અર્થ જાણીને કરાતો જપ
અધિક અને અધિક બળવાન થાય છે.

અર્થના ભાવપૂર્વક મંત્રજપ કરવાથી ધ્યાનજપ થાય છે. બધી ક્રિયાઓમાં જપક્રિયાઓ ઉત્તમ છે અને તેમાં ય જપયજ્ઞ શ્રેષ્ઠ છે, કેમકે તે પરમાત્માનું જ સ્વરૂપ છે. પોથી શાસ્ત્રનું જ્ઞાન પણ એક પ્રકારે જપરૂપ જ છે.

°

Dying to humanhood and a birth to spiritual identity is the goal of spiritual discipline. It is not a physical death and birth but it is an act of consciousness. Spirit is the only power and that we do not have a seperate life or consciousness of our own, but God constitutes our being does the parenthesis become more lighter!

## કર્મસંન્યાસ એટલે શું?

'આપણાથી જાણતાં કે અજાણતાં જે જે કર્મ થાય છે, તે તે સર્વ પરમાત્માની પ્રેરણાથી ને સત્તાથી જ થાય છે.' એ પ્રકારે ચિંતન કરી જે કર્મ કરવામાં આવે છે, તેને કર્મસંન્યાસ લીધો કહેવાય. ફલસંન્યાસ એટલે...

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते संगोऽस्त्वकर्मणि ॥ (પરિશિષ્ટ-૧૨)

## તપસ્યા છે શાને ઈપ્સિત?

પાંચે વિષયોમાં ચિત્ત તથા ઇંદ્રિયોની પ્રવૃત્તિ, તે વૃત્તિ-નિરોધરૂપ યોગની વિરોધી છે. એની શિથિલતા તપથી થાય. તપથી શરીરનું શોષણ અને ઇંદ્રિયોની દુર્બળતા થવાથી વેગ કરી વિષયો પ્રતિ ધાવન કરતી અટકે તથા, તપ એ શુભકર્મ છે, તેથી પાપરૂપ મળનું શોધન કરે છે. આ બંને કારણથી વ્યુત્થિત ચિત્તવાળાએ જરૂર તપ કરવું.

મનુસ્મૃતિ: यद् दुष्करं यद्दुरापं यद्दुर्गं यच्च दुस्तरम् ।
तत्सर्वं तपसा प्राप्यं तपो हि दुरतिक्रमम् ॥१॥

જે કાંઈ દુષ્કર - દુષ્પ્રાપ્ય - દુસ્તર છે, તે સર્વ પણ તપથી પ્રાપ્ત થાય છે. ખરેખર, તપ નિષ્ફળ ન જાય એવું છે. 'ચિત્તપ્રસન્નતાને બાધ ન પહોંચે તથા કફાદિ ધાતુ વૈષમ્ય ન થાય, ત્યાં સુધી જરૂર તપ કરવો' એવું વિધાન છે.

## યોગાંગ તથા ઉપલક્ષણ

અભ્યાસ ધારણા - ધ્યાનાદિનો, વૈરાગ્ય સંતોષરૂપ નિયમમાં અને તપ/સ્વાધ્યાય ઈશ્વર પ્રણિધાનાદિનો પણ નિયમમાં અંતર્ભાવ છે. શ્રદ્ધા - વીર્ય - સ્મૃતિ આદિનો અભ્યાસમાં તથા ઉપલક્ષણાદિનો સાથે યોગાંગમાં અંતર્ભાવ થાય છે.

કાયેન્દ્રિયસિદ્ધિરશુદ્ધિક્ષયાત્તપસઃ। અર્થાત્: તપ દ્વારા અશુદ્ધિ ક્ષય થવાથી કાય અને ઇન્દ્રિયની સિદ્ધિ થાય છે.

કાયસિદ્ધિ = અણિમા - મહિમાદિ સિદ્ધિની પ્રાપ્તિ થવી.

ઇંદ્રિયસિદ્ધિ = દૂરશ્રવણ, દૂરદર્શનાદિની પ્રાપ્તિ થવી તે.

સત્ય - અચૌર્ય - આકિંચન્ય, એ સર્વ વૈરાગ્યરૂપ છે,

બ્રહ્મચર્ય એ અભ્યાસમાં અન્તર્ગત છે,

ધારણા - ધ્યાનાદિ સંયમ સાધવાનું સામર્થ્ય વધારી, જ્ઞાન અને ક્રિયાશક્તિમાં વૃદ્ધિ કરાવવાનો લાભ અપાવે. બાહ્ય શૌચથી વૈરાગ્ય - આંતરશૌચથી અભ્યાસની યોગ્યતા થાય.

તતો દ્વન્દ્વાઽનભિઘાતઃ। શીતોષ્ણાદિ, ક્ષુત્પિપાસાદિ દ્વન્દ્વોનો બાધ થતો નથી, આલસ્યનો નાશ થાય છે, રક્તનો પ્રવાહ બરાબર ચાલે છે, વાયુની ગતિમાં શિથિલતા આવે છે, નાડીના દબાણથી ઉપસ્થના બળનો ક્ષય થાય છે અને સાધકના મનનું સ્થૈર્ય વધે છે.

પ્રાણાયામ = પ્રાણનો આયામ, રોધ, વિચ્છેદગતિ રોકવી તે.

તતઃ ક્ષીયતે પ્રકાશાવરણમ્ ।

પ્રાણાયામની સિદ્ધિ આપણા વિવેકજ્ઞાનને આવરણ કરનાર પાપરૂપી અશુદ્ધિનો ક્ષય થાય છે. પ્રાણના નિગ્રહથી એકાદશ ઇંદ્રિયોના દોષોનો ક્ષય થાય છે. પ્રાણનો અને અંતઃકરણનો દૃઢ સંબંધ છે. પ્રાણનિરોધથી એક સૂક્ષ્મ અગ્નિ ઉત્પન્ન થાય છે અને તેના પરિણામરૂપ જળ થાય છે. પ્રાણ, અગ્નિ તથા જળ વડે અંતઃકરણના રજસ્-તમસ્ ધોવાઈ જાય છે, તેથી પ્રકાશસ્વરૂપ સત્ત્વ પ્રગટ થાય છે, તેથી જ્ઞાનદીપ્તિ થાય છે. અશુદ્ધિનો ક્ષય તપ અને પ્રાણાયામ બન્નેથી સિદ્ધ થાય, પણ બંને ઉપાયોમાં પ્રાણાયામ શ્રેષ્ઠ છે.

## ક્ષમાથી સમાધિ તરફ...

ક્ષમા એ જીવનનું પવિત્ર સૌંદર્ય છે.

ક્ષમાનું આદાનપ્રદાન કરીને મૈત્રીભાવને પ્રગટાવવાનો પ્રભુ-આદેશ જ સદા સૌના કલ્યાણનું સાધન બની શકે છે. જીવનને નકાર નહિ પણ હકાર ભણી પ્રેમથી સ્વીકારવું એ સૌંદર્યદૃષ્ટિ છે. જીવનના શાંત સ્વીકારની પરાકાષ્ઠા એવી આ મનોદશા જીવરાશિ માટે પરમ કલ્યાણકારી છે.

આ જીવનદૃષ્ટિ એ જ સાચી સમાધિ છે.

'આ સંસાર, આ જીવન, આ વિશ્વ શુભ છે, સુંદર છે, મંગલમય, પવિત્ર, સહેતુક અને તે જ કલ્યાણકારક છે.' એ વિચાર આધિ, વ્યાધિ અને ઉપાધિની ચુંગાલમાંથી છોડાવી સમાધિની નિર્મળ ભૂમિકામાં લઈ જનારો છે.

## આત્માના મુખ્ય ૪ ગુણો

(૧) સુખનું તારતમ્ય (૨ પ્રકારે સદા શ્વાસોચ્છ્વાસ)
(૨) સ્વતંત્રતાની ઇચ્છા (3 પ્રકારે જળ અથવા વાયુ)
(3) જ્ઞાનનું તારતમ્ય (૫ ઇંદ્રિયોથી મેળવાતું જ્ઞાન)
(૪) અમરતાની ભાવના (નિત્ય સ્થિતિ, દીર્ઘ આયુષ્ય).

## સરળ ભાષામાં ધર્મ

## દ + જ્ઞા + ચા = મોક્ષમાર્ગ

(1) દર્શન = સમ્યક્ શ્રદ્ધા = ધ્યેય પ્રાપ્તિનો ઉત્સાહ.
(2) જ્ઞાન = ધ્યેયનું સમ્યગ્ચયન.
(3) ચારિત્ર = ધ્યેયપ્રાપ્તિના ઉપાયો વિષે સમ્યક્ પ્રવર્તન.

સરળ ભાષામાં ધર્મનું સ્વરૂપ સમજવું = સમ્યગ્દર્શન.
દર્શનને સદ્દહવું અને તે માટે પ્રયત્નશીલ થવું...
તે રત્નત્રયી - તે મોક્ષમાર્ગ - તે આધ્યાત્મિક વિજ્ઞાન છે.

°

Causes of differences: Heritance-વારસાગત, Atmosphere-વાતાવરણ, Prebirth-પૂર્વજન્મસંસ્કારગત.

## ભગવદ્ગીતા શ્લોક-૧૪ દર્શિત ૩ પ્રકારનું સમત્વ

(૧) માત્રાસ્પર્શાસ્તુ કૌન્તેય શીતોષ્ણસુખદુઃખદાઃ ।
આગમાપાયિનોઽનિત્યાંસ્તાંસ્તિતિક્ષસ્વ ભારત ! ॥

અર્થઃ હે અર્જુન ! સુખ - દુઃખ આપનારા શીતોષ્ણ સ્પર્શો પ્રારંભમાં જ દુઃખને આપનારા અને અનિત્ય છે.
માટે હે ભારત ! તેને તું સહન કર.

આને પ્રથમ કોટિનું સમત્વ કહે છે. તેને *physical, stoic* અથવા તામસ કહી શકાય. તેમાં દેહ મુખ્ય છે.

(૨) પોતાના ઉપર આવતા રાગ-દ્વેષ આદિના પ્રસંગોમાં સમત્વ રહે, તે બીજા કોટિનું છે. તેને *mental or intellectual or philosophical* કે બૌદ્ધિક કોટિનું સમત્વ કહી શકાય. આ પ્રકારના સમત્વમાં સર્વ જીવો સાથેના આત્મિક સંબંધનું યથાર્થ સંવેદન નથી.

(૩) કર્મોદયે જીવને સુખ - દુઃખાદિ થાય, તેનો અનુભવ પોતાને બહુ થાય છતાં આત્મવિષયક ભાનગર્ભ સમત્વ રહે, તે ત્રીજા કોટિનું સમત્વ છે. તેને *spiritual or saintly* સમત્વ કહી શકાય. તેમાં વિશ્વના સર્વ જીવો સાથેનું આત્મિક સામ્ય છે, આત્મિક ઐક્ય છે.

જ્ઞાન, તપ, કર્મ એમ તામસાદિ ૩ - ૩ પ્રકારનાં છે, તેમ

સમત્વની માટે પણ કહી શકાય. Equality or Equilibrium of mind - સર્વ જીવો સાથે મૈત્રીથી ભાવિત થવા માટેની પૂર્વ તૈયારીરૂપ પણ ગણાય.

○ ધર્મારાધનામાં honesty of purpose એ મુખ્ય વસ્તુ છે. ચારિત્રનું બળ તેના આધારે કેળવાય છે. Compassionate ભાવના પણ એની સહકારી છે. 'દુઃખસ્ય વાર્તા રમ્યા।' દુઃખની વાત રમ્ય હોય છે, પણ સાક્ષાત્ દુઃખ તો વિરલ શૌર્યવાન વ્યક્તિ જ જીરવી શકે. કાયમ દુઃખ બોધ ભગવત્સ્મરણ માટે ઉપયોગી છે, તેમ કાયમ ઋણનું સ્મરણ પણ આત્મોપકારક જ છે.

ઉઋણ થવાને બદલે ઋણ વધતું જ રહે,
એ પણ એક ભૂમિકાએ ઇચ્છવા યોગ્ય છે.

વિશ્વમાં એક પણ વ્યક્તિ બીજાનો આધાર લીધા વિના ક્યારેય સ્વતંત્રપણે જીવી શકતી નથી, એટલે વિશ્વના પ્રાણી માત્રનું આપણી ઉપર ઋણ છે. તેનાથી મુક્ત થવા અહિંસાદિ ધર્મનું પાલન પ્રવૃત્તિથી અને તે અશક્ય હોય તો ભાવના દ્વારા પણ થવું જોઈએ. તે માટે દરેક ધર્મના મૂળ મુદ્દાઓ તથા સર્વ દર્શનકારો મૈત્ર્યાદિ ભાવનાઓ વિષયક વર્ણવે છે અને તેના ઉપર ભાર આપે છે.

समापत्तिः सम्यक् आपत्तिः प्राप्तिः ग्राह्याकारतायाः ग्रहणाकारतायाः ग्रहीत्रा कारतायाः प्राप्तीत्यर्थः ॥

(परिशिष्ट-१३)

## મૌન તથા શબ્દોની અસર

'મૌન'નો અર્થ વાણીનો અભાવ નહિ પણ તે વાણીનો સંયમ સમજવો. મન તથા કાયાની જેમ વચન દ્વારા પણ કર્મબંધ થાય. માનવજીવન પાપ કરવામાં જેમ ઉપયોગી છે, તેમ પાપોનો નાશ કરવા માટે તે મહાઉત્તમોત્તમ પણ છે.

(૧) જગતમાં ભયજનક શબ્દો જીવોને ભયંકર અસર અને કરૂણાજનક શબ્દો અશ્રુપાત વગેરે થાય છે.

(૨) નગારા અને ઢોલના અવાજોથી સૌને ત્રાસ અનુભવાય તથા ઘુવડ અને ચાબડીના અવાજોથી વ્યથા થાય છે.

(૩) રણવાદ્ય તથા ભૂંગળી આદિના અવાજથી શૌર્ય અને હૃદયંગમ સંગીતના અવાજથી દરેકને આહ્લાદ અનુભવાય છે.

(૪) શંખ - શરણાઈનાં ધ્વનિથી હવા સ્વચ્છ થાય તથા સતત સારંગી વાદનથી ઈમારતની ભીંતોને નુકસાન થાય.

(૫) મધુર સંગીતના અવાજથી ગાયના દૂધમાં વૃદ્ધિ થાય, વનસ્પતિ ખીલે છે, રોગ મટે છે, અનિદ્રાવાળાને નિદ્રા આવે છે તથા વનના ક્રૂર જીવજંતુઓ શાંત થાય છે.

(૬) મંત્રોના શબ્દો શુભમંગલ આંદોલનોને જન્માવે છે. મંત્રોની યોજના આંદોલનોના આ નિયમો ઉપર થઈ છે, તેથી જ મંત્રોના પુરશ્ચરણોથી ધર્મ - અર્થ - કામ - મોક્ષ, એ માનવની ઉપકારી ચારે પુરુષાર્થની સિદ્ધિ થાય છે.

शब्दब्रह्मणि निष्णातः परब्रह्माऽधिगच्छति । અર્થાત્:

શબ્દબ્રહ્મમાં જેઓ (સાધકો) પારંગત થાય છે,

તેઓ પરબ્રહ્મ પ્રતિ પગલાં માંડે છે.

'પગ નીચે જ સોનાની ખાણ છે' એમ સાંભળ્યા પછી કોણ કોદાળી - પાવડો ખરેખર ન ઉપાડે? શ્રુતિ અને કુરાન એ અનુભવના માર્ગે જવા માટે જો પગરખાં છે, જે અહંના કાંટા અને ભ્રમણાના કાદવથી બચાવે છે. તે બન્નેને અનુભૂતિના મંદિરમાં પ્રવેશ કરતી વખતે બહાર ઉતારી નાંખવા પડે છે. वेदानपि संन्यसति । જે શબ્દબ્રહ્મને પિછાણે, તે પરબ્રહ્મ તરફ પગલાં માંડ્યા વિના ન જ રહે. મૃત્યુને સંભારવું તેજ પરબ્રહ્મના ચિંતનતત્ત્વનું જ છે. ઉંદર મહાશય ખૂબ ભણ્યા પણ બિલાડીની તરાપમાંથી બચ્યા નહિ, તેમ પુસ્તકીયા પંડિતો પોથાં - પુરાણ વાંચતા રહ્યાં અને આચારમાં આવતાં પૂર્વે મૃત્યુનો કોળિયો બની ગયા,

તો શું મળ્યું આ વિદ્વતાથી? કાંઈ જ નહીં!

## બ્રહ્મચર્ય

'બ્રહ્મચર્ય' એટલે બ્રહ્મમાં વિચરતા વિશ્વમાનવ બનવું, સર્વ પ્રકારની સંકીર્ણતાથી ઊંચે ઊઠવું, સર્વભૂતમાત્ર વિષે મૈત્રી ચિંતવવાના લક્ષ્યપૂર્વકની જીવનસાધના - આરાધના.

## અહિંસા

'અહિંસા' એટલે પ્રેમ. સ્વયં અને સમસ્તની વચ્ચેનો એકાત્મભાવ. જે સ્વયંને જાણી લે છે, તે એ પણ જાણી લે છે કે જે આત્મા એનામાં છે, એ જ સમસ્તમાં છે. આથી સ્વાભાવિક રીતે જ એનામાંથી સર્વ તરફ પ્રેમ અને કરુણાનો પ્રવાહ વહેવા લાગે છે. આ સ્થિતિએ જીવન પોતાને માટે નહિ પણ બધાને ખાતર બની જાય છે, વ્યક્તિ સ્વયંને જાણીને સ્વથી મુક્ત બની જાય છે.

જૈન આગમોમાં અહિંસાના ૬૦ નામ આપવામાં આવ્યા છે.
મૈત્રી, સમતા, બંધુતા, અભય, પ્રેમ: અહિંસાના જ નામ છે.

કોઈ રીતે કોઈને મારવું કે સતાવવું નહિ,
એ અહિંસાનું ધ્યેય છે, તેટલું જ
સર્વની સાથે મૈત્રી અને બંધુતાનો વર્તાવ રાખવો,
એ પણ અહિંસાનું જ અભિધેય છે.
અહિંસાને કેવળ નિષેધાત્મક રૂપમાં સમજવી,
તે વાસ્તવમાં તેની અધૂરી વ્યાખ્યા છે.

તા. ૨૬ - ૭ - ૧૯૬૫

કર્મ બ્રહ્માંડનું નિયંત્રણ કરે છે. વ્યક્તિનું પ્રારબ્ધ એ તેણે ગત જન્મમાં કરેલાં કર્મોનો ફલ સ્વરૂપ છે.

દુનિયામાં કોઈ વસ્તુનો નાશ થતો નથી, પરન્તુ એના સ્વરૂપમાં અને કદમાં જ પરિવર્તન થાય છે.

## મૂર્તિપૂજક - મૂર્તિભંજક

'મૂર્તિ' એટલે કાષ્ઠ કે પથ્થરની બનાવેલી દેવ મૂર્તિઓ જ નહિ, પરંતુ માનવના મનમાં જડાયેલા વિચારરૂપી મૂર્તિઓ અથવા વિચારગ્રન્થીઓ પણ સમજવાની છે.

આ રજનીશ તે અર્થમાં મૂર્તિભંજક ગણાય છે.

## રાગાદિ મળ ધોવા શું જોઈએ?

રાગાદિ મળ જેમ આત્માના અજ્ઞાન કે અશ્રદ્ધાદિથી દૃઢ થયા છે, તેમ વિપરિત પ્રવૃત્તિ - નિવૃત્તિથી પણ દૃઢ થયા છે. એથી જ્ઞાનની સાથે એ વિરુદ્ધ પ્રવૃત્તિ તથા નિવૃત્તિ પણ આવશ્યક છે. મેલું કપડું ધોવા માટે જેમ પાણી-સાબુ તેમ ધોકો - ઇસ્ત્રી પણ જોઈએ. શ્રદ્ધા એ જળ, જ્ઞાન એ સાબુ, ક્રિયા એ ધોકો અને તપ એ ઇસ્ત્રી છે. આત્માની સાધના માટે સ્યાદ્વાદ નિરૂપિત નિત્યાનિત્યાદિ વસ્તુસ્વભાવ અપરિહાર્ય છે. જે વસ્તુધર્મથી રાગ-દ્વેષ

ધરાવે છે, તેથી વિરુદ્ધ ધર્મ તે જ કાળે તે જ વસ્તુમાં છે,
એવા અનેકાંત - સ્યાદ્વાદરૂપી વિચારથી સમતા આવે છે.

સમતાપત્તિ કરવાની રીતી નથી, પણ તે
વસ્તુમાં સહજભાવે છે, તેને લક્ષમાં લેવાની રીત છે.

ક્ષીણવૃત્તેરભિજાતસ્યેવ મણેઃ ।

જે ચિત્તની ધ્યેયાતિરિક્ત સકલ વૃત્તિઓ પ્રક્ષીણ કે નિરુદ્ધ થઈ ગઈ છે, તે ચિત્તની ધ્યેયવસ્તુને સમગ્રરૂપે ગ્રહણ કરવામાં અન્ય પ્રમાણાદિ વૃત્તિસહિત રાજસ કે તામસ વૃત્તિમાત્ર વિરોધી હોવાથી એ વૃત્તિઓ ધ્યેય-સાક્ષાત્કાર પ્રતિ મણિગતમલ સ્થાનીય છે. જેમ મલયુક્ત મણિ હોય તો તે જપા, કુસુમ વગેરેના રૂપને ગ્રહણ કરી શકતો નથી, તેમ ચિત્તની ધ્યેયાતિરિક્ત વૃત્તિઓ રૂપ મલ જાગ્રત હોય, તો તે ચિત્ત પણ ધ્યેયનું સર્વાંશે ગ્રહણ કરી શકે નહિ. આમ પાતંજલ સૂત્રમાં પણ કહ્યું છે.

ઋજુતા એ પ્રેમ - અહિંસાને વિકસાવે છે.
મૃદુતા એ ત્યાગ - અપરિગ્રહતાને વિકસાવે છે.
શૂન્ય એ વૈરાગ્ય અને બ્રહ્મચર્યને વિકસાવે છે.

°

લઘુતા = Humility. સમતા = equality.
એકતા = Identity.

o श्रवणं तु गुरोः पूर्वं मननं तदनन्तरम् ।
निदिध्यासनमित्येतत् पूर्णबोधस्य लक्षणम् ॥१॥

સમજૂતિ: પહેલાં ગુરુ ભગવંત પાસે સાંભળવું અને ત્યાર પછી મનન કરવું, એ પૂર્ણ બોધનું લક્ષણ છે.

o अहं ब्रह्मास्मि मन्त्रोऽयमन्यमन्त्रं विनाशयेत् ।

સમજૂતિ: 'હું બ્રહ્મ છું' એ મંત્ર અન્ય મંત્રનો નાશ કરે છે (એક જ મંત્ર ગાઓ, અન્ય મંત્ર ન ગાઓ તો જ કલ્યાણ થાય).

o सर्वमन्त्रान् समुत्सृज्य एतं मंत्रं समभ्यसेत् ।
स देही मोक्षमवाप्नोति नाऽत्र संदेहमण्वपि ॥१॥

સમજૂતિ: સર્વ મંત્રોને છોડીને આ મંત્રનો અભ્યાસ કરવો.
જેથી જલ્દીથી મોક્ષ પમાય છે,
એમાં અણુ જેટલો પણ સંદેહ નથી.

o मैत्री प्रमोद कारुण्यमाध्यस्थ्यादिमहागुणाः ।
युक्तस्तैर्लभते मुक्तिं जीवोऽनन्तचतुष्टयम् ॥१॥

સમજૂતિ: મૈત્રી, પ્રમોદ, કારુણ્ય તથા માધ્યસ્થ આદિ
મહાગુણોથી યુક્ત એવો જીવ
અનંતચતુષ્ટય સ્વરૂપ મુક્તિને પામે છે.

o नाम राम को अंक है, सब साधन है सून,
अंक गये कछु हाथ नहिं, अंक रहे दस गुन...

o 'શિવોઽહં' means

I and the God are one.

All that the God has is mine.

o 'ત્વમેવાઽહં' means

Son, thou art ever with me and
All that I have is thine.

The conflict is always a battle for the supermacy of the ego. Each one wants to be something of himself and that something enters into conflict with the something of the other self.

o

ભવ = To become = ઈચ્છા, સ્વાર્થ, ગુરુતા.

To become = circumference and circle.

મોક્ષ = To be = નિરીહતા, પરમાર્થ, લઘુતા.

To be = centre.

દ્રવ્યસંકલ્પ = દેહ-આહારસંકલ્પ, કર્મેન્દ્રિયના વ્યાપારનો નિગ્રહ.

ભાવસંકલ્પ = મનનો સંકલ્પ, જ્ઞાનેન્દ્રિયના વ્યાપારનો નિગ્રહ.

દેવ - ગુરુ તથા મનની વિશુદ્ધતા તે બંને અનુક્રમે
દ્રવ્ય - ભાવસંકોચ છે. તે 'નમો' મંત્ર વડે સધાય છે.

મનની વિપરીતતા તે 'નમો' પદનો અર્થ છે.

નમો = વિનિપાતન - નોકિસંકોચ, સન્નિપાતન - અરિસંકોચ,
પ્રણિપાતન - બિંદુપરિક્રમા.

## દ્રવ્ય - ભાવસંકોચ

નમસ્કાર એ ધર્મ તથા ધર્મીના બહુમાનરૂપ છે, તેમ અધર્મ - અધર્મીના દ્રવ્ય - ભાવસંકોચરૂપ છે. મન, વચન, કાયાથી અધર્મ પ્રત્યે લઘુભાવ અને અધર્મી પ્રત્યે ઉપેક્ષાભાવ એ નમસ્કારનું ફળ છે. પરવસ્તુનો અહંકાર એ અધર્મનું બીજ છે. તેનો સંકોચ, મદ - માનાદિનો ત્યાગ એ નમસ્કાર છે. અધર્મના સંકોચ વડે પાપનાશ અને ધર્મની પ્રશંસા વડે આત્મલાભ થાય છે. પ્રશંસા Positive અને સંકોચ negative બનીને ફળ પેદા કરે છે.

ધર્મની પ્રશંસા એ પ્રણિપાતન છે અને
સંકોચ એ વિનિપાતન અને સંનિપાતન છે.

દ્રવ્યમાત્રના મદનો ત્યાગ એ વિનિપાતન અને
ભાવવસ્તુમાત્રના માનનો અભાવ એ સંનિપાતન છે.
ધર્મનું બહુમાન અને પ્રશંસા એ પ્રણિપાતન છે.

## ધર્મપ્રશંસા

નમસ્કારનો એક અર્થ ધર્મપ્રશંસા છે, તેથી હૃદયરૂપી ભૂમિમાં ધર્મબીજનું વપન થાય છે. શ્રદ્ધારૂપી જળના સિંચનથી તેમાં ધર્મચિંતારૂપ અંકુર, ધર્મશ્રવણ અને ધર્માચરણરૂપ પત્ર - પુષ્પ - ફળ પ્રાપ્ત થાય છે. સદ્ધર્મની મન - વચન - કાયાથી થતી પ્રશંસા એ નમસ્કાર પદાર્થ છે. ધર્મીઓને નમસ્કાર કરવાથી ધર્મપ્રશંસા થાય છે. ધર્મ અને ધર્મી અભિન્ન છે, તેથી ધર્મીને નમસ્કાર ધર્મને પહોંચે છે. ધર્મ અચિન્ત્ય શક્તિયુક્ત આત્માનો શુભ પરિણામ છે. તેનું બહુમાન એ નમસ્કાર છે. તેનાથી પંચ પરમેષ્ઠિઓના ધર્મને સન્માન કરાય છે. મન, વચન, કાયાથી થતું એ સન્માનનું દાન ઉત્કૃષ્ટ શુભભાવરૂપ હોવાથી પુનઃ પુનઃ કરવા લાયક છે, તેથી પરંપરાએ પાપનાશ, પુણ્યવૃદ્ધિ અને પરમપદની પ્રાપ્તિ થાય છે.

Spirituality cannot be added to a vessel already full of materiality. Our vessel must be empty of self before it can be filled with the grace of God.

## પ્રણવની વ્યસ્ત 3 માત્રાઓ

(૧) ભોક્તા ત્રિવર્ગ વ્યષ્ટિ : વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ.

(૨) ભોક્તા ત્રિવર્ગ સમષ્ટિ : વિરાટ, હિરણ્યગર્ભ, ઈશ્વર, વિષ્ણુ, બ્રહ્મા, રુદ્ર.

(3) ભોગ્ય ત્રિવર્ગ : ભૂર્લોક, ભુવર્લોક, સ્વર્લોક.

(૪) ભોગ ત્રિવર્ગ : સ્થૂલ, સૂક્ષ્મ, કારણ.

(૫) અવસ્થા ત્રિવર્ગ : જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ.

(૬) ગુણ ત્રિવર્ગ : સત્વ, રજસ, તમસ.

(૭) વેદ ત્રિવર્ગ : ઋગ્, યજુર્, સામ.

## ૐ - અવસ્થા - વાણી

(૧) અ - ચંદ્રમંડલ, જાગૃત, વૈખરીવાણી.

(૨) ઉ - સૂર્યમંડલ, સ્વપ્ન, મધ્યમાવાણી.

(3) મ - અગ્નિમંડલ, સુષુપ્તિ, પશ્યંતીવાણી.

(૪) ૦ - સર્વવ્યાપક બ્રહ્મ (અર્ધમાત્રા), તુરીય, પરાવાણી.

વિષયવતી વા પ્રવૃત્તિરુત્પન્ના -
વિશોકા વા જ્યોતિષ્મતી પ્રવૃત્તિરુત્પન્ના
મનસઃ સ્થિતિનિબન્ધિની ।

અર્થ: ઉત્પન્ન થયેલ વિષયવતી પ્રવૃત્તિ અથવા તો જ્યોતિષ્મતી પ્રવૃત્તિ મનની સ્થિતિનું કારણ છે.

<u>વિષયવતી</u>

(૧) નાસાગ્રે = ગંધ (૨) જિહ્વાગ્રે = રસ

(૩) જિહ્વામધ્યે = સ્પર્શ (૪) જિહ્વામૂલે = શબ્દ

(૫) તાલૌ = રૂપ.

<u>જ્યોતિષ્મતી</u>

હૃત્પદ્મે = (૧) બુદ્ધિસત્ત્વ (૨) અહંકાર.

(૧) એક વિષય ઉપર સંયમનો અભ્યાસ સિદ્ધ થવાથી અન્ય વિષયો ઉપર પણ ચિત્ત સ્થિર થાય છે.

(૨) સાધના દરમ્યાન સાધકને દિવ્યગંધાદિની અનુભૂતિ ક્ષુદ્ર એવા ૫ વિષયો ઉપર વિરક્તિ પેદા કરે છે.

(૩) સ્વાનુભૂતિ શ્રદ્ધાના અતિશયને ઉત્પન્ન કરે છે.

<u>યોગના ૫ અંગો</u>

(૧) <u>શ્રદ્ધા</u> - યોગવિષયક પ્રીતિ - પ્રેમાત્મક વૃત્તિ.

(ઇચ્છા) તત્ત્વવિષયક પ્રીતિ - પ્રેમાત્મક વૃત્તિ.

પ્રીતિથી ભક્તિ - સમ્યક્‌વિધિથી વિશ્વાસ વધે,

શ્રદ્ધાથી વીર્યનો ઉદય થાય છે.

(૨) <u>વીર્ય</u> - તે યોગને ઉત્સાહ પ્રેરતો ઘનઉત્સાહરૂપ પ્રયત્ન છે

(પ્રવૃત્તિ) ઇચ્છા - પ્રયત્ન

(વચન) વીર્યથી સ્મૃતિનો ઉદય થાય છે.

(3) સ્મૃતિ - યોગાંગોનું સ્મરણ, ધ્યાનરૂપ ધ્યેયની સ્મૃતિ

(સ્થૈર્ય) ધ્યાન

(વચન) સ્મૃતિથી સમાધિનો ઉદય થાય છે.

(૪) સમાધિ - ચિત્તની એકાગ્રતા

(સિદ્ધિ) યોગાંગસ્મરણથી સમાધિનું સમ્યગ્અનુષ્ઠાન

(વચન) ધ્યાનરૂપ સ્મૃતિના અભ્યાસથી વૃત્તિનો પ્રવાહ (અવિચ્છિન્ન), સમાધિથી પ્રજ્ઞાનો ઉદય થાય.

(૫) પ્રજ્ઞા - ઋતંભરા. વિવેકખ્યાતિ - કૈવલ્ય

(અસંગ) સાધ્યયોગ

પ્રજ્ઞાથી અવિદ્યાદિનો નાશ, સંસ્કાર શૈથિલ્ય અટકાવ.
અલંબુદ્ધિરૂપ પર વૈરાગ્ય, પ્રાંતે કૈવલ્યની પ્રાપ્તિ થાય.

## લાભ V/S પ્રતિલાભ

(૧) અહંકારલાભ વિષ - અંધકાર છે, જ્યારે તેના પ્રતિલાભ રૂપે નમસ્કારલાભ અમૃત છે - પ્રકાશ છે.

(૨) તિરસ્કારલાભ સંકોચ છે, જ્યારે પ્રતિલાભ રૂપે પ્રેમલાભ એ વિસ્તાર છે.

(3) સ્વાર્થલાભ ક્ષુદ્ર છે, જ્યારે પરાર્થલાભ ભવ્ય છે.
કેન્દ્રિત કરેલાં સ્મરણના વિરહથી જ જાણી શકે છે, તેમ અહિંસા - સંયમ - તપ વડે એકાગ્રતા સાત્ત્વિક બને છે.

## વિરતિ - અવિરતિ

મનનું વિષયોથી પાછા ફરવું, હઠી જવું,
વિરામ પામવું - શૂન્ય થવું તે 'વિરતિ' છે.
'વિરતિ' એટલે વિરામ. 'અવિરતિ' એટલે અવિરામ.
વિષયોથી વિરમવું તે 'વિરતિ' છે.
મનનું વિષયોથી ન હઠવું - પાછા ન ફરવું તે 'અવિરતિ' છે.
વિષયોથી ન વિરમવું તે 'અવિરતિ' છે.

## શ્રવણ - મનન - નિદિધ્યાસન - પ્રત્યાહાર

(૧) શ્રવણથી પ્રમાણગત અસંભાવનાઓ દૂર થાય છે.
(૨) મનનથી પ્રમેયગત અસંભાવનાઓ સુદૂર રહે છે.
પ્રમેય અહીં 'જીવ બ્રહ્મૈક્ય છે.'
(૩) નિદિધ્યાસનથી પ્રમાતાગત વિપરીત ભાવના જાય છે.
તર્ક, કુતર્ક, પ્રયોગથી ઉપશમન થાય છે.
(૪) પ્રત્યાહાર દ્વારા મનને નિર્વિષય કરીને
પોતાના ચૈતન્યરૂપ સ્વયં પ્રકાશ આત્મદેવના પ્રત્યક્ષ
દર્શન, પૂજન, ધ્યાન - એ સર્વ પરમ મંગળરૂપ છે.
(૫) મન એ પતંગ, પ્રભુ એ દોરી, મંત્ર એ ચરખી છે.
મંત્રરૂપી ચરખી
દિવસ રાત ઘુમાવવાથી મનરૂપી પતંગ વશમાં રહે છે.

## ૨૪ રત્નકણિકાઓ

(૧) तज्जपस्तदर्थभावनम् ।

તેમાં જપ એ શ્રોત્ર અને જિહ્વેન્દ્રિયનો વિષય છે અને અર્થનું ભાવન એ મન તથા અંતઃકરણનો વિષય છે.

(૨) નમસ્કારનું સાક્ષાત્ ફળ વિરતિ છે.

વિરતિ = વિગત રતિ અને વિશિષ્ટ રતિ.

તેમાં પુદ્ગલ જડતત્ત્વ પ્રત્યે રતિ ચાલી જવી અને જીવતત્ત્વ પ્રત્યે વિશિષ્ટરતિ થવી તે નમસ્કારનું ફળ છે. પુદ્ગલ પ્રત્યે રતિ ચાલી જવાથી પાપનો નાશ થાય અને જીવ પ્રત્યે વિશિષ્ટ પ્રીતિ થવાથી મંગળનો લાભ થાય છે.

(3) 'નમો' વડે આત્માને દમવાથી ક્ષમા અને નિર્લોભતાના પરિણામ જાગે છે. ક્ષમાથી જીવરાશિ પ્રત્યે સ્નેહ અને નિર્લોભતાથી પુદ્ગલ રાશિ પ્રત્યે અસ્નેહ થાય છે.

(૪) 'નમો' એ પાંચ ઈંદ્રિયો અને મનને દમવાનું શ્રેષ્ઠ સાધન છે. આ પદની સાધનાથી ક્ષમા - સ્નેહ જાગે છે.

(૫) પંચ પરમેષ્ઠિ પુદ્ગલ પ્રત્યે વિરક્ત અને ચૈતન્ય પ્રત્યે અતિરક્ત છે, તેથી તેમને નમસ્કાર પણ જડ પ્રત્યે વિરક્ત, ચૈતન્ય પ્રત્યે રક્ત બને છે. ચૈતન્યનો રાગ અને પુદ્ગલનો વિરાગ શમ, દમ, સંતોષથી યુક્ત કરે છે અને કામ - ક્રોધ - લોભથી જીવને મુક્ત કરે છે.

(૬) નવકાર એ ચૈતન્યને નમન અને જડને અ + નમન, ન + મનરૂપ છે. ચૈતન્ય હિતકર હોવાથી નમસ્કરણીય તથા જડ એ અહિતકર હોવાથી તિરસ્કરણીય છે. ચૈતન્ય ગુણયુક્ત જ્યારે જડ ગુણશૂન્ય છે. ગુણશૂન્ય પ્રત્યે ગમે તેટલા નમનશીલ રહેવામાં આવે તો પણ તે વ્યર્થ છે. ગુણયુક્ત જીવો પ્રત્યે નમ્ર રહેવાથી ગુણ મળે છે. ગુણ એટલે સ્નેહ, દયા, પ્રેમ, ઉપકાર અને સંવેદના.

(૭) જેનાથી ઉપકાર થવો ત્રિકાળમાં શક્ય નથી, તેને નમતા રહેવું એ તો અજ્ઞાન - મોહ - મિથ્યાજ્ઞાન છે. જેનાથી ઉપકાર થવો શક્ય છે, તેને નમ તે સમ્યગ્જ્ઞાન છે.

ઉપકારીને નમવું તે વિવેકનું ફળ છે.

(૮) ગુણવાળા પ્રત્યે ગુણ જોવાથી ગુણ મળે છે અને અવગુણ મૂર્છિત થાય છે. ગુણવિહીન પ્રત્યે ગુણ રાખવાથી અંતે નૈરાશ્ય ઉત્પન્ન થાય છે. અવગુણ કરવાને બદલે જેઓ ગુણવાળા છે, તેમના પ્રત્યે ગુણ જોવાથી અવગુણ આપોઆપ મૂર્છિત થાય છે.

(૯) Deserve and Desire. ગુણવાન પ્રત્યે ગુણ બહુમાન કરવાથી ગુણસ્થાન પ્રગટે, ગુણશૂન્ય પ્રત્યે ગુણ રાખવાથી ગુણસ્થાન સાવ નાશ પામે છે.

જડને જીવ અનંતકાળ નમ્યો પણ હેરાન થયો.
ચેતનને એકવાર પણ ભાવથી નમે તો બેડો પાર થાય છે.

ચેતનને નમવું એટલે...

પિંડમાં દેહ પ્રત્યે આદર છોડી આત્મા પ્રત્યે
આદરવાળા બનવું અને બ્રહ્માંડમાં પુદ્ગલ પ્રત્યે
રાગ છોડી જીવ પ્રત્યે રાગવાળા બનવું.

(૧૦) સર્વ પ્રકારના પાપની ઉત્પત્તિ પુદ્ગલના રાગથી છે.
સર્વ પ્રકારના ધર્મની ઉત્પત્તિ ચૈતન્યના બહુમાનથી છે.
ચૈતન્યનું બહુમાન નવકારથી થાય છે,
તેથી તે ધર્મનું કારણ છે.

(૧૧) નવકારમંત્ર પાપનાશક અને મંગલનો ઉત્પાદક છે,
તેમાં કારણ ચૈતન્યનું બહુમાન અને જડનો અનાદર છે.
પંચપરમેષ્ઠિ - કે જેમના હૃદયમાં જડનો લેશ પણ આદર
રહ્યો નથી, તેમને નમવા - તેમના પ્રત્યે આદર કેળવવાથી
પાપનો નાશ થાય છે અને મંગલની ઉત્પત્તિ થાય છે.
નવકારથી જડનો અનાદર તથા ચૈતન્યનો આદર સિદ્ધ છે.
જડનો અનાદર પાપનાશક - ચૈતન્યનો આદર મંગલપ્રાપક છે.
નવકાર પાપની રુચિ અને પુણ્યની અરુચિ ટાળી આપે છે,
તેથી દુઃખનો નાશ અને સુખનો લાભ નિશ્ચિત બને છે.

(૯૨) ચૈતન્ય એ વિશ્વમાં સર્વશ્રેષ્ઠ તત્ત્વ છે.
નવકારમાં એ સર્વશ્રેષ્ઠ તત્ત્વને અનુકૂળ બનવાની ચેષ્ટા છે,
તેથી તે ભાવમંગળ છે.

સર્વ મંગળોનો નાયક છે. 'નાયક' એટલે એની ઉપસ્થિતિમાં
જ બાહ્ય ભાવમંગળો ભાવમંગળ બની રહે છે.

(૯૩) નવકારની મંગળમયતા ચૈતન્યના આદરમાં અને જડના અનાદરમાં રહેલી છે. જડની આસક્તિ ટાળવા માટે અને ચેતનનો પ્રેમ જગાડવા માટે નવકારનો અભ્યાસ આવશ્યક છે. નમસ્કાર સહિત જ બાહ્ય ભાવમંગળો ધર્મમંગળ બને છે.

(૯૪) ૐ હ્રીં અર્હં નમઃ । ના ધ્યાનમાં 'અર્હં' એ આત્માનું, 'ૐ' એ કર્મદાહનું તથા 'હ્રીં' અમૃતપ્લાવનનું પ્રતીક છે. કર્મદાહ = આત્યંતિક ક્લેશવિગમ. અમૃતપ્લાવન = પરમ આનંદની પ્રાપ્તિ. કુંડલરૂપી અગ્નિ કર્મને બાળે છે, એથી આત્મલાભ થાય છે, તે અમૃતપ્લાવન છે. વર્ણમાળા તે આત્માનું વાઙ્મય સ્વરૂપ - સરસ્વતી - અર્હં છે. કુંડલિની, સરસ્વતી અને અર્હં - ત્રણે ત્રણ બાવન વર્ણાત્મક છે. 'મંત્રો વર્ણાત્મક છે - વર્ણો શિવાત્મક છે' એ વાક્ય પણ તે જ અર્થને કહે છે. સરસ્વતી તે જિનશક્તિ છે. અર્હંમાં અ થી હ સુધીની જે વર્ણમાળા છે, તે જ સરસ્વતી છે.

अक्खरमाइ अयारं, हयारमंतवंजणं च माइए।
मज्झेवण्ण समुब्भवरयणत्तय भूसियं अरहं ॥१॥
रेफेण सहितं अर्हं इति सरस्वती।
सर=रेफेण सहितं, स्व=अर्हं, ती=इति। (परिशिष्ट-१४)

## પંચ યોગ

(૧) સ્થાનયોગ - દેહસંસ્થાદિ - કાયોત્સર્ગાદિ
(૨) વર્ણયોગ - નામજપાદિ - ક્રિયાના સૂત્રો
(3) અર્થયોગ - તત્ત્વચિન્તનાદિ - સૂત્રાર્થનું ભાન
(૪) આલંબનયોગ - ધ્યાનાદિ - પ્રતિમાદિનું ધ્યાન
(૫) અનાલંબનયોગ - સમતા, વૃત્તિસંક્ષય - નિર્વિકલ્પ સમાધિ.

અધ્યાત્મ - આત્મગત, મનોગત હોય છે.
જપ, ઔચિત્યાલોચન, મૈત્ર્યાદિભાવનાઓ તથા
આત્મસંપ્રેક્ષણ વગેરે અધ્યાત્મ કહેવાય છે.

o આયુષ્ય તથા કર્મોદય મુજબ થતાં ઉપદ્રવોનો ભરોસો ન હોવાથી શાસ્ત્રોમાં કહ્યું છે કે ધર્મ સદાકાળ કરવો.

निर्विवेकतया बाल्यं कामोन्मादेन यौवनम्।
वृद्धत्वं विकलत्वेन सदा सोपद्रवं नृणाम् ॥ सूक्तिः

મનુષ્યની બાલ્ય, યુવા અને વૃદ્ધ -
એ ત્રણે અવસ્થાઓ ખરેખર ઉપદ્રવથી જ ભરેલી છે.

o પુણ્ય એ સુખ આપે છે. પુણ્યાનુબંધી પુણ્ય ઉત્તરોત્તર સુખ આપે અને ધર્મ ઉત્પન્ન કરાવે છે.

o જે ગુણ બીજાઓમાં સિદ્ધ થયો હોય,
તે ગુણી તે ગુણ માટે પુષ્ટાલંબન બને.

o વસ્તુતંત્ર, સ્વરૂપસત્ અને માર્ગરૂપતા - એ ત્રણ એકાર્થક છે. પુરુષતંત્ર, સાધનસત્ અને માર્ગદેશક - એ ત્રણ એકાર્થક છે. તેમાં reasoningની જરૂર છે. વસ્તુસત્ ભગવાન અને તેમના નામાદિ ૪ છે, તેમાં Faithની જરૂર છે. પુરુષ એ આરાધક અને તેની જે શુભચેષ્ટાઓ છે, તેમાં જીવના પ્રયત્નની મુખ્યતા છે.

'વત્થુસહાવો ધમ્મો |'

o 'માર્ગ' એટલે ન્યાય અથવા રત્નત્રયી.
તે માર્ગને ન છોડનારી 'માર્ગાનુસારી' કહેવાય છે.

જ્ઞાનમાર્ગ આત્મસ્વરૂપરૂપ,
ભક્તિમાર્ગ આત્મવિસર્જનરૂપ અને
કર્મમાર્ગ આત્મવિસ્તારરૂપ છે.

o 'કાર્યને પરતંત્ર કારણ હોય છે' એમ નિશ્ચય કહે છે.
'કારણને પરતંત્ર કાર્ય હોય છે' એમ વ્યવહાર કહે છે.
'કાર્ય-કારણ પરસ્પર સાપેક્ષ છે' એમ સિદ્ધાંત કહે છે.

## ચિન્તનના ચમકારા

(૧) જગતને દેહદૃષ્ટિથી નહિ, કિન્તુ દેવદૃષ્ટિથી જુઓ.
જગતને ભોગદૃષ્ટિથી નહિ પણ ભાગવતદૃષ્ટિથી જુઓ.

(૨) કોઈપણ જીવની આકૃતિ નહિ પણ કૃતિને જુઓ.
મનુષ્ય આકૃતિને જ્યારે પરમાત્મા કૃતિને જુએ છે.

(૩) 'રીતિ' એટલે ભેદબુદ્ધિ, 'અરીતિ' એટલે અભેદબુદ્ધિ.

(૪) સ્વરૂપચૈતન્ય અજ્ઞાનનિવારક નહિ, પણ બ્રહ્માકારવૃત્તિ અજ્ઞાન અને દુઃખનું નિવારણ કરે છે.
કેવળચૈતન્ય નહિ પણ વૃત્ત્યારૂઢ ચૈતન્ય અથવા બ્રહ્માકારવૃત્તિરૂપી ચૈતન્ય અજ્ઞાન અને દુઃખનું નાશક છે.

(૫) બ્રહ્મચર્યના પાલન વિના કોઈ મહાન થયા નહિ અને થવાના ય નહિ. સ્ત્રીના કેશ તથા મુખમાં કામ વસે છે, પગમાં નહિ, માટે કેશ - મુખ જોવા નહિ. લક્ષ્મણ કહે છે: કંકણ અને કુંડળને જાણતો નહિ, પણ નૂપુરને જાણું છું, કેમકે તેઓ રોજ સતી સીતાને પાદવંદન કરતા હતા.

(૬) પ્રત્યેક વસ્તુ ઉપર મૃત્યુની છાયા છે.
કીર્તિ, વિત્ત, પ્રેમ - એ સર્વે અશાશ્વત કહેવાયા છે.
સ્ત્રીદેહનું સૌંદર્ય અશાશ્વત પણ આત્મસૌંદર્ય શાશ્વત છે.
પારદૃષ્ટો મૂળભૂત ધ્રુવતત્ત્વને જુએ છે.

આશાબંધન એવા વિત્ત, પ્રેમ, સુત, દારા ઈત્યાદિ પાછળ એક
મહાન શક્તિ છે. તત્ત્વજ્ઞો એ આશાબંધન શક્તિને જાણી લે છે.
(૭) પત્ની પતિને પુત્ર માટે, પુત્ર પિતાને વારસાને માટે,
કન્યા પિતાને પતિ માટે, સાસરી જમાઈને કન્યા માટે તથા
શિષ્ય પોતાના ગુરૂને ચાટે છે, લાભને મેળવવા માટે.
(૮) ગણપતિના સ્વરૂપનો રહસ્યાર્થ આમ ઉકેલ છે કે:
ગણપતિ ગંભીર - સર્વસંગ્રાહી હોવાથી તેમનું પેટ મોટું છે,

તેઓ ધ્યાનસ્થ છે માટે તેઓની આંખો ઝીણી છે,

તેઓ માયારૂપી ઉંદર ઉપર સવાર છે,

માયાને આધીન તે નહિ, માયાથી દૂર પણ નહિ ભાગનાર,
પણ માયા ઉપર સવાર થનાર તેઓ ટાઢ સમ ધીર છે.

માયા ધીરપુરૂષની લાચારી કરે છે, પણ
માયાની લાચારી ધીરપુરૂષો કરતાં નથી.

<u>બ્રહ્મનું સ્વરૂપ</u>

નિર્ગુણં સગુણં 'જીવ' સંજ્ઞિતં જગદાત્મકં ।
એતચ્ચતુર્વિધં બ્રહ્મ શ્રીમદ્ભાગવતે સ્ફુટમ્ ॥૧॥

સમજૂતિ: સ્વરૂપથી નિર્ગુણ, માયાના યોગથી સગુણ, અવિદ્યાના કારણે પ્રતિબિંબરૂપે જીવ અને વિવર્તરૂપથી જગત છે. એ રીતે સગુણ, નિર્ગુણ, જીવ, જગત - બધું બ્રહ્મરૂપ છે.

બ્રહ્મ ચૈતન્યસ્વરૂપ છે. ચિદ્વસ્તુ સ્વરૂપથી અવ્યક્ત-અદૃશ્ય છે તથા પ્રકૃતિના સંબંધથી વ્યક્ત - દૃશ્ય થાય છે. વિશુદ્ધ સત્ત્વગુણના કારણે અવ્યક્ત સત્તાની વ્યક્તતા તે 'સ્થિતિ' છે. રજોગુણના કારણે બહુ રૂપવાળું થવું તે 'સૃષ્ટિ' અને તમોગુણના કારણે તિરોધાન તે 'સંહાર' છે.

'સૃષ્ટિ' એટલે અંતર્નિલીન પ્રકૃતિનું પ્રાકટ્ય.

નિર્મળ સત્ત્વગુણ ઉપર રજ અને તમગુણ
આકર્ષણ - વિકર્ષણરૂપથી, ઉન્મેષ - નિમેષરૂપથી તથા
સંકોચ - વિસ્તારરૂપથી વારંવાર ક્રીડા કરે છે.

બ્રહ્મના ૪ આકારરૂપ

(૧) શુદ્ધ સત્ત્વાવચ્છિન્ન ચૈતન્ય તે 'વિષ્ણુ' કહેવાય છે.
(૨) રજોમિશ્ર સત્ત્વાવચ્છિન્ન ચૈતન્ય તે 'બ્રહ્મા' કહેવાય છે.
(૩) તમોમિશ્ર સત્ત્વાવચ્છિન્ન ચૈતન્ય તે 'રુદ્ર' કહેવાય છે.
(૪) રજતમસમ મિશ્ર સત્ત્વાવચ્છિન્ન ચૈતન્ય 'પુરુષ' કહેવાય.

કાર્યાત્મક જગત પણ બ્રહ્મ છે.

બ્રહ્મ પોતે જ કાર્ય, કારણ અને નિમિત્તરૂપે પરિણમે છે.

નિરાકારદૃષ્ટિથી આકાર્ય કારણ નિમિત્ત છે.
આદિકર્તા કે ઉપાદાનકર્તા પુરુષ છે અને
નિમિત્તકર્તા એ બ્રહ્મા, વિષ્ણુ તથા રુદ્ર છે.

બિન્દુ = જ્ઞાન, શિવ = સમ્યક્ત્વ, કલા = ચારિત્ર.
અર્હં ત્રિગુણાત્મક છે તથા બિન્દુ - નિર્ગુણ પરકલા છે.

## ધ્યાનથી કૃતાર્થતા

મનુષ્યની બુદ્ધિ પ્રથમ સ્થૂલ અને પછીથી સૂક્ષ્મતમનો આશ્રય લઈને અર્થને સ્પર્શ કરે છે. તે માટે પહેલાં ત્રિગુણાત્મક ભગવત્સ્વરૂપમાં મનને સમાહિત કરીને સ્થિર કરી લેવું જોઈએ, પછી દ્વિગુણાત્મકરૂપમાં અને ત્યારબાદ શુદ્ધ સત્ત્વમયરૂપમાં તથા સાવ છેલ્લે નિર્ગુણ સૂક્ષ્મ કલારૂપમાં પ્રવિષ્ટ થઈ અંત્ય - નિરતિશય રૂપનું ધ્યાન કરતાં કરતાં સાધકે જીવનમાં કૃતાર્થ થવું જોઈએ.

## વિરાટરૂપ દર્શન એટલે શું?

૫ ભૂત, ૧૦ ઈંદ્રિયો, ૫ તન્માત્રાઓ, ૪ અંતઃકરણ, ૧ જીવ એમ સર્વે મળીને રચના દર્શન તે 'વિરાટરૂપ દર્શન' છે.

## અધર્મથી ધર્મ તરફ...

કૃષ્ણપરિણામ એ અધર્મ - શ્વેતપરિણામ એ ધર્મ છે.
શ્વેતપરિણામ પુણ્યસ્વરૂપ - કૃષ્ણપરિણામ પાપસ્વરૂપ છે.
જેમ ધર્મથી અધર્મ ઠેલાય અને પુણ્યથી પાપ જાય,
તે રીતે શ્વેતભાવથી કૃષ્ણભાવ જાય છે.
ધર્મનાં પ્રત્યેક અનુષ્ઠાન શ્વેતભાવને વિકસાવવાર્થે છે.

ધર્મનાં પ્રત્યેક અનુષ્ઠાન ક્લેશભાવને ટાળવા માટે છે.
તે અનુષ્ઠાન એ ફક્ત દ્રવ્યઅનુષ્ઠાન છે કે જેનાથી
ક્લેશ ટળે નહિ અને સ્નેહ જાગે નહિ.

પુદ્ગલનો સ્નેહ એ
જીવ ઉપરના સ્નેહનો પ્રતિબંધક સ્નેહભાવ છે,
તેથી પુદ્ગલની નિર્ગુણતા, નિઃસારતા અને નિઃસ્નેહતાને
ભાવીને તેનાથી નિઃસંગ બનવું જોઈએ.
જીવની સચેતના, ગુણમયતા અને સારભૂતતાને ચિંતવી
તેના ઉપર સ્નેહવાળા બનવું જોઈએ.
સ્નેહરાગ પુદ્ગલને આશ્રીને રહે છે, જ્યારે
સ્નેહભાવ જીવના જીવત્વને આશ્રીને રહે છે.
સ્નેહરાગ પાપસ્વરૂપ છે, માટે હેય છે.
સ્નેહભાવ પુણ્યસ્વરૂપ છે, માટે ઉપાદેય છે.
ઉપાદેયનું ઉપાદાન અને હેયનું હાન એ કર્તવ્ય છે.

°

Kingdom of God is within you.
A soul has in itself a capacity for
affection and love just
as naturally as it perceives,
understands and remembers.

आत्मभूपतिरयं सनातनः पीतमोहमदिराविमोहितः ।
किंकरस्य मनसोऽपि किंकरैः इंद्रियैरहह किंकरी कृतः ॥

અર્થ: શાશ્વત એવો આ આત્મા રૂપી રાજા અહાહા!
એની વાત છે કે મોહરૂપી મદિરા પીવાથી
મોહિત થયેલો સેવક એવા મનના પણ સેવકો એવા
ઇંદ્રિયો રૂપી સેવકો દ્વારા સેવક કરાયો છે.

o वंदामि महाभागं महामुणिं महायसं महावीरं

भागः किल अचिन्त्या शक्तिः ।
अथवा भजसेवायां इति भजनं भागः भक्तिः इत्यर्थः ।
महान् भागोऽस्य इति महाभागःविशेषभजनम् ।
अथवा महद्भिः इन्द्रादिभिः भागः भजनं सेवा इति ।

-विशे० गा - १०५४

અર્થ: મહાભાગ, મહામુનિ, મહાયશવાળા શ્રી મહાવીર
ભગવાનને હું વંદન કરું છું.
'ભાગ' એટલે અચિન્ત્ય શક્તિ કે ભક્તિ.
'મહાભાગ' એટલે વિશિષ્ટ ભક્તિ અથવા
ઘણા ઋદ્ધિવાળા ઇન્દ્રાદિ દ્વારા સેવાભક્તિ કરાયેલા.

o

man can find himself
and he can see himself as he is.

Imp ભક્ત ૯૦૦૦નો સ્વાધ્યાય કઈ રીતે?

નવકાર (૬૮), અર્હં સ્તુતિ (૧૦૦), સમતાધિકાર, મમતા ત્યાગ સ્વાધ્યાય, સામાયિકનો વિચાર, આશા - સમતા - દુર્લભતા, અમૃતવેલ, યોગમાર્તંડ, જ્ઞાનસાર (૨૭૨), નવપદ પ્રાકૃત (૧૮૦), નવપદ ગુજરાતી (૧૦૦), વીતરાગ સ્તોત્ર (૧૮૦), બાર ભાવના (૭૦), ચાર ભાવના (૩૦), ધર્મ માહાત્મ્ય (૮), ક્ષમાપના (૭૦) = ૧૨૫૦. એમાં નવકાર (૩૦૦૦), વર્ધમાન વિદ્યા (૧૦૦૦), લોગસ્સ (૨૦૦૦), નમુત્થુણં (૧૦૦૦), ઉવસગ્ગહરં (૭૫૦) ઉમેરતાં કુલ ૯૦૦૦ ગાથાનો સ્વાધ્યાય પૂર્ણ થાય.

Imp ૧ વર્ષમાં ૩૨ લાખનો સ્વાધ્યાય પૂર્ણ કરવા ભક્તની આરાધના નીચે મુજબ કરવી:

(૧) ૩૪૬ લોગસ્સ (૨૦૦૦) (૨) ૧૦૮ શક્રસ્તવ (૧૦૦૦)
(૩) ૩૦૦૦ નવકાર (૪) ૧૦૦૦ સૂરિમંત્ર
(૫) ૧૦૦૦ વર્ધમાન વિદ્યા (૬) ૨૦૦ સિદ્ધચક્ર
(૭) ૧૦૦ અર્હં (૮) ૨૦૦ ભાવના

૨૦૦૦ + ૧૦૦૦ + ૩૦૦૦ + ૧૦૦૦ + ૧૦૦૦ + ૨૦૦ + ૧૦૦ + ૨૦૦
= ૮૫૦૦નો કુલ સ્વાધ્યાય થશે.

૮૫૦૦ + ૫૦૦ = ૯૦૦૦ × ૩૦ (દિવસ) = ૨,૭૦,૦૦૦
= ૨,૭૦,૦૦૦ × ૧૨ (મહિના) = ૩૨ લાખ.

## નવકાર-મહામંત્ર-મહિમા અષ્ટક

જેનો મહાન મહિમા સઘળે ગવાય,
પુણ્યોદયે જન ભજે સહુ કષ્ટ જાય;
શ્રી કલ્પવૃક્ષ મનવાંછિત પુણ્યદાન,
મંત્રાધિરાજ ! પરમેષ્ઠિપદે પ્રધાન. ...(૧)

શ્રી શ્વેતવર્ણ અરિહંત સુ-રક્ત સિદ્ધ,
આચાર્ય પીત શુભ-વાચક નીલબદ્ધ;
શ્યામાંગ દિવ્ય મુનિજ અતિ પુણ્યનામ, મંત્રાધિરાજ ...(૨)

સમ્યક્ત્વ ભવ્યમય દર્શન જ્ઞાન આપી,
ચારિત્ર જ્ઞાનજનિત ભવદુઃખ કાપે;
ચારિત્રથી તપ મળે શુભ મુક્તિધામ, મંત્રાધિરાજ ...(૩)

ચક્રેશ્વરી વિમલદેવ કરે સહાય,
પુણ્ય રૂપામય સુદેવત્વ કદી પમાય;
સર્વોચ્ચ પંચપરમેષ્ઠિ પદે પ્રધાન, મંત્રાધિરાજ ...(૪)

સંગ્રામ-સાગરજલે વિપિને મુંઝાય,
આપત્તિ સિંહ-અતિ-વ્યાઘ્રતણા જણાય;
ત્યાં દિવ્ય મંત્ર અખૂટ કામ, મંત્રાધિરાજ ...(૫)

દારિદ્ર-રોગ-જનનાં સહુ કષ્ટ ટાળે,
સંપત્તિ-પુત્ર-વનિતા સુખમાર્ગે વાળે;
એવો મહાન નવકાર સુહર્ષધામ, મંત્રાધિરાજ ...(૬)

ક્ષપાલ - રાહુ મહુલા, ધરણેન્દ્ર આદિ,
પલ્લિપતિ આમર, જંગલ-શંગલાદિ;
પામ્યાં બધાં રટણથી શુચિસિદ્ધિ, મંત્રાધિરાજ ...(૭)
એવો મહાન શુચિમંત્ર મનુષ્ય પામે,
સંસારના ત્રિવિધ તાપ બધા વિરામે;
દેવેન્દ્ર, કિન્નર રટે મુખ આષ્ટયામ, મંત્રાધિરાજ ...(૮)

## જોગ એસા હોય

જુગત સે નર જાવે જોગી, મુગત સે પરમાણુ રે,
દયા ફૂલની પેર જાવા, નાભ ટે નિર્વાણ જ.
એદા એદા ગઢ મારા, ગગન સુધ બાંધ રે,
ત્રિકુટી સાંચે ત્રિકુટી પીએ, ત્રિકુટીમાં સમાય જ?
એદા ગઢ મારા ચક્કર લેદી, ગગન સુધ બાંધ રે,
સૂરતા સાંચે સુરતા પીએ, સૂનમાં સમાય જ.
શૂરા માથે પૂરા આવ્યા, આવ્યા લડાઈ માંહી રે,
લાબંદૂંદા ગોળા વરસે, રતનિયાં વૈરાગ જ.
તીન શોધ્યા, પાંચ બાંધ્યા, આઠ માંહેલો ગઢ રે...
આવો હંસા પીઓ પાણી, ત્રિવેણીના ઘાટ જ.
મેલ માયા, મેલ મમતા, મેલ ડારો દોય રે,
મછંદરનો ચેલો બોલ્યા, જોગ એસા હોય જ.

## આનંદઘનજી કૃત પદ

અવધૂ ક્યા સોવે તન મઠ મેં, જાગ વિલોકન ઘટ મેં. ...(૧)
તન મઠકી પરતીત ન કીજે, ઢહિ પરે એક પલ મેં;
હલચલ મેટ ખબર લે ઘટ કી, ચિન્હેં રમતા જલ મેં. ...(૨)
મઠ મેં પંચભૂત કા વાસા, સાસા ધૂત ખવીસા,
છિન છિન તોહી છલન કૂં ચાહે, સમજે ન બૌરા સીસા. ...(૩)
સિર પર પંચ વસે પરમેસર, ઘટ મેં સૂછમ બારી,
આપ અભ્યાસ લખે કોઈ વિરલા, નિરખે ધ્રૂકી તારી. ...(૪)
આશા મારી આસન ધર ઘટ મેં, અજપાજાપ જપાવે,
આનંદઘન ચેતનમય મૂરતિ, નાથ નિરંજન પાવે. ...(૫)

## गिरिराज स्तवनम् ।

स्वर्गादि सौख्य निःश्रेणिर्दुर्गत्योको दृढार्गल ।
चिरं जय! गिरीन्द्र! त्वं परमं पुण्यमंदिरम् ॥१॥
चिन्तामण्यादि वस्तूनि मनुज्यन्ति तवाश्रयम् ।
यदर्थं क्लिश्यते लोकैराराधनपरैश्चिरम् ॥२॥
प्रदेशे हि तवैकैकेऽनन्ताः सिद्धाः प्रतिष्ठिताः ।
न विद्यते परं त्वत्तः पुण्यक्षेत्रं त्रिविष्टपे ॥३॥
अस्तु वा प्रतिमा माऽस्तु केवलस्त्वं नगाधिप !
भिनत्स्येनांसि लोकानां दर्शनात् स्पर्शनादपि ॥४॥

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ -૧ (પૃષ્ઠ ૧૦)**
કેવળજ્ઞાન પામવા જ અષ્ટાપદની યાત્રા કરવા છતાં ય ગુરૂભક્તિથી કેવળજ્ઞાન રૂપી પ્રિયા પણ જેમણે દૂર કરી, એવા તે ગૌતમસ્વામીની હું સ્તુતિ કરું છું. રૂપ સમભાવથી, શૂરવીરતા ક્ષમાથી, સ્વામીત્વ કૃતજ્ઞતાથી અને જ્ઞાન ગંભીરવાણીથી શોભે છે.

**પરિશિષ્ટ -૨ (પૃષ્ઠ ૧૩)**
જ્યાં સદાચારી, જ્ઞાની, ચારિત્રાચારથી યુકત ઘણા સાધર્મિકો રહેલા હોય, તેને 'આયતન' જાણવું અર્થાત્ તે સ્થાન વસવાટ કરવા યોગ્ય છે.

- આધ્યાત્મિક શિક્ષાયતન

**પરિશિષ્ટ -૩ (પૃષ્ઠ ૫૨)**
દ્રવ્ય, ગુણ અને પર્યાય વડે અરિહંતોને જે જાણે છે, તે આત્માને જાણે છે અને તેનો મોહ ખરેખર નાશ પામે છે. જેમણે એવા વિધાન વડે ખપાવી દીધા છે કર્માંશોને તથા સર્વે અરિહંતો તેવો ઉપદેશ કરીને નિર્વાણ પામ્યા છે, તેઓને નમસ્કાર થાઓ.

**પરિશિષ્ટ -૪ (પૃષ્ઠ ૭૬)**
કારણકે બધા જીવોને તેમની (સુસ્થિત મહારાજાની) આજ્ઞાના ઉલ્લંઘનથી દુઃખ અને આજ્ઞાપાલનથી સુખ પ્રાપ્ત થાય છે. (૧) ૩ ભુવનમાં અણુમાત્ર પણ શુભાશુભ એવું નથી કે જે કોઈપણ કાળે સુસ્થિત મહારાજાની આજ્ઞાથી નિરપેક્ષપણે થતું હોય. (૨) તેથી ઈચ્છા, રાગ, દ્વેષથી રહિત અને મોક્ષમાં રહેલા હોવા છતાં પણ તે રાજા બધા કાર્યોનાં પરમ કારણ જાણવા. (૩)

### પરિશિષ્ટ -૫ (પૃષ્ઠ ૮૯)
સંવિજ્ઞ-ગીતાર્થ મહાત્માએ અત્યંત કરૂણાથી લોકોને અને અગીતાર્થે મૌનપૂર્વક પહેલા પોતાના આત્માને બોધ પમાડવો જોઈએ.

### પરિશિષ્ટ -૬ (પૃષ્ઠ ૯૦)
કેવલ ગીતાર્થ કે સંવિજ્ઞ નહીં એવાને ઉપદેશ આપવાનો અધિકાર નથી, કારણકે પોતે અસંવિજ્ઞ હોવાથી બીજાને ઉપદેશ આપે, તો તેમાં કાર્યની સિદ્ધિ શું થાય? એ જ પ્રમાણે સંવિજ્ઞ એવા પણ અગીતાર્થને ઉપદેશાદિનો અધિકાર નથી, કારણકે અર્થ જાણતા ન હોવાથી ઘણા લોકોમાં ઉપદેશ આપતા અરિહંત ભગવંત આદિની આશાતના થવાનો પ્રસંગ આવે.

### પરિશિષ્ટ -૭ (પૃષ્ઠ ૯૦)
૩ લોકમાં નવકાર સિવાય સારભૂત અન્ય કોઈ મંત્ર નથી, તેથી તેને રોજ પરમ ભક્તિથી ગણવો જોઈએ. ભવસાગરમાં ડૂબતા જીવોને નમસ્કારરૂપી નાવ સિવાય અન્ય કોઈ રક્ષક નથી.

### પરિશિષ્ટ -૮ (પૃષ્ઠ ૯૬)
ક્ષણ કે લવમાં બોધ પામવાપૂર્વક, શ્રદ્ધા-સંવેગની સ્પર્શનાપૂર્વક તથા નિરીહ ચિત્ત વડે સર્વ જીવોને વિષે મૈત્રી કરવી જોઈએ. 'જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ - આ માર્ગ છે' એમ સર્વદર્શી એવા જીનેશ્વર ભગવંતે કહ્યું છે.

### પરિશિષ્ટ -૯ (પૃષ્ઠ ૧૦૬)
પ્રપત્તિ કે સ્વીકાર એટલે શ્રદ્ધા અને ભક્તિના પ્રકર્ષપૂર્વક શરણ સ્વીકારવું. સર્વભાવપૂર્વક પરમાત્માનું શરણ સ્વીકારવું એ સુખપૂર્વક માયાને તરવાનો ઉપાય છે. 'પ્રપત્તિ' એટલે યમ-નિયમાદિ પાળવા, તે પરમાત્માજ્ઞાનું પાલન છે.

**પરિશિષ્ટ -૧૦ (પૃષ્ઠ ૧૩૧)**
આમ ખેદ વિના મનનો નિરોધ કરવા રૂપ પરમ ધર્મમાં વર્તતા યોગી ઉપર ઈશ્વર પણ અનુગ્રહ કરે છે.

**પરિશિષ્ટ -૧૧ (પૃષ્ઠ ૧૭૫)**
વિષય અને ઈન્દ્રિયના સંયોગથી જે સુખ મળે છે, તે પ્રારંભમાં અમૃત જેવું પણ પરિણામે વિષતુલ્ય હોય છે, તેવા સુખને 'રાજસ' કહેલું છે.


**પરિશિષ્ટ -૧૨ (પૃષ્ઠ ૧૮૦)**
તારે કર્મ બાંધતી વખતે જ સ્વાધિનતા અધિકાર છે, તેના ફલમાં તો ક્યારેય નહીં. તું કર્મફળનું કારણ ન થા અને અકર્મમાં તારો સંગ ન થાઓ.

**પરિશિષ્ટ -૧૩ (પૃષ્ઠ ૧૮૬)**
સમાપત્તિ = ગ્રાહ્ય-ગ્રહણ-ગ્રહણ કરનાર ત્રણેની એકાકારતા, સમ્યક્ આપત્તિ = પ્રાપ્તિ.

**પરિશિષ્ટ -૧૪ (પૃષ્ઠ ૨૦૩)**
અક્ષરોમાં પહેલો 'અ'કાર છે અને વર્ણમાતૃકામાં છેલ્લો અક્ષર 'હ' છે. મધ્યવર્ણ સમુચ્ચયરત્ન તરીકે શોભતો 'ર્' = અર્હં છે. રેફ સહિત અહં (અર્હં) એ સરસ્વતી છે.





ઉપર દર્શાવેલ ૪ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૬૫ - ૧૯૬૬ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.










ॐ अर्हं नमः।
ॐ सिद्धं नमः।
ॐ ऐं नमः।

www.fiestadesigns.in